Chapter-3

## પ્રકરણ - ૩

## 'વીસમી સદી' : જનસમૂહ અને સાહિત્યજગત વચ્ચે સેતુ રચવાનો સંકલ્પ.

'સાક્ષરોની નજરે 'વીસમી સદી' કદાચ સર્વાંગશુધ્ધ માસિક નહીં ગણાય પરંતુ સાક્ષરો માટે તે પ્રવૃત્તિ હાથ ધરવાનો વિચાર જ સ્વ. હાજીને નહોતો. હાજીની નજર તો વિશાળ ગુજરાત પર હતી. ગુજરાતી ભાઈઓને વાંચનનો શોખ વધારે કેમ લગાડવો, ચિત્રકળાની અત્યારે ગુજરાતમાં કદર નથી તે કેમ વધારવી, જુવાન ચિત્રકારોને કેમ આકર્ષવા, રસભરી વાર્તા, મીઠી મજાકભર્યા લખાણો અને લોભામણાં ગીતો સાથે ચિત્રોની યોજના કરી ગુજરાતીઓને આનંદ લેતાં કેમ કરવા, ઘેર ઘેર, દુકાને દુકાને, અને રસ્તે ચૌટે પ્રસરી રહે એવું સ્વરૂપ એક માસિકને કેમ આપવું એવા એવા વિચાર જ સ્વ. હાજીનાં મગજમાં તરવરી રહયાં હતાં.

– હિંમતલાલ અંજારિયા (હાજી સ્મારક ગ્રંથ, પૃ. ૩૯)

●

'મેં જયારે પ્રથમ મુલાકાતે 'સદી'નાં એમના સાહસની પ્રશંસા કરવા માંડી ત્યારે તેઓએ કહયું : 'ભાઈ ! આ 'સદી' એ મારાં બે બચ્ચાંઓને કેળવણી આપવા જેટલું પણ મારી પાસે રહેવા દીધું નથી ! સાહિત્યસેવા માટે હું પોતે ફકીર થવા તૈયાર છું પણ મારા બાળકોની આ દશા મને સાલે છે.

ચાંપશી ઉદ્દેશી (હાજી સ્મારકગ્રંથ, પૃ. ૫૯)

## હાજી મહંમદ એક વિલક્ષણ, શક્તિમંત સંપાદક

હાજી મહંમદને કોઈએ સાક્ષાર કહયાં એટલે એમણે તરત જ કહ્યું : 'ના, જી હું જર્નલીસ્ટ છું.[૧] ગુણવત્તાના ઉચ્ચાગ્રહો સાથે સાહિત્યિક પત્રકારત્વના ક્ષેત્રે નવાં પ્રસ્થાનો કરનારા અને બીજી બાજુએ જનસમૂહની નાડ પારખવાની શક્તિ ધરાવતાં એવા તંત્રીઓમાં હાજી મહંમદ અને બચુભાઈ રાવત અવિસ્મરણીય રહેશે હાજી મહંમદ અલારખિયા શિવજી ( ૧૮૭૮ – ૧૯૨૧ ) નામના આ ખોજા ગૃહસ્થ ગુજરાતી સાહિત્યમાં માત્ર લેખક તરીકે જ રહયો હોત તો એમની સર્જનાત્મક શક્તિઓનો ગુજરાતને ભાગ્યે જ ખ્યાલ આવત પરંતુ પત્રકારત્વના ક્ષેત્રને પોતાનું જીવનધ્યેય માનનારા આ તંત્રી એ પંક્તિભોગ્ય એવાં ' વસંત ', 'સુંદરી સુબોધ' જેવાં સામયિકોની વચ્ચે વર્ષોથી સેવી રાખેલું સ્વપ્ન સિધ્ધ કરવાની મથામણ આદરી પોતાના અલભ્ય પુસ્તક ભંડારમાં કાતર અને ગુંદરથી એકઠી કરેલી દેશવિદેશની વિશાળ ચિત્રસામગ્રી અને લેખસામગ્રી આખરે તો એક સામયિક શરુ કરવાની ધૂનરૂપે જ સંઘરાયેલી હતી. ઓમર ખયામની રુબાઈઓની જુદી જુદી પ્રતોમાં છપાયેલાં ચિત્રો અને પાશ્ચાત્ય રસસામગ્રીના અનેક સંદર્ભોને સંઘરતા હાજીને જોઈને કૃ.મો. ઝવેરીને લાગેલું કે : ' આ માણસનું જીવન આજ વિષયમાં એટલું ઓતપ્રોત થઈ ગયું છે કે મોડું વહેલું પણ પોતે ગમે તેટલો ભોગ આપવો પડશે તો પણ એવું ચોપાનિયું કાઢયા વગર રહેશે નહિ અને બીજું એ કે ઓમર ખયામના જુદી જુદી પ્રતોમાં છપાયેલા દેશી-વિદેશી ચિત્રકારોના ચિત્રો જોઈ ચિત્રકળા સબંધે પોતે એટલો રસ લેતા થયા હતા કે ગુજરાતમાં અત્યારસુધી નહીં પ્રસિધ્ધ થયેલું એવું ચિત્રમય ચોપાનિયું પોતે પ્રકટ કરશે'.[૨]

સમયના એ પટ પર નજર નાખતાં સહેજે સમજાશે કે પંક્તિભોગ્ય શૈલીનાં સામયિકોએ પણ જનસમૂહની ખેવના મનમાં રાખી હતી. ' સુંદરી સુબોધ ', 'બુધ્ધિ પ્રકાશ' અને 'વસંત' પણ કંઈક અંશે પ્રજાસમસ્તને આવરે એ દિશાના ગતિશીલ પ્રયત્નો હાથ ધરતાં જણાય છે. ૧૯૧૩માં પ્રકટ થયેલા 'સાહિત્ય' સામયિક વિશે વિજયરાય અને બટુભાઈનું માસિક 'ચેતન' સરળતાપૂર્વક પક્ષાનું

૧.

વિધાન નોંધે છે ત્યારે 'સાહિત્ય' ના તંત્રી જવાબમાં લખે છે કે : 'ગુજરાતના ભણેલાગણેલા એક હજાર માણસોમાંથી નવસોનવ્વાણું માણસો આ સરળતાપૂર્વક પક્ષમાં છે'.[3] જો આમ જ હોય તો એ સ્પષ્ટ છે કે પાંડિત્યમોહ ધરાવતાં સામયિકોને અને લેખકોને ફેરવિચાર કરવાની એ ફરજ પાડે ! હાજી નિશંકપણે સંસારપંડિત હતા. જીવનના નિતનવીન ક્ષેત્રો અને જીવનની રસપૂર્ણતાને પાંડિત્યશૈલીમાં જ જોવા ટેવાઈ ગયેલા સાહિત્યકારો અને સાહિત્યથી વિમુખ થયેલી પ્રજાના મોટા વર્ગને પાશ્ચાત્ય દેશોમાં પ્રકટ થતાં સામયિકો જેવા કોઈ સામયિક પ્રત્યે દોરવાનો ઉદ્દેશ 'વીસમી સદી' માં જોઈ શકાય ! હાજીને અનુભવે સમજાયું હતું કે ઉત્તમ ચિત્રો વિનાનો કોઈપણ ઉત્તમલેખ શુષ્ક કે નિરસ થયા વિના રહેતો નથી. સત્વશીલ લેખની પ્રભાવકતા પ્રજા સમસ્તમાં પહોંચાડવા સાહિત્યની સાથે ચિત્રાત્મકતા હોવી જોઈએ, વળી એ ચિત્રાત્મકતા એ પ્રકારની હોવી જોઈએ કે મનોરંજક, ચિત્ત આકર્ષક ચિત્રોની અધિકતર સંખ્યાને કારણે કોઈપણ વ્યક્તિને પાનાં ઉથલાવીજોવાનું મન થાય અને પાનાં ફેરવતાં જ એ વાંચવાનું મન થાય એ સાથે કોઈપણ સામયિક એમની સામે પડેલા પ્રજાકીય જીવંત વ્યવહારો જેવા કે જ્ઞાતિ, ધર્મ, ધંધો અને સમાજવર્ગને ઉવેખીને ચાલી શકે નહીં એ વાતને હાજીએ બરાબર પચાવી હતી. ગંભીર વિષયો તરફ પ્રજાને દોરવા અને શિષ્ટ સાહિત્ય પ્રતિ અભિમુખ કરવાનો પહેલો ને સીધો રસ્તો તો મનરંજન કરી શકે એવા રસાળ વાંચન ધ્વારા પ્રજાને વાંચતી કરવાનો છે. ઉચ્ચ અને સાક્ષરવર્ગ માટે લખાતાં વિશિષ્ટસ્તરનાં લખાણો મુઠ્ઠીભર ગ્રાહકોની સંખ્યામાં વધુ ઉમેરો કયારેય ન કરી શકે એવો હાજીનો દ્રઢ અભિપ્રાય હતો. આકર્ષક અને રસાળ સામગ્રી આપવા પાછળ હાજીનો હેતુ 'સાહિત્ય અને લલિતકળા તરફ સામાન્ય જનસમાજની વાંચનનિષ્ઠાને કેળવવા માટે આ કિંડર ગાર્ડનની પધ્ધતિ જ સરસ છે.[4] એવો રહેલો જણાય છે.

એ રીતે હાજીની દ્રષ્ટિ વિશાળ ગુજરાતી વર્ગ પર ઠરેલી હતી. પ્રજાનો વાંચનશોખ કેળવાય, ચિત્રકળાના ઉત્તમ નમૂનાઓ પ્રકટ થાય, યુવાન ચિત્રકારો ગુજરાતમાં તૈયાર થાય, લોભામણાં ગીતો અને રસાળવાર્તાઓ, મજાકભર્યા

લખાણોની યોજના કરી ગુજરાતીઓને આનંદ લેતા કેમ કરવા ? ઘેરઘેર દુકાને દુકાને અને રસ્તે ચૌટે પ્રસરી રહે એવું સ્વરુપ એક માસિકને આપવાના વિચારો હાજીના મનમાં તરવરી રહયા હતા એ કારણે વાચકવર્ગને નજર સામે રાખવાનું '-સદી' નું વલણ એ સમયનું સૌથી વધુ ધ્યાનાર્હ પાસું છે. કેળવણી પામેલા વર્ગ ની વાચન જરુરિયાત અને અભિરુચિ વિકાસશીલ તબકકામાં હતી ત્યારે ઉત્તમને ઓળખી એ ઉત્તમને પ્રકટ કરવાનું '-સદી' એ સાહસ આરંભેલું.

સફળ સંપાદકમાં હોવા જોઈતા તમામ ગુણો હાજીની સહજ પ્રતિભા હતી. નરસિંહરાવ હાજીને 'જાદૂગર' ગણે છે. [૫] એ આ કારણે.નરસિંહરાવની અનેક પ્રવૃત્તિઓ વચ્ચે '-સદી' માટે લેખો મેળવવાની સતત માંગણી નરસિંહરાવ ને વખતોવખત નાનામોટા લેખો આપવાની ફરજ પાડે છે. 'વસંત' ને થતી નરસિંહરાવની અદેખાઈ પણ આ કારણે જ છે. એ સમયના સાક્ષરવર્ગ સામે હાજી ના વિચારોમાં મતભિન્નતા હતી તે છતાં દરેક સાક્ષરે ઓછામાં ઓછી એક વાર તો '-સદી' માં દર્શન દીધા જ છે એ તંત્રીની સર્વગ્રાહિતા અને સંપૂર્ણ પક્ષા નિર્લેપતાનું ચિહ્ન છે. વિજયરાય એટલે જ ન્હાનાલાલની પંકિતઓ યથાર્થ રીતે હાજી માટે પ્રયોજે છે કે '' કઈ કઈ વિધ્વાન મંડળીને

સાંકળતી તે મણિસાંકળ હતો'' [૬]

'-સદી' પંડિતયુગના પ્રતિભાવાન સર્જકો અને ગાંધીયુગના ઉછરતા લેખકોના સંગમસ્થાન સમુ બની રહયું હતું. ઉત્તમ લખાણો મેળવવાની તત્પરતા તથા એ માટે સર્જકો સાથે કામ પાડવાની અજબ આવડતે કંઈ કેટલાયે સર્જકોને '-સદી' માટે એમણે એટલા પ્રવૃત્ત કર્યા હતા કે ત્રણ મહિનાના અંકો સામગ્રીરૂપે અગાઉથી જ તૈયાર રહેતા ! નૃસિંહ વિભાકર હાજીની એ તત્પરતાને યોગ્ય રીતે જ આ શબ્દોમાં વ્યકત કરે છે : ''એકવાર તમારા પર હાજીએ નિશાન તાકયું પછી તમારો મગદૂર નહીં કે તમે છટકી જઈ શકો. તમારે ત્યાં હંમેશના બે ધકકા ખાઈને પણ તમારી પાસે લખાવશે. તમે માથેરાન જશો તો તારથી તમને યાદ આપશે. વિલાયત માટે વસ્તુ મેળવવાનું બહાનું કાઢશો તો એ વિલાયત ઉપર

ઢગલાબંધ સાહિત્ય આવી પડે એવી તજવીજ કરશે. લોઈડ જયોર્જ સબંધી લેખ લખવા આ રીતે થોકબંધ પુસ્તકો હાજીએ મોકલાવી આપેલાં અને બીજી વાર બ્રાયંડ સંબંધી સ્કેચ લખવાની મને ફરજ પાડી ! કોણ જાણે કયાંથી બ્રાયંડ સબંધી વાંચી ન શકાય એટલું સાહિત્ય મારા ઘરે ફેંકી ગયેલા !'' ૭. લેખ મેળવવા માટે લીધેલી આ મહેનતનું સુફળ માત્ર 'સદી' ના પક્ષે જ નહીં પણ લેખકોના પક્ષે પણ રહ્યું છે એ વાત અનેક લેખકોને સ્વીકારી છે. ધાર્યા કરતા મોડાં આવતાં લેખો વારંવારનો પ્રેમાળ આગ્રહભરી ઉઘરાણીથી સર્જકને પ્રવૃત્ત થવાની ફરજ પાડતા ! ચંદ્રશંકર બૂચે પણ નોંધ્યુ છે કે : ''એકવાર મ્હારાથી સમયસર લખાણ પહોંચાડાયું નહીં એટલામાં વળી અઠવાડિયું રજા હોવાથી હું ખંડાલે ગયો. એને બીજે કે ત્રીજે દહાડે મુંબઈથી હાજી તાર પર તાર છોડવા લાગ્યા. જે વાત પત્રથી એટલા જ વખતમાં અને ૧/૪૮ જેટલા ખર્ચે થઈ શકે તેને માટે આ ચીવટ જોઈ અલબત્ત મ્હારે મુંબઈ આવી પહોંચ્યા સિવાય છૂટકો જ નહોતો''. ૮. સામયિક પ્રત્યેના અજબ વ્રતે રંગાયેલા હાજી માત્ર નરસિંહરાવ જેવા ઉત્તમ સર્જક પરત્વે જ તત્પરતા દર્શાવતા એમ નહીં. મસ્તફકીર જેવા સાવ અજાણ્યાં સર્જક એકવાર ગોર્કીનો અનુવાદ લઈ હાજી પાસે ગયેલા ત્યારે હાજી એ મસ્તફકીરનો ખભો થાબડેલો અને એક જ સપ્તાહમાં લેખકના ઘરે જઈ તેમને કહ્યું : ''તમારામાં શું છે તે હું જાણું છું તમે ઘણું સારું લખી શકો છો. તમારા માં આવેગ છે રમૂજનો ટૂચકો છે મને કાલે જરુર મળજો. હું તમને કેટલીક બાબતો આપીશ'' ૯. હાજીના આ પ્રોત્સાહને પારસી દૈનિકોના ઢસરડા વચ્ચે ફસાયેલાં મસ્તફકીરને ગુજરાતમાં જાણીતા કર્યા. સર્જકની આંતરશકિતને જાણી જનારા આ તંત્રીએ ખેવના અને નિષ્ઠાથી પત્રકારત્વનો ઈતિહાસ રચી આપવામાં બહુમૂલ્ય પ્રદાન કર્યું છે. નવીન અને અજ્ઞાત લેખકો હાજીના હાથે નવદીક્ષા પામ્યાં. સમભાવપૂર્ણ વ્યકિતત્વને કારણે યુવાન લેખકોના ઉત્સાહને ઓળખવા માટે હાજી સતત તત્પર રહેલા જણાય છે. વિજયરાયે પ્રકટ કરેલો મત હાજીની સંપાદન નિષ્ઠાને સર્વોત્તમ અંજલિ છે. 'મારા નકારાયેલા, નબળા લેખ તેઓ પાછા આપતા ત્યારે મને ઓછું ન આવતું તેવા લેખના લેખક જોડે કેટલાક સંપાદકો

પીડા પતાવતા હોય છે. મિ. હાજી નિરંતર ખુલાસો કરતાં, કારણો સમજાવતાં અને ભવિષ્ય માટે ઉપયોગી સૂચનાઓ પણ કરતાં. આ કારણથી કેટલીકવાર તો એમ પણ લાગતું કે બીજા તંત્રીઓને હાથે આપણાં લેખ છપાવવા તે કરતાં મિ.હાજીને હાથે પાછા લેવામાં વધારે માન છે.''૧૦.

પત્રકારની નિષ્ઠા ::-

સાહિત્યની સાથોસાથ વાચકને અચંબામાં મૂકી દે, હેરત પમાડે એવી જાણકારી આપવામાં હાજીને રસ પડતો હતો. સામગ્રીની શોધમાં રહેલો નિતાંત રસ એમને પત્રકાર તરીકે સ્થાપી આપે છે. દેશ પરદેશની ખ્યાત વ્યક્તિઓ મુંબઈ આવેલી હોય ત્યારે એમની મુલાકાત માગીને ગમે તે સમયે - સ્થળે મળીને એમની વિગતોને સ્થાન આપવાની દોડધામ '-સદી' ને આકર્ષક બનાવવામાં ફાળો આપતી. રવીન્દ્રનાથ મુલાકાત માટે સમય ફાળવી ન શકે તો છેવટે એમની તસવીર મેળવવામાંય દિવસ આખાની દોડધામ એમણે કરી છે. પંડિત મદનમોહન માલવિયા, દાદાભાઈ નવરોજી, ફિરોજશા મહેતા, લાલા લજપતરાય, ચિમનલાલ સેતલવાડ, જગદીશચંદ્ર બોઝ કે 'બોમ્બે ક્રોનિકલ' ના તંત્રી બેન્જામિન હોર્નિમેનના લેખો મેળવવા, તસવીરો તૈયાર કરવામાં ઘડિયાળના કાંટા સામે તેમણે કદી જોયું નથી. નવું નવું શોધ્યા કરવાની આ અખૂટ વિસ્મયવૃત્તિ '-સદી' ના આકર્ષણનો મુખ્ય સૂર છે. હાજીના તારોતાર '-સદી' સાથે કેવા વણાઈ ગયા હતા એનું સ-રસ ચિત્ર મસ્તફકીરની એક નોંધ આ રીતે ઉભું કરી આપે છે : ''વીસમી સદીની ઓફીસ ખ્વાજાગલીમાં,(જ્યાં હાજી રહેતા હતા) છપાય કોટમાં ને પૂંઠા ભાયખલે તૈયાર થાય ! આ બધા પર ધ્યાન રાખવા માટે મિયાંને ચારે તરફ દોડાદોડી કરવી પડતી. અધૂરામાં પેદરરોડના આલીશાન બંગલાની મોજમાં ઉછરેલા એ ગર્ભશ્રીમંત યુવાનને મજૂરની પેઠે દોડધામ અને ધમાલ કરવી પડતી. નવા આવેલા લેખો તો ઘણે ભાગે ટ્રામમાં જ સુધારાતા. 'વીસમી સદી' ના ટેબલ પર બેસી અધિપતિનું કામ

એજ કરે અને ફોટોગ્રાફરને ત્યાં જઈ ઉઘરાણી પણ એજ કરે. બ્લોકમેકરને ત્યાં પણ પોતે જ દોડે અને કાગળ કે શાહીની ખરીદી પણ જાતે જ કરી લાવે કંપોઝિટરના ટેબલ પર બેસી પ્રુફ પણ પોતે જ તપાસે અને પ્રેસમાં વખતે અધવચ મેટર ખુટતું હોય અને કાગળ વધી પડતો હોય તો ત્યાં ઉભા કે કંપોઝિટરના ઉંચા સ્ટૂલ ઉપર ચડી બેસી એકાદ નવા લેખનો તરજૂમો પણ એજ કરી નાંખે''.[૧૧]

(થરો) Thorough

કૃ.મો. ઝવેરીના મતે હાજીનો મુદ્દાલેખ^રહ્યો હતો.[૧૨] એટલે સામયિકના વિષયવસ્તુ સંદર્ભે જે કામ હાથમાં લે તેની દરેક બાજુ સંપુર્ણ રીતે શોભાવવાનો પ્રયાસ હાજીએ કર્યો છે. આવો પ્રયાસ લગભગ તમામ સામયિકોના તંત્રીઓ ધ્વારા થતો જ હોય છે પણ હાજીની સંપાદનનિષ્ઠા બાબતે મસ્તફકોરની નોંધમાંથી એક બીજી રોચક વિગત પ્રાપ્ત થાય છે કે : 'સદી' માં પ્રકાશિત અનુવાદ, લેખો, વાર્તાઓ - પુસ્તકોમાંથી કરેલા નથી પરંતુ મૂળ લેખકના મોઢેથી સાંભળીને અનુવાદની વર્કશોપ થયેલી છે. વિશ્વંભરનાથ જજ્જા હાજીની મંડળીમાં હિંદી વાર્તા બોલતા જાય અને હાજી તેનો પરબારો અનુવાદ ગુજરાતીમાં ઝપાટાબંધ લખતા જાય. હરિશચંદ્ર તાલયેકર અમેરિકા જઈ આવ્યા તો ત્યાંની નવીન સંસ્થાઓ અને બાબતોનો અહેવાલ 'સદી' માં કેવી રીતે આવ્યો તે જાણવું રસપ્રદ છે. મરાઠી માસિક માટે એકબાજુ તાલયેરકર સાહેબ મોઢેથી બોલી મરાઠીમાં લખાવતા જાય અને બીજી બાજુ હાજી 'સદી' માટે તેનો ગુજરાતી અનુવાદ સાથોસાથ જ સાંભળીને કરતાં જાય''[૧૩] સાંભળેલી વાર્તાનો ઉતારો કરી તેની પ્રસિધ્ધિ અગાઉ હાજીના હાથે લાંબો સમય છેક ભૂંસનું^લેતુ હશે નહી તો વિશ્વંભરનાથ કે તાલયેરકર ગુજરાતી ભાવકો વચ્ચે આટલા પ્રસિધ્ધ ભાગ્યે જ થયા હોત !

લેસન

## ० પાશ્ચાત્ય પત્રકારત્વની રીતિનીતિનો હાજી પર પ્રભાવ :

સામયિક તંત્ર બાબતે આદર્શ સ્થિતિ રચવાની હાજીએ મહત્વાકાંક્ષા સેવેલી એ કારણે 'સદી' ના નિયમિત લેખકોને પુરસ્કાર આપવાની યોજના

એમણે દાખલ કરેલી. પુરસ્કાર આપવાની શક્તિ જ્યારે હાજીમાં ન રહી ત્યારે પણ કોઈ ને કોઈ અવસરે ભેટ સોગાદો આપીને લેખકોનું ઋણ ઉતારવાનો એમણે નમ્ર પ્રયત્ન કર્યો છે. ઈંગ્લેન્ડ, અમેરિકા જેવા દેશોમાં મળતા પુરસ્કારના ધોરણોથી જ્ઞાત હાજીને હંમેશા ગુજરાતી સર્જકોની કદર કરવાની શુભેચ્છા રહી. ચાંપશી ઉદ્દેશીને હાજી એક પ્રસંગે કહેતા જણાય છે : ''મલયાનિલ' ની 'ગોવાલણી' વાર્તા તમને કેવી લાગે છે ? જો મારી પાસે ધન હોત તો એ ટૂંકીવાર્તા લખવા બદલ હું એ ભાઈને એકસો રુપિયા આપત.''[૧૪] જે સમયે મોટા ભાગનાં સામયિકોમાં પુરસ્કારનું વલણ ભાગ્યે જ સ્વીકાર્ય હતુ અને આજે પણ સ્થિતિ ખાસ જુદી નથી ત્યારે હાજી પુરસ્કારની નીતિ અંગે સ્પષ્ટ અભિગમ ધરાવે છે એમાં એક બાજુએ સર્જક પાસેથી કશું યે મફત ન પડાવી લેવાની વૃત્તિ સાથે ઉત્તમ સર્જનને પ્રમાણવાની ખેવના પણ જોઈ શકાય છે. હાજી આ કારણે સતત કહેતા રહેલા કે : 'મારે ગુજરાતમાં બર્નાડ શો, એચ.જી. વેલ્સ કે જી. કે. ચેસ્ટર્ટન ઉત્પન્ન કરવા છે.''[૧૫]

ચન્દ્રશંકર બૂચે નોંધ્યુ છે એમ હાજીના મનમાં એવો વિચાર પણ રમી રહ્યો હતો કે ગમે તે લેખકોના ગમે એવા લેખો અવકાશે આવે એમના પર આધારે રાખવાને બદલે 'સદી' નો એક ખાસ સ્ટાફ (લેખકવર્તુળ) રાખવો અને જેમ બને તેમ 'ફ્રી લાન્સ' ની કૃતિઓ ઓછી લેવા ઉપરાંત દર પખવાડિયે એકવાર આ સ્ટાફનો થોડે અંશે 'પ્રોફેશનલ' અને થોડે અંશે 'સોશ્યલ' એવો મેળાવડો કરવો જ્યાં 'આવતા અંક' માટેની સર્વ ચર્ચા થાય અને પરસ્પરની ચર્ચા - વિચારણા ધ્વારા સૌ કોઈ જુદીજુદી ભૂમિકા 'સદી' માટે રચી આપે'[૧૬] આ પ્રકારનું કોઈ નકકર આયોજન હાજીનું માત્ર સ્વપ્ન જ બનીને રહ્યું જે મુનશી 'ગુજરાત' માટે 'સાહિત્યસંસદ' રચીને કંઈક અંશે પાર પાડી શકયા.

પત્રકારત્વના ક્ષેત્રની આપસૂઝ અને પાશ્ચાત્ય દેશોના અનેક સામયિકો ના પ્રત્યક્ષ પરિચયમાં આવનારા, એ ક્ષેત્રની નાની મોટી ખૂબીઓ જાણનારા

હાજી દેશ-વિદેશના પત્રકારત્વ વિશે એટલી માહિતી ધરાવતા હતા કે ભાગ્યે જ કોઈ હિંદીને આટલી માહિતી એ સમયે હતી. એ કારણે 'બોમ્બે ક્રોનિકલ'ના સાહસિક તંત્રી બી.જી. હોર્નિમેન મુંબઈ આવ્યા ત્યારે લેખ મેળવવા, પ્રશ્નોત્તરીની નકલ મેળવવા અને ઢગલાબંધ તસવીરો તૈયાર કરવા હાજીએ સખત પરિશ્રમ કર્યો છે. લોર્ડ નોર્થ ક્લિફ વિશેનો લેખ 'સદી' માં જોવા મળે એ પણ આ પત્રકારત્વ ક્ષેત્રના નિતાંત રસને કારણે. ચિત્રો, ડિઝાઈન અને અવનવી રંગપૂરણીથી સજ્જ એવાં પાશ્ચાત્ય સામયિકો કિંમતની પરવા કર્યા વિના હાજીએ સતત ખરીદ્યાં છે એ પણ આ ક્ષેત્રમાંથી નવું નવું શોધ્યા કરવાની, પામવાની રસવૃત્તિથી.

હાજીએ 'સદી' અગાઉ 'ગુલશન' નામનું જ્ઞાતિ માસિક એક વર્ષ સુધી ચલાવેલું તેમાં એમણે મહાત્મા શેખ સાદીના અમૂલ્ય નીતિગ્રંથ 'ગુલિસ્તા' નું ભાષાંતર અને બીજા કેટલાક અનુવાદો પ્રકટ કરેલા. મરાઠી માસિક 'મનોરંજન' જ્યારે આરંભ દશામાં હતુ ત્યારે તેમાં પ્રકટ કરવાનાં લખાણો ચિત્રો વગેરેની પસંદગી માટે 'મનોરંજન' નું તંત્રીમંડળ હાજીની સલાહ લેવા ઘણીયે વાર હાજીના ઘરમાં બેસતું. આ માસિકોના તંત્રમાંથી પસાર થતાં હાજીના મનમાં કંઈક એવી યોજના આકાર લઈ રહી હતી કે મરાઠી 'મનોરંજન', હિંદી 'સરસ્વતી' એક ગુજરાતી અને એક અંગ્રેજી એમ ચાર માસિકો સાથે ભેળવી એક સિન્ડિકેટના હાથમાં મૂકવાં અને એ ચારેય એક જ વખતે ને એક જ રંગે (માત્ર જુદી જુદી ભાષાંમાં) પ્રકટ થાય તેમાંના લેખો અને લેખકો ચિત્રો અને ચિત્રકારો સમસ્ત ભારતના હોઈ શકે અને સમસ્ત ભારતમાં તે પહોંચે. હાજી અંગ્રેજી માસિક 'નેશ' ના જબરા ચાહક હતા. આ પ્રકારના સામયિકને ગુજરાતી ભાષામાં શરુ કરવાની આકાંક્ષા હાજીએ સંભવત: મસ્તરામ પંડયાને લખેલા એક પત્રમાં પણ વ્યકત થઈ છે. હાજી પાસે 'રીવ્યુ ઓફ રીવ્યુઝ' ની તમામ ફાઈલો હતી. એ સામયિકના પ્રભાવ તળે આવીને હાજી લખે છે કે : ''હું બાર વર્ષનો હતો ત્યારથી એના અંકો મ્હોડે થઈ ગયા છે તેના જેવું એક જુદું જ ઉત્તમ માસિક લડાઈ પછી કાગળ સસ્તા થતાં કાઢવાનો વિચાર મનમાં દરરોજ દ્દઢ થતો જાય છે. હાલ જાહેર

કરતાં ગાંડામાં ખપાય તેથી હું શાંત ફરુ છું''[૧૭] પાશ્ચાત્ય સામયિકોના કોઈને કોઈ અંશોનો પ્રભાવ સ્વીકારીને 'સદી' ૧૯૧૬ માં આરંભાયુ ત્યારે એ 'નેશ' કે 'રિવ્યુ ઓફ રિવ્યુઝ' નું સીધું અનુકરણ માત્ર ન હતું. પરંતુ એમાંના કેટલાક અંશોને પ્રયોજવાની હાજીની મથામણ તો નજરે ચઢે છે. આ તમામ વિગતોમાંથી એટલું તો જરુર સ્પષ્ટ થાય છે કે હાજીનું નિશાન ઉંચું હતુ. માત્ર ગુજરાતને જ નહીં પણ સમગ્ર ભારતને રસ અને કળા પ્રત્યે અભિમુખ કરવાની એમની મહત્વાકાંક્ષા, સ્વપ્નો જરુર હતા પરંતુ એમનાથી આ સ્વપ્નો સાકાર કરી શકે એવું નકકર આયોજન કરવું શકય ન હતું 'સદી' ની સફળતાના પગલે તેઓ 'સદી' ની હિન્દી અને મરાઠી આવૃત્તિઓ પ્રકાશિત કરવાનો ઈરાદો સેવતા હતા. એ દિશામાં એમણે પ્રયત્ન પણ કરવા માંડેલા પરંતુ હાજીનું અકાળે થયેલું અવસાન આ બધી શકયતાઓ પર પૂર્ણવિરામ મૂકી દે છે. એમના મૃત્યુ સમયે 'સદી' આર્થિકપક્ષે ખુવાર થઈ ગયેલું. જુદીજુદી ભાષામાં આવૃત્તિઓ પ્રકટ કરવાનો હાજીનો ઉદ્દેશ સફળ થયો હોત તો એ પ્રકાશનો આપણા પત્રકારત્વ ઉપર પ્રભાવક પરિબળ નીવડી શકયા હોત. હાજીએ પણ નોંધ્યું છે કે : ''ફાઈનાન્શીયલ મૂંઝવણ ન હતે તો હું આજે દરેક વસ્તુ મહાત કરતે'[૧૮]. એ કઠોર વાસ્તવિકતા સ્વીકાર્યા પછી પણ 'સદી' ના રંગને જાળવવાનું અને પોષવાનું સાહસ હાજીએ વણથંભ્યુ ચલાવ્યુ. 'સદી' ના અર્થતંત્રથી પુરેપુરા જ્ઞાત એવા હાજીને 'કોઈ તો માર્ગ નીકળશે' ની અંતર માં શ્રધ્ધા હતી. જીવનના કોઈપણ ક્ષેત્રમાં હાર માનવાનો એમની તૈયારી નહોતી. આ કારણે હાજી પરિસ્થિતિ સામે સતત ઝઝૂમતા રહયા અને એનું મોટું મૂલ્ય ચૂકવવાનો સમય આવી પડયો ત્યારે પણ એ કળાફકીરે ખુમારી દાખવીને પોતાના સ્વપ્નોની સિધ્ધિ અર્થે મથામણ ચાલુ રાખેલી. ફુરસદના સમયે પ્રજાને કળા પ્રત્યે આકર્ષિત કરવા હાજી આતુર હતા. લોકોને જે ગમે છે તેને મર્યાદિતરૂપે આપવાનો એમનો વિચાર 'સદી' માં વ્યકત થયા કર્યો છે. જુગતરામ દવેના મતે હાજીની અભિરુચિ રોમેન્ટીક કળા તરફ વધારે

નમતી હતી. આ અભિરુચિ જો વધારે ઉંચા દરજ્જાની હોત તો તેમણે 'સદી' માં આપણને એકવીસમી સદીનાં દર્શન કરાવ્યાં હોત.[૧૯]

'સદી' નો પર્યાય બની જનારા હાજીની સંપાદન નિષ્ઠામાંથી પ્રકટેલી સામયિકની સચિત્રતા, વસ્તુવિષય બાબતે અને સમસામયિકમાં અલગ ભાત રચી આપતા 'સદી' ના કલાવિધાનને અવલોકીએ છીએ ત્યારે ટાંચા સાધનોની વચ્ચે પણ 'સદી' એ કરેલા નવપ્રસ્થાનો અને પત્રકારત્વક્ષેત્રના ઉંચા પ્રદાનો આપણી સામે સતત તરવરી રહે છે. એ વિગતોમાં ઊંડા ઉતરીએ.

o 'સદી' નું પ્રસ્થાન – ઉદ્દેશ.

ઈ.સ. ૧૯૧૬ ના એપ્રિલમાં 'સદી' આરંભાયુ. 'સદી' ને પ્રકાશિત કરવાનો ઉત્સાહ જ એટલો અદમ્ય હતો કે એપ્રિલનો અંક માર્ચમાં જ પ્રકટ થઈ ગયેલો ! સર્જનક્ષેત્રની નવી આબોહવાના ચમકારા એમના પ્રથમ અંકમાંથી જ જોવા મળે છે. લોકભોગ્ય સરળતાને ઉપાસવાનું, પાંડિત્યના અસહ્ય બોજા તળે ફસાયેલા પત્રકારત્વને પલટાવવાનો પુરુષાર્થ અહીં જોઈ શકાય. સમૃધ્ધ સાહિત્યને આંખમાં વસી જાય એવી વિવિધ તરાહોમાં મૂકવા હાજી શરુઆતથી જ કમરકસે છે. 'સદી' ના પ્રથમ અંકથી મુખપૃષ્ઠ પર અંકની પૃષ્ઠ સંખ્યા અને ચિત્રો બાબતે નોંધ મુકાતી. ૮૦ પૃષ્ઠોના આ પ્રથમ અંકમાં ન્હાનાલાલ, સાગર, દિવાનાની કાવ્યરચનાઓ, રેડિયમ ઉપરનો કાન્તિલાલ પંડયાનો વિજ્ઞાન લેખ, 'કોકેન' પરનો અભ્યાસ લેખ નારાયણ ઠકકુર ધ્વારા પ્રાપ્ત થાય છે. રંગભૂમિ માટે લખાતાં નાટકોનો સમીક્ષારૂપ લેખ 'આજના નાટકો' મનસુખલાલ માસ્તરે લખ્યો છે. 'હિંદના ચિત્રકારો' જેવી લેખમાળામાં એ સમયના જુદાજુદા ચિત્રકારોના કલાવિધાનને તપાસવાનો તુલનાત્મક અભ્યાસ 'સદી' ની નવી દ્રષ્ટિનો પરિચય કરાવી રહે છે. અહીં ચરિત્ર લેખ, હાજી ધ્વારા અનુવાદિત ધારાવાહી વાર્તા, એક ટૂંકીવાર્તા, ઉધ્ધૈવજી તુલસીદાસનો 'ફળ અને વનસ્પતિનો ઔષધ તરીકેનો ઉપયોગ' તેમજ તંદુરસ્તી પર હિંમતલાલ અંજારિયાનો અનુવાદિત લેખ,

શાયરી, દોહરાઓ, સ્કેચ જેવા લખાણો પરથી 'સદી' ની મુદ્રા સમકાલીન સામયિકો કરતાં અલગ તરી આવે છે. તાજપના આ નવા સૂરને વ્યકત કરવાની ઝંખના હાજીના 'પહેલી પીછાણ' લેખમાંથી પણ વ્યકત થતી જોઈ શકાય છે. 'સદી' ના પ્રકાશન પાછળ હાજીનો ઉછળતો ઉત્સાહ શ્રીધરાણીની કાવ્યપંકિત 'સહસ્ત્ર શત ઘોડલા અગમ પ્રાંતથી નીકળ્યા' નું સ્મરણ કરાવે એવો છે. હાજીના જ આ શબ્દો જુઓ ''ગુજરાતની પ્રજા સમક્ષ તે સદીનું દર્શન કરાવવું એ મોટી વાત છે. પણ કારીગરની કારીગરી, ઉમંગીનો આવેશ અને ભકતની ભકિત દાબ્યા દબાતા નથી - છુપાવ્યા છુપાતાં નથી અને કંઈક તેવા જ કારણોનું પરિણામ ''વીસમી સદી' છે.[20]

'સદી' ની લાક્ષણિકતા જે બે છેડાઓ પર ઊભેલી છે તેને વ્યકત કરતાં હાજી લખે છે કે : 'સાહિત્ય અને કળાના અપ્રતિમ યોગ એ 'વીસમી સદી' નું ખાસ લક્ષણ છે. સત્ય, ન્યાય, સૌંદર્ય, શૌર્ય, સ્વતંત્રતા, બંધુત્વ, ઉદારતા, ધર્મ, જિજ્ઞાસા અને સર્વવ્યાપક જ્ઞાનપ્રસાર એ સર્વ તેનાં હથિયારો છે અને તેનો સતત ઉપયોગ એજ એનો આદેશ છે. એ આદેશને મૂર્તિમંત કરવો એ અમારું કર્તવ્ય છે અને તેને સ્વરુપ આપવામાં કંઈપણ ઊણપ હોય તો કવિની પેઠે અમે પણ કહીએ છીએ કે : ''અમારા ભાવ અધૂરા નથી. અમારાં સાધનો અધૂરા છે છતાંયે એટલું તો કહીશું કે પ્રચલિત સમકાલીન સાહિત્યમાં 'વીસમી સદી' કંઈક ઓર ભાગ ભજવશે પણ એનો સર્વનો આધાર ગુજરાતની પ્રજા પર છે. માત્ર વિધ્વાનો ને માટે નહીં, માત્ર સાક્ષરોને માટે નહીં પણ સમગ્ર પ્રજાને માટે આ નવું સાહસ છે'[21]. હાજી આ પ્રકાશનને યોગ્ય રીતે જ એક સાહસ તરીકે મૂલવે છે એથી હૃદયના ભાવને મૂર્તિમંત્ર કરવામાં સફળ થવાનો સમગ્ર આધાર એ ગ્રાહક-બુધ્ધિ પર મૂકે છે. હાજી ઈંગ્લેન્ડ, ફ્રાંસ કે અમેરિકામાં સામયિકને મળતા પ્રોત્સાહક પરિબળોની જેવો મોટો મદાર ગુજરાતી પ્રજા પર બાંધતા નથી પરંતુ તેઓ એટલું તો ચોકકસ લખે છે કે : ''બંગાળ અને મહારાષ્ટ્રના ઊંચી

પ્રતિના માસિકને જે ઉત્તેજન મળ્યું છે તેમાંનું કંઈક પણ 'વીસમી સદી' ને મળશે તો જ દિવસે દિવસે તેની ખૂબીઓ વિશેષ ખીલશે.''૨૨. હાજી આ કલાકીય પ્રવૃત્તિનો એક શુભાશય એ પણ જૂએ છે કે પારસી, ગુજરાતી, મુસલમાની, ગુજરાતી અને હિંદુ - ગુજરાતીના ઝઘડા ઓછા થાય. પારસી સાક્ષરો હિંદુ સાક્ષરોને વધારે સમજતા થાય. હિંદુ સાહિત્ય પારસી ગુજરાતી તરફ વધારે ભ્રાતૃભાવ બતાવે અને સાહિત્ય સેવામાં ઝીણા જાડા ભેદો તરફ ઉદાર દૃષ્ટિકોણ વિકસાવી શકાય. હાજીના આ ઉદાર મતને જોઈએ ત્યારે જણાશે કે પારસી - ગુજરાતી - મુસલમાની સાહિત્યવર્ગ વચ્ચેનો ગજગ્રાહ એ સમયે સપાટી પર આવેલો હતો. જે તે વર્ગના લેખકોને એમની જ કોમોનાં પ્રકાશિત સામયિકો પર પોતાની સામગ્રીની પ્રસિધ્ધિ માટે આધાર રાખવો પડતો હતો. પારસીપત્રોની સંખ્યા મોટી હતી જેની ભાષા અને લખાણો વિષાયક કયારેક ઉગ્ર ટપાટપી તો કયારેક હલકી કક્ષાની રમૂજો જુદાજુદા પત્રોમાં પહોંચતી. આ કારણે તો 'સાહિત્ય' ને પણ સાહિત્ય હેતુને વરેલા સામયિક તરીકે ખપાવવા પોતાના પ્રથમ અંકમાં જ લખવું પડેલું કે કોઈપણ કોમના ભેદભાવ વિના લેખકોને ઉત્તેજન આપવામાં આવશે. અહીં હાજી પણ આ ઝીણાજાડા ભેદોને પ્રથમથી જ દૂર કરીને ભ્રાતૃભાવની જરુરિયાત પર ભાર મૂકે છે. હાજીનો જે સ્પષ્ટ અભિગમ સંપાદકીય મુદ્રામાં સતત પ્રકટ્યા કર્યો છે એ વાત પ્રથમ અંકમાં આ રીતે વ્યકત થઈ છે : ''સંસ્કૃતમય ગુજરાતીમાં જ સાક્ષરતા સમાઈ જાય છે એમ નથી તેમ પારસી - ગુજરાતી છેક ન સમજાય અથવા ન સુધરી શકે એમ નથી. ઉપરાંત મુસ્લિમ - ગુજરાતી પણ છેક ભૂલાઈ જવા જોઈતા નથી. સામાન્ય દૃષ્ટિ ન પહોંચે એવા વિદ્યાવિલાસી પુરૂષો તેમનામાં પણ રત્નોની પેઠે પ્રકાશ પાડે છે'' નવોદિત ઉન્મેષોને પારખવાનું અને પ્રોત્સાહન આપવાનું હાજીનું વલણ પ્રથમથી જ કેવી ઉદાર વિચારણાને મૂર્તિમંત કરતું જણાય છે એ અહીં જોવા મળશે.

'સદી'નું વ્યવસ્થાતંત્ર :-

સચિત્ર સામયિક પ્રકાશિત કરવાનું સ્વપ્ન હાજીની શ્રીમંતાઈ છેક ભૂંસાઈ જવા આવી ત્યારે પાર પડ્યું હતું. એ સમયે વિશ્વયુધ્ધનાં પડઘમ વાગી ચૂકયાં

હતા અને કાગળથી માંડીને મુદ્રણ સામગ્રીના બેહદ ભાવવધારાનો સામનો પણ કરવાનો હતો. 'સદી' ને આ પ્રતિકૂળ સંજોગોમાં પ્રકાશિત કરવા વિશે હાજી અવઢવમાં હતા ત્યારે 'સદી' ના જન્મનું ખરુ માન સર ફાજલભાઈ કરીમભાઈ ઈબ્રાહીમને મળે છે. 'સદી' ના પ્રકાશનનું સૂચન કરવાથી માંડીને 'સદી' પ્રકાશિત થાય એ માટે પ્રોત્સાહન, આર્થિક સહાય પણ એમણે કરેલી. ૧૯૧૪ ના જૂન મહિનામાં તો ડેકલેરેશન પણ લેવાઈ ગયેલું અને પ્રસિધ્ધ ચિત્રકાર ધુરંધર પાસે તૈયાર કરાવેલા ટાઈટલ ચિત્રને પણ પરદેશમાં છપાવવામાં આવ્યુ. પરંતુ યુરોપ ના મહાયુધ્ધને કારણે એ કામ ત્યાં ને ત્યાં જ અટકી પડયું હતું જે આખરે ૧૯૧૬ થી આરંભાય છે.

'સદી' ડબલ કાઉન કદનાં ૮૦ થી ૧૦૦ પૃષ્ઠોમાં, મહિનાની પહેલી તારીખે પ્રકાશિત થતું. જયારે એમના ખાસ અંકોની પૃષ્ઠમર્યાદા ૧૨૫ જેટલી રહેતી. 'સદી'ના ૮૦ પૃષ્ઠના પહેલાં અંકના થોકબંધ ચિત્રો, સ્કેચ અને રંગીન મુદ્રણની છટાને જોઈને 'સાહિત્ય' સામયિકે એને 'ગુજરાતને માટે મગરુરીની ઘટના' તરીકે ઓળખાવેલી[૨૩] એ સમયગાળામાં પ્રકાશિત થતાં ગુજરાતી સામયિકોમાં 'સદી' જેટલાં પૃષ્ઠો કોઈ સામયિક ધરાવતું નહોતુ. 'સુંદરી-સુબોધ' ના ખાસઅંકો પણ 'સદી' ના રાબેતા મુજબના અંકો જેટલી પૃષ્ઠસંખ્યા ધરાવતાં.

'સદી'નાં મુખપૃષ્ઠો વિશિષ્ટ હતાં. ત્રિરંગી ચિત્રોમાં શોભતા આ મુખપૃષ્ઠ પર 'સદી' લઈને સ્ત્રીઓથી માંડીને નાના બાળકોના ચિત્રો આલેખવામાં આવતા. અવનવા વેશ પરિધાન કરેલા પ્રણયી યુગલો, વસંત વિહાર કરતી મુગ્ધાઓ નજરે ચઢતી. ભારતના નવા ગવર્નરનો કુટુંબ સાથેનો ફોટોગ્રાફ પણ 'સદી'નું મુખપૃષ્ઠ બન્યો છે. કયારેક મુખપૃષ્ઠ પરના ચિત્રનો આસ્વાદલક્ષી લેખ રવિશંકર રાવળ જેવા ચિત્રકારો પાસેથી પ્રાપ્ત થતાં. 'સદી'માં જાહેરાત નું પ્રમાણ પણ સારું એવુ જોવા મળે છે. ૧૯૨૦ ના અંક : ૧ માં ૫૫ જેટલી જાહેરાતો છે. આ જાહેરાતો શિષ્ટ અને રોચક છે એની પાછળ જાહેરાતો પસંદ

કરવાની દૃષ્ટિ રહેલી જણાય છે. 'શરીરનો શણગાર' શીર્ષકથી માથામાં નાંખવાના તેલની જાહેરાત કેવી વિશિષ્ટ છે એ જુઓ. લાંબા વાળ ધરાવતી સ્ત્રીના ચિત્રની નજીક આ કાવ્યપંક્તિ મુકાયેલી છે.

'અલક મુબારક તિય-વદન, ઝલકત ઝલક અપાર
ચલી ચન્દ કે બીચમેં, મન- જમુના કી ધાર'

(મુબારક કવિ કહે છે કે : 'તરુણીના વદન પરની વાળની લટ એવી ઝલકે ઝબકી રહી છે કે જાણે ચહેરારૂપી ચંદ્રમાની વચમાંથી જમુનાની ધાર વહે છે') 'સદી'માં પ્રકટ થયેલા મૂળ ચિત્રો વાજબી કિંમતે વેચાતાં આપવાની, અગાઉના વર્ષભરના અંકોને ફાઈલરૂપે આપવાની વ્યવસ્થા પણ 'સદી'માં દેખાય છે. 'સદી'નું પ્રકાશન બંધ થયા પછી પણ ફાઈલના વેચાણની જાહેરાતો 'શારદા' જેવા માસિકમાં પ્રસિધ્ધ થતી રહેલી.

'સદી' નું લવાજમ એ સમયને લક્ષમાં લેતા છ રૂપિયા જેટલું ઊંચુ હતું. 'સમાલોચક' માસિક ૧૯૦૪ પછીના સમયમાં ૬૪ પૃષ્ઠનું હોવા છતાં એનું લવાજમ માત્ર દોઢ રૂપિયો હતુ. જ્યારે ૧૯૧૩માં શરુ થયેલા 'સાહિત્ય' નું લવાજમ માત્ર ત્રણ રૂપિયા હતું. 'સદી' પછી ચાર વર્ષે પ્રસિધ્ધ થયેલા 'ચેતન' (સંપા. બટુભાઈ ઉમરવાડિયા અને વિજયરાય વૈદ્ય) નું લવાજમ પણ ચાર રૂપિયા હતું. ત્યારે 'સદી' સામાન્ય જનસમાજ સુધી સાહિત્યનો પ્રસાર કરવાની ખેવના ધરાવતું હોવા છતાં સાધનસંપન્ન વર્ગ ખરીદી શકે એટલું મોટું આ લવાજમ એમના પ્રયત્નમાં 'લોઢાની મેખ' જરૂર ગણી શકાય. અહીં હાજીનો આશય કળાકીય પ્રવૃત્તિ પાછળ જનસમાજ પોતાના જીવનનિર્વાહમાંથી થોડો ખર્ચ કરવા તૈયાર થવો જ જોઈએ એવો રહયો છે. 'સદી' પહેલાં પણ આટલું ઊંચું લવાજમ કોઈ સામયિક ધરાવતું નહોતું. સચિત્રતાના અંશો એમાં ભાગ્યે જ જોવા મળતા. જ્યારે 'સદી' સંપૂર્ણતયા સચિત્ર હતું. એટલે એક અર્થમાં સાહિત્ય અને કળા પાછળ પ્રજા ખર્ચ કરવા તૈયાર થાય એવો હાજીનો ઉદ્દેશ એ રીતે સફળ થયો ગણી શકાય કે 'સદી' પછી શરૂ થયેલાં સચિત્ર 'ગુજરાત'નું લવાજમ છ રૂપિયા,

૧૯૨૪ માં રાજકોટથી ગોકુલદાસ રાયચૂરાના હાથે પ્રકટ થયેલા 'શારદા'નું લવાજમ સાડા છ રૂપિયા અને 'કુમાર' (૧૯૨૪) નું લવાજમ છ રૂપિયા રહેલું છે. 'સાહિત્ય' ના તંત્રી પોતાના સામયિકને 'સદી' જેવું સ્વરૂપ આપવા મહત્વાકાંક્ષી હતા પરંતુ એ સમયની પ્રવાહી સ્થિતિનો તાગ મેળવી શકનારા આ વ્યવહારુ તંત્રી 'સદી' ની આવકાર નોંધમાં ઉચિત રીતે જ હાજીને ચેતવે છે. જુઓ એ શબ્દો : ''અમે પોતે સાહિત્યને તેવું સ્વરૂપ પ્રથમથી જ આપવાના હતા પરંતુ તેને માટે લવાજમ છ રૂપિયા રાખવું પડે અને સાધનવાળા મુંબઈમાં જ તે પ્રકટ થઈ શકે. તે ઉપરાંત ગુજરાતમાં છ રૂપિયા લવાજમ તેની વાચકવૃત્તિની પછાત સ્થિતિ જોતાં ઘણું ભારે પડી જાય એવી અમારી માન્યતા હતી ને હજી પણ છે તેથી અમને ભય રહે છે કે 'વીસમી સદી' જોઈએ એટલી ફતેહ પામશે નહીં વળી હમણાં કાગળના ભાવ દુકાળના છે. ઈશ્વર કરેને અમારો ભય અસ્થાને ઠરે'' વાંચકોના દુષ્કાળ અંગે 'સદી'ને ચેતવતા મટુભાઈને જોકે નોંધવુ પડ્યુ છે કે : ''વીસમી સદી' નું સ્વરુપ જોતા છ રૂપિયા લવાજમ ઘણું ઓછું છે.''[૨૪]

લવાજમ પુરું થતાં અંકને વી.પી.પી.થી મોકલીને લવાજમ વસુલ કરવાની પ્રચલિત પધ્ધતિ 'સદી'માં દેખા દે છે. લવાજમ અંગેની એક જાહેરાતમાં 'સદી' કહી દે છે કે : ''જેમને ગ્રાહક તરીકે રહેવા ઈચ્છા ન હોય તેઓ એક પોષ્ટકાર્ડ થી પોતાનું નામ ગ્રાહક તરીકે ચાલુ ન રાખવા જરૂર અમને લખી જણાવે નહી તો અમને વી.પી. ના અઢી આનાના નુકશાન સાથે વધુ નકલ કાઢવાના કાગળ વગેરે ના ખરચમાં નાંખશે. જેમ કરવું અમે ધારીએ છીએ કે કોઈપણ સુજ્ઞવાચક ઈચ્છશે નહી''[૨૫] 'સદી'નું આ લવાજમ બે વર્ષ પછી (જુલાઈ – ૧૯૧૮) છ રુપિયાથી વધીને નવ રુપિયા કરવામાં આવ્યું હતું. આ ભાવવધારાના કારણો 'સદી' ગ્રાહકોને વિગતે સમજાવે છે એ વિગતોની તુલના રસપ્રદ છે. 'સદી'નું લવાજમ નવ રુપિયા છાપ્ય કરવા પાછળ અસહ્યમોંઘવારી જ કામ કરી રહી છે એવા નિર્દેશ સાથે નીચે મુજબ ની વિગતો અપાઈ છે.[૨૬]

| માર્ચ - ૧૯૧૬ માં | જૂન - ૧૯૧૮ માં |
|---|---|
| o કાગળના ભાવ રતલના ૩ આના | કાગળના ભાવ રતલના ૧૩ આના |
| o ફોટો બ્લોક માટેના ઝીંકશીટ રૂા.૧૨ | રૂા. ૪૦ |
| o 'ગુજરાતી' પત્ર વાર્ષિક લવાજમ રૂા.૪ | રૂા. ૫ |
| o બોમ્બે ક્રોનિકલ રૂા. ૨૫ | રૂા. ૩૫ |
| o ઈંગ્લાંડનું ચિત્રમય 'નેશન' મેગેઝિન વાર્ષિક - ૮ શિલિંગ | ૧૪ાા શિલિંગ |
| o 'વીસમી સદી' - રૂા. ૬ | રૂા. ૯ |

'જરા નજર કરશો ? તફાવતનો પણ ખ્યાલ કરશો ? જેવા પ્રશ્નાર્થો ચીંધીને 'સદી' પોતાના ગ્રાહકોને સમજાવવા મથે છે કે : ''આ માસિકની શરુઆતથી જે શૈલી આરંભવામાં આવી છે એ જ શૈલી હમણાં સુધી અનેક વિકટ મુશ્કેલીઓ છતાં નિભાવવામાં આવી છે. હમણાં સુધીમાં બે ત્રણવાર લવાજમ વધારવાનો અમે વિચાર કર્યો હતો પણ યુધ્ધ કોઈપણ પળે બંધ થશે એમ માની તેમજ ગરીબ અને મધ્યમ સ્થિતિના અમારા સુજ્ઞ અને ગ્રાહક ગ્રાહકોએ જે આશ્રય 'સદી' ને આપ્યો છે એને અંગે તેમજ બને ત્યાં સુધી સસ્તી કિંમતે અતિ રમ્ય, આકર્ષક અને લોકોપયોગી ચિત્રમય વાચન આપવાની અમારી અંત:કરણપૂર્વકની ખ્વાહેશને લીધે રૂા. ૧ ની પણ ઉપરની પડતરનો 'સદી'નો અંક રૂા. ૦ાા માં આપી ન માની શકાય એટલું ગજાંવર નુકશાન અમે સહન કર્યુ છે.[૨૭] આ લવાજમ જેઓ એકસામટા ન ભરી શકે તેમને માટે પહેલા છ રુપિયા અને અર્ધુ વર્ષ પુરું થતાં બાકીના રુપિયા ત્રણ ભરવાની સગવડ 'સદી' એ કરેલી. એ પછી ફેબ્રુઆરી ૧૯૨૦ ના વર્ષે નાછૂટકે લવાજમ નવ રુપિયામાંથી વધારીને બાર રુપિયા કરવુ પડયું હતું. મુદ્રણના અતિશય વધેલા ભાવ, માણસોની અછત અને મુદ્રણ સામગ્રીના ભાવમાં બેહદ કડાકાની લાંબી નોંધ અહીં પણ મળે છે.

ફાટી નીકળેલા વિશ્વયુધ્ધના વિનાશક ઓળાઓ જનજીવનને હચમચાવી રહયા હતા ત્યારે મુદ્રણ કાર્ય પર તેની પ્રભાવક અસર પડવી સહજ હતી. એક સમયગાળો એવો હતો કે જેમાં આગામી અંક મહિનાની પ્રકાશન તારીખના અઠવાડીયા અગાઉ ગ્રાહકોના હાથમાં પહોંચી જતો. 'સુરાજ''સદી' ની નિયમિતતા વિશે લખે છે કે : ''પહેલી કે બીજી તારીખ થઈ છે કે તે મહિનાનો 'વીસમી સદી' નો અંક વાચકના કરકમળને શોભાવતો જ હોય.[૨૮] હાજીની અંક તૈયાર કરવાની ચીવટ એમાં મહત્વનો ભાગ ભજવતી હતી. ખાસ અંકના કલકત્તા ખાતે બનાવવા મોકલેલા ફોટોબ્લોક એકવાર નિશ્ચિત સમયે પહોંચી શકયા નહી અને અંક પ્રકાશનને માત્ર ત્રણ દિવસની જ મુદત હતી ત્યારે હાજી તાબડતોબ વર્તમાન પ્રેસમાં જઈ ત્યાં કલાકો પસાર કરી ગમે તે ખર્ચે પણ બ્લોક તૈયાર કરાવી નિયમિત સમયેજ અંક પ્રકાશિત કર્યાના ઉદાહરણો મળી આવે છે. તે છતાં પાછળના વર્ષોમાં અંકો ભાવવધારા અને મુદ્રણ સામગ્રીઓની અછતને કારણે, કામદારોની તાણ તો કયારેક રોગચાળાને લીધે અનિયમિત બનેલા. જુલાઈ - ૧૯૨૦ નો અંક ઓકટોબરની શરૂઆતે પ્રસિધ્ધ થયાની નોંધ મળે છે. જોકે આ અસર તમામ સામયિકો પર પડી હતી. મરાઠીમાં પ્રકાશિત થતું 'મનોરંજન' પોતાનું પ્રેસ ધરાવતું હોવા છતાં એનો સપ્ટેમ્બરનો અંક ડિસેમ્બરની આખરે પ્રસિધ્ધ થયો હતો. 'સમાલોચક' ને પણ 'વિલંબ' શીર્ષક હેઠળ લાંબી નોંધ આપવી પડેલી. આ અસહય અનિયમિતતાના કારણે 'સદી'ના ઘણાં બધા અંકોમાં 'ક્ષામાયાચના' ની નોંધ પ્રકટ થયેલી જોવા મળશે. ૪૦ થી ૫૦ ચિત્રો ડિઝાઈનો તસવીરોને મેળવવી તેમજ એમના બ્લોક બનાવવામાં પડતી મુશ્કેલીઓ એ 'સદી'ને વધુ અનિયમિતતા તરફ ધકેલ્યું હતું.

'સદી' નો અંક પ્રકાશિત થઈ ગયો છે એની જાહેરાત 'ગુજરાતી' પત્ર માં કરવામાં આવતી. કેટલાયે ગ્રાહકો અંક ગેરવલ્લે ન જાય એ માટે - ખાસ તો પોતાની ઉત્સુકતાને દાબી ન દબાતાં - સીધા 'સદી'ની ઓફિસમાંથી જ રૂબરૂ

મેળવી લેતા ! આ કારણે કોઈવાર કોઈના નામનો અંક ભળતો જ ગ્રાહક લઈ ગયાની ફરિયાદ ઉઠતી. ત્યારબાદ લવાજમ ભર્યાની પહોંચ બતાવવાની વ્યવસ્થા શરુ થઈ હતી. બહારગામના અનેક ગ્રાહકોની અંક ન મળ્યાની ફરીયાદો નોંધાતી આથી 'સદી' ના વ્યવસ્થાપકે ક્ષમાયાચનાની નોંધ પ્રકટ કરવી પડતી. 'સદી' સિલકમાં અંકો હોય ત્યાં સુધી ગ્રાહકોને મોકલવાની વ્યવસ્થા કરતું. કોઈવાર ખાસ અંકની જાહેરાત અગાઉના અંકમાં નાની રંગીન કાપલીમાં મૂકાતી. આવી જાહેરાત 'પટેટી અંક' પ્રકાશિત કરવાની નોંધ સાથે મળી આવે છે. લેખકો માટે પણ સૂચનાઓ મૂકાતી જવાબી કવર બીડેલ કૃતિના જ જવાબો મોકલવાની આજના સામયિકો જેવી વ્યવસ્થાને 'સદી' વરેલુ હતું. 'સદી'માં આગળના માસે પ્રકાશિત થનારા અંકની જાહેરાત રીતિ અંક તૈયાર કરવાની ધગશને જેમ વ્યકત કરનારી છે તેમ આ અનુક્રમણિકા ગ્રાહકોને આકર્ષવાની એક કુનેહના ભાગરૂપ પણ ગણાવી શકાય. જેમકે કવિ જીવનરામે 'પંડિત જગન્નાથ' પર લખેલા લેખનો પૂર્વપરિચય અગાઉના અંકમાં કેવી નોંધરૂપે મૂકાયેલો છે તે જુઓ : ''ગંગાલહેરી' અને 'ભામિની વિલાસ' ના રચનાર પંડિત જગન્નાથનું આ રસિક જીવન તેવાં જ સુંદર ચિત્રો સાથે જીવનરામની કલમે એક આકર્ષક વાચન થઈ પડશે. ધારાવાહી 'મોગલ રંગમહેલના ભેદભરમો' વિશે લખે છે કે : 'આ વાર્તા હવે તેના અતિ ખેંચાણકારક અને વધુ રહસ્યવાળા પ્રસંગો પર આવી પહોંચી છે. હમણાં સુધી ન સમજાયેલા કેટલાક ભેદો કદાચ હવે પ્રકટ થાય તો નવાઈ નથી. શ્રીમાન પુરુષોત્તમના લલિત ચિત્રો સાથે એ વાર્તાનો પણ વધુ ભાગ આપવામાં આવશે''[૨૯].

'સદી'ની સામગ્રીનું વૈવિધ્ય અને વ્યાપ :-

સર્વદેશીય સામગ્રીનું વૈવિધ્ય 'સદી'ની સૌથી મોટી વિશેષતા હતી. મુનશી યથાર્થ નોંધે છે કે : ''હાજીની ખરી ખુબી તો વૈવિધ્ય ગોઠવવામાં હતી. આનો લેખ આ ચિત્ર સાથે જશે. આ વિષય ઉપર આજ લખી શકશે ને આજ ચિત્ર કરશે. આ અંકમાં આજ પ્રકારનું વ્યક્તિત્ત્વ જોઈએ ને આવે પ્રસંગે તો

આનું જ જીવન ચરિત્ર આવવું જોઈએ આ વિવેકબુધ્ધિ મેં જેવી હાજી મહંમદમાં જોઈ છે એવી કોઈનામાં જોઈ નથી અને આજ ગુણ એ 'સદી'ની લોકપ્રિયતાનું રહસ્ય છે!'[30] સામગ્રી બાહુલ્ય ધરાવતા આ અંકને તે જુદાજુદા વિભાગમાં વહેંચી નાખે છે. અનુક્રમણિકામાં જ ચિત્રો, કાવ્ય, ચરિત્ર, સાહિત્ય, વ્યાપાર, ઉદ્યોગ, કેળવણી, હાસ્ય, વાર્તા, પ્રવાસ જેવી વિષય વહેંચણી કરવામાં વ્યાપક વસ્તુવિષયને તાકવાની દૃષ્ટિ રહેલી છે.

o <u>કવિતા</u> :- કવિતા મુખ્યત્વે પ્રણય અને વિરહવેદનાને વ્યકત કરતાં સંવેદન વિષયો પરની વિશેષા જણાય છે. પ્રણયનો મત્ત ઉછાળ આ સમયગાળાના નવોદિતોથી માંડીને પ્રસિધ્ધ સાક્ષરોની કલમે 'સદી'માં આલેખાયો હતો. કેટલાંક કાવ્યોના શીર્ષકો જ જુઓ : ''માશૂકને સંદેશ', 'સનમને', 'કહોજી-સાંવરિયા', 'કોણ કહે વરણેલી મને ?', 'સનમની રાહ' વગેરે. સ્વરુપની દૃષ્ટિએ છાંદસ કાવ્યો, ગરબીઓ, ગીત કાવ્યો અને ગઝલો એવું વૈવિધ્ય 'સદી' ધરાવતું દેખાય છે. એમાં 'કલાપી'થી માંડીને 'દીવાને સાગર' સુધીની પરંપરા જોવા મળે છે. પ્રસિધ્ધ કવિઓમાં શયદા, મણિલાલ ત્રિવેદી, લલિત, કાન્ત, ન્હાનાલાલ, નરસિંહરાવ, કવિબાલ, ઠાકોર, ખબરદાર, કુસુમાકર, મંજુલાલ દવે જેવા અનેક નામો જોવા મળે તો અનેક નવોદિતોની એકથી વધુ રચનાઓ 'સદી' માં સ્થાન પામી છે. આ કાવ્યોમાં કેટલીકવાર સ્વદેશપ્રેમ, કુટુંબસ્નેહ, પ્રકૃતિ પ્રેમના વિષયને તાકતી રચનાઓ પ્રાપ્ત થાય છે. શિવાજી અને અફઝલખાનના દ્વંદ્વયુધ્ધને રામછંદમાં વર્ણવતું મનહરરામ હરિહરરામનું ઐતિહાસિક કાવ્ય છ જેટલા પૃષ્ઠો રોકે છે. મૂળજી દુર્લભજી વેદનું 'લીલા વિસ્તાર' સોરઠામાં રચાયેલું છે જે પણ ચાર પૃષ્ઠ જેટલું દીર્ઘ છે. તો શયદાનું 'બહારે વસંત' કાવ્ય પણ છ પૃષ્ઠો જેટલું લાંબુ છે. જોકે આ પ્રકારનાં દીર્ઘ કાવ્યો ઓછાં જોવા મળ્યા છે.

એ સમયગાળાના લગભગ તમામ પ્રમુખ કવિઓનાં કાવ્યો 'સદી' મેળવી શકયું હતું. આ કવિઓની એકથી વધુ રચનાઓ અહીં પ્રસિધ્ધ થયેલી છે. ત્યારે

અનુમાન કરી શકાય કે હાજીનું વલણ કોઈ એક સાક્ષરવર્યને આરાધવાના બદલે એમની રસકીય અભિજ્ઞતા આ તમામ સાક્ષરોને 'સદી' માં લખવા પ્રવૃત્ત કરી શકી હતી. કવિ ન્હાનાલાલની 'ગુજરાત - એક ઐતિહાસિક કાવ્ય', 'જોગીઓના બાળ', 'ગુજરાતનો તપસ્વી' જેવી પ્રસિધ્ધ રચનાઓ 'સદી'એ પ્રકાશિત કરેલી. કાલિદાસના 'મેઘદૂત' નો ન્હાનાલાલે કરેલો સમશ્લોકી અનુવાદ પણ 'સદી'માં પ્રકટ થયેલો.

કવિ કાન્તનું 'મનોહર મૂર્તિ' કાવ્ય કવ્વાલી સ્વરૂપે અહીં પ્રાપ્ત થયેલું છે. કાન્તનાં પ્રથમ પત્નીના અવસાન પછીની સ્થિતિ 'પ્રલાપ પ્રાર્થના' કાવ્યમાં પ્રકટ થયેલી જોઈ શકાય. 'આવી છે સખી આપની પાસે પિતા ! તેને સ્નેહ બતાવીને સાચવજો' માં જુદાં પડયાનું કેવળ દુ:ખ નહી પરંતુ પરમપિતાના સ્નેહ વાંછતુ સ્વસ્થ ગાંભીર્ય ડોકાય છે. કાન્તનું પ્રસિધ્ધ ખંડકાવ્ય 'રમા' પણ 'સદી' માં પ્રસિધ્ધ થયેલું. પચીસેક વર્ષ પહેલાં 'જ્ઞાનસુધા'માં પ્રકટ થયેલું. કાન્તનું કાવ્ય 'રતિને પ્રાર્થના' કવિ અહીં પુન:પ્રસિધ્ધ એ આશયથી કરે છે કે કાવ્યનો મર્મ જે એ સમયે પૂર્ણપણે વ્યકત થઈ શકયો ન હતો એને વ્યકત કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે''[૩૧]

કલાપીનો કવિયશ જેમના પર સ્થિર થયેલો છે એવી ગઝલ રચનાઓને પ્રકાશિત કરવાનું માન 'સદી' ને છે. 'સાકીને ઠપકો', 'આપની યાદી', 'બિલ્વમંગળ' અને 'નવો રૈકો' એ 'સદી'ને તેમ કલાપીને લોકપ્રિય બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હશે એમાં શંકા નથી. મણિલાલ ત્રિવેદીની સુકિતરૂપ બની ગયેલી પંકિતઓ અહી ગઝલરૂપે દેખા દે છે. 'કહી લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે' એ પ્રસિધ્ધ પંકિત આપતી 'અમરઆશા' અને 'કીસ્મત' જેવી કાવ્યરચનાઓ અને 'જિગરનો યાર જુદો તો બધો સંસાર જુદો છે' પંકિતથી પ્રસિધ્ધ એવી 'જિગરનો યાર' ગઝલ પણ 'સદી'માં પ્રકાશિત થયેલી. ખબરદારની

ગરબીઓ 'મધુરી મહીયારી', 'વસંતની શોધ', 'દૂધડાં દહોતી' અને 'ભારતનું નગારું', 'અક્ષારની ઉકેલણ', 'રણવિદાય' જેવાં કાવ્યો 'સદી' ના પૃષ્ઠો પર મળી આવે. નરસિંહરાવનું એક માત્ર કાવ્ય'દુઃખનો કીમિયો' અહીં મળી આવે છે જેમાં નરસિંહરાવની કવિ પ્રતિભાનો કયાંયે અણસારો દેખાતો નથી. હાજી પણ 'તાઝા-બ-તાઝા બનઓ' જેવું કાવ્ય પ્રકાશિત કરીને કાવ્ય રચ્યાનો સંતોષ માણી લે છે. કવિ બાલાશંકર કંથારિયાની 'શિકાયત કયાં ? અને 'બેવફા માશૂકને' ગઝલ 'સદી' માં પ્રકટ થઈ હતી એ ઉપરાંત શયદા,ચાંપશી ઉદ્દેશી, મનહર વરતેજવાળા, સ્નેહગીતોની વણજાર આપનારા ચંન્દ્રશંકર પંડયા તેમજ નરસિંહરાવના પુત્ર નલીનકાન્તનાં કાવ્યો, ન્હાનાલાલની અપદ્યાગદ્ય શૈલીનું અનુકરણ કરનારા મૂળજી દુર્લભજી વેદની રચનાઓ ધ્યાનાર્હ છે. બટુભાઈ ઉમરવાડિયા પણ લખવા ખાતર 'ભીક્ષા' કાવ્ય 'સદી'માં પ્રસિધ્ધ કરાવે છે.

'સદી'માં હાસ્ય-વિનોદનાં કાવ્યોની સંખ્યા અધિક મળતી નથી. એ સમયગાળાની પ્રચલિત પ્રતિકાવ્યો પ્રસિધ્ધ કરવાની ભરમારથી 'સદી' અળગું રહે છે તે છતાં ઓલિયા જોશીનું 'ભૂદેવની જીવ્હાને', વિજયરાયનું 'પ્રોફેસરાષ્ટક' અહીં નોંધનીય છે. ખ્યાત કવિઓની રચનાઓનાં કેટલાંક અનુકરણો પણ જોવા મળે છે તે છતાં પ્રકટ કાવ્યસમૂહને જોતાં એમ કહી શકાય કે 'સદી' કાવ્યસર્જનની દિશાએ ઉત્તમને પ્રકટ કરવામાં ઊંચી સિધ્ધિ હાંસલ કરે છે. ઠઠ્ઠા કાવ્યો, પ્રતિકાવ્યોથી ઉભરાતાં સામયિકોની સામે નવોદિતોથી માંડીને પ્રસિધ્ધ કવિઓ સુધીનો કાવ્યરાશિમાં ગંભીરતા રહી હોવાનું કારણ એ પણ હોઈ શકે કે પ્રથમથીજ 'સદી'ને એવા કવિઓની કૃતિઓ અનાયાસે પ્રાપ્ત થઈ જેના કારણે 'સદી'ની કાવ્યપરંપરા કાન્ત, કલાપી, ન્હાનાલાલના માર્ગે વીસ્તરી.

'સદી'માં પ્રકાશિત થયેલાં કેટલાક એવાં કાવ્યો છે જેમને હાજીની બહુ-પરિમાણી દૃષ્ટિનો લાભ મળતા તે કૃતિ કવિના હસ્તાક્ષરમાં જ પ્રકટ થઈ હતી.

આજના 'કવિતા' ત્રૈમાસિકની પધ્ધતિએ પોતાના પ્રિય કવિના હસ્તાક્ષરમાં પ્રસિધ્ધ થયેલા કાવ્યને જોઈ પ્રજાસમૂહ કેવો રોમાંચિત થઈ ઉઠતો હશે એની કલ્પના જ કરવી રહી. જે સમયગાળામાં સુઘડ મુદ્ણ માટે પણ ફાંફા મારવા પડતાં હતા એ સમયે આવા પ્રયોગ અનોખા કે વિશિષ્ટ ગણાયા હોય એ નિશંક વાત છે એ સાથે એની પાછળ લીધેલાં પરિશ્રમને પણ સલામ કરવાનું મન થાય. 'સદી' માં કલાપીનું 'નવો સૈકો', મૂળજી દુર્લભજી વેદનું 'નાથ નિછાવર નેહના' ખબરદારનું 'અક્ષારની ઉકેલણ' અને ઠાકોરનું 'અષ્ટક' કાવ્ય સ્વહસ્તાક્ષારે પ્રસિધ્ધ થયેલું.

બસોથી વધુ કાવ્યરચનાઓ પ્રકાશિત કરનારા 'સદી'માં નવોદિતોની રચનાઓ પણ એટલી જ નોંધપાત્ર છે. જગજીવન પંડયાના મતે દેશળજી પરમારને પ્રથમ પ્રસિધ્ધિ અપાવનાર હાજી હતા એમનું ઋણ કવિએ 'હાજી સ્મારક ગ્રંથ'માં 'રાજહંસ' કાવ્ય લખીને આપ્યું છે.''[૩૨] દિવાના, સાગર, રંજુર, અંબર, અરૂણ જેવાની ગઝલો અને ગિરીશ, નિરંજન, મહારાજા અનિલની ગીતરચનાઓને અપાયેલું મહત્વ નવોદિતોને સત્કારવાની હાજીની વિશાળ દ્રષ્ટિમતાનો પરિચય કરાવી રહે છે.

કાવ્યરચનાઓને તપાસતા એટલું ચોકકસ કહી શકાશે કે 'સદી'એ ગઝલ અને ગીતના સ્વરૂપને વિશેષ મહત્વ આપ્યું. એમાં પ્રણય વિરહના ભાવોની અધિરતા, સપાટી પરની ભાષારમતો અને વધુ તો અપેક્ષિત ભાવસઘનતાનો અભાવ જરૂર વર્તાય તે છતાં એ સ્વરૂપોને ઘડવામાં અને લોકપ્રિય કરવામાં એમના પ્રયાસોની નોંધ લેવી જોઈએ. ગીત-ગઝલોનું ખેડાણ 'સદી'માં અધિક સંખ્યાએ દેખાય છે એની પાછળ 'સદી' ને લોકપ્રિય કરવાનો ઉદ્દેશ પણ અછતો રહેતો નથી. કેટલીકવાર સુંદર ચિત્રોથી શોભતા કાવ્યોમાં ચિત્રો સિવાય કશું હાથ ન લાગે એવું પણ બને છે તોપણ કેટલીક ઉત્તમ ગીતરચનાઓ અને ગઝલો 'સદી'માંથી આપણને

પ્રાપ્ત થાય છે.

o <u>ટૂંકી વાર્તાનું પ્રસ્થાન ::-</u>

'સદી' નું નવપ્રસ્થાન નવલિકા ક્ષેત્રે સીમાચિહ્નરૂપ ગણાશે. આજે સધાયેલ અદ્યતન વાર્તા સુધીનો વિકાસક્રમ 'સદી'થી પ્રારંભાયો છે. સાહિત્યના તમામ ઈતિહાસકારો નોંધે છે કે નવલિકાને મળેલાં અકલ્પ્ય આવકારને કારણે ગુજરાતમાં નવલિકાનું સ્વરૂપ હોંશભેર સ્વીકારાવા લાગ્યું. એ સમયના સામયિકોને તપાસતા જોઈ શકાય છે કે નવલિકાનું સાહિત્ય સ્વરૂપ પ્રયોજવાની તમામ સામયિકોને માટે અનિવાર્ય જરૂરિયાત હતી. આપણા વાર્તાસાહિત્યના વિકાસમાં અનુવાદોએ જે મહત્વનું કાર્ય કર્યું છે એની નોંધ ઈતિહાસ ભાગ્યે જ લે છે. વિશ્વંભરનાથ જજ્જાના 'ગલ્પ', પ્રેમચંદની 'કહાની' મરાઠી 'મનોરંજન' હિંદીના 'સરસ્વતી' 'હંસ', ગુજરાતના 'વાર્તાવારિધિ', 'સુંદરીસુબોધ' અને 'સદી'માં પ્રગટેલી અન્ય પ્રાંતની નવલિકાઓ ખાસ, તો બંગાળની નવલિકાઓએ સમયપટમાં વાર્તાવિશ્વની ઉઘડતી જતી ક્ષિતિજોના દર્શન કરાવે છે.

લગભગ સવાસો જેટલી વાર્તાઓ પ્રકાશિત કરનારા 'સદી'માં નજર નાખતા અનુવાદોનું વૈપુલ્ય ધ્યાનમાં આવશે. 'સાહિત્ય'ના તંત્રી તો 'સદી'નો પ્રથમ અંક જોઈને જ હાજીને સલાહ આપે છે કે ''સામાન્ય રીતે ભાષાંતરો જેમ બને એમ ઓછા દાખલ કરવાની અમે સૂચના કરીએ છીએ''[33]. અનુવાદોના વૈપુલ્ય પાછળ હાજીનો ઉદ્દેશ અન્યભાષાના લેખકોની ઉત્તમ કૃતિઓને પ્રકાશમાં લાવવાનો, મનોરંજન કરવાનો હોય એ સહજ છે. પરંતુ બીજી બાજુએ અનુમાન કરી શકાય છે કે પરભાષી લેખકો અને સામયિકો સાથે હાજીના જીવંત સબંધના કારણે 'સદી'માં અનુવાદો સતત પ્રકાશિત થયા કર્યા છે. વળી, હાજી અનુવાદની આ પ્રક્રિયાથી સભાન છે. ભાષાનો સમૃધ્ધિમાં અનુવાદનો પુરતો ખપ છે એમ માનનારા હાજી એટલે જ નોંધે છે કે : ''દુનિયાના વિખ્યાત 'સ્ટ્રેન્ડ મેગેઝિન' ના પહેલા પાંચ વર્ષોની ફાઈલો જોશો તો તેમાં રશિયન, ફ્રેંચ અને જર્મન લેખો ના ભાષાંતરો જ ભરેલા છે. બોરોથી બ્હીવાનું નથી પારસીઓએ પોતાનું સાહિત્ય આવી રીતે જ વધાર્યું છે અને આજથી ૧૦૦ વર્ષ પર દૈનિક કાઢી બેઠા

જ્યારે હિંદુ હાથે સવારનું દૈનિક હજુ નીકળ્યું નથી''[34] ધૂમકેતુ અને રા. વિ. પાઠક પહેલાની નવલિકાના લેખકોમાં મુનશીની એકપણ નવલિકા અહીં નજરે ચઢતી નથી. ધનસુખલાલ પણ અહીં ગેરહાજર છે. અનુવાદની સહાય એ કારણોસર પણ લેવી જરૂરી બની હોવાનું અનુમાની શકાય.

વિશ્વંભરનાથ જજ્જા અને પ્રેમચંદ જેવા કેટલાક પરપ્રાંતી લેખકોને પરેપરે જાણીતા કરવાનું કામ 'સદી' એ કર્યું છે. વિશ્વંભરનાથની વાર્તા 'ઘુંઘટવાલી' પ્રસિધ્ધ કરતી વખતે હાજી માત્ર વિશ્વંભરનાથના ગુણાનુવાદ કરતાં નથી. પરંતુ એ પરિચયમાં પણ હાજીના વિશાળવાચનનો અણસારો મળે છે. હાજી લખે છે કે : ''મનુષ્ય જીવનના અનેક પ્રશ્નોથી ગુંજતી, પ્રેમ અને કરુણા દ્રવતી, સૌંદર્ય અને રસાલંકારનું સિંચન કરતી પંડિત વિશ્વંભરનાથની રસિક લેખણી અમેરિકન લેખક મીસ વરજીનીઆ ડી. વાટરની શૈલીની વાચકને યાદ આપે છે. હૃદયમાં ગુંજતા પ્રશ્નો જ નિત વિશ્વમાં અનુભવાય છે પણ તે ચર્ચતા અમર્યાદ જુઠા નિયમોથી ખોટી રીતે અચકાઇ ઘણાઓ આ પ્રશ્નનું નિરાકરણ કરતાં બીએ છે. આવી વસ્તુઓ જનસમાજ સમક્ષ રજૂ કરી તે ચર્ચતી કર્યા વિના અનેક દુર્ગુણો અટકાવી શકાશે નહી એમ માનનારાઓમાં પંડિત વિશ્વંભરનાથ અને મીસ વરજીનીઆ ડી. વાટર છે''[35] હાજી આ સાથે વિશ્વંભરનાથનાં બીજા પણ અનેક લખાણો વખતોવખત 'સદી'માં પ્રકાશિત કરે છે. વિશ્વંભરનાથની પ્રકાશિત થયેલી અને નવલિકાઓ 'સદી'નું ખાસ અંગ બની રહીહતી. 'ઘુંઘટવાલી', 'ઇર્ષ્યાની વાદળી', 'હોલીની ખટક', 'ભૈરવી', 'પત્ની' 'નિર્મોહી' અને 'ગળાફાંસો' જેવી વાર્તાઓમાં ભારતીય કુટુંબજીવનના પ્રશ્નો ને ખૂબીથી ચર્ચ્યા છે. પ્રેમચંદની 'મર્યાદાની વેદી પર બલિદાન', 'ચિત્તની ચોરી કે પ્રેમકસોટી', 'પશુમાંથી મનુષ્ય' જેવી વાર્તાઓ 'સદી'એ પ્રકાશિત કરી હતી.

અનુવાદોમાં હિંદી ભાષાની વાર્તાઓનું પ્રમાણ રાષ્ટ્રભાષાના પ્રસાર-પ્રચારની ઉઘડતી દિશા તરફ સંકેત કરે છે. 'સરસ્વતી' માસિકમાંથી અસંખ્ય

હિંદી વાર્તાઓના અનુવાદો 'સદી'માં જોવા મળે છે તો પ્યારેલાલ ગુપ્ત, શ્રીમતી બાબલી વહુ, શ્રીવાસ્તવ, પંડિત જ્વાલાદત્ત શર્મા જેવા હિંદી લેખકોના નામ 'સદી'ના વાચકો માટે અજાણ્યાં રહ્યાં નથી. ચતુરસેન શાસ્ત્રીની વાર્તાનો મોહનનો અનુવાદ 'હૃદયની પરીક્ષા' ૩૦ પ્રકરણોમાં વહેંચાયેલી લાંબીવાર્તા છે જે 'સદી'ના ત્રણ અંકે પૂર્ણ થઈ હતી. વિશ્વપ્રસિધ્ધ સર્જકો રવીન્દ્રનાથ, મેક્સીમ ગોર્કી, રોથફિલ્ડ, એડવીન આર્નોલ્ડ, મીસ વરજીનીઆ ડી. વાટરની વાર્તાઓના અનુવાદો, સંસ્કૃત ભાષાના મહાકવિ ભાસની 'પ્રતિજ્ઞા યૌગન્ધરાયણ' કૃતિ પરથી કેશવ શેઠ ધ્વારા મળેલો 'પ્રધાનની પ્રતિજ્ઞા' નામે અનુવાદ, જ્યાનીઝ અને અરબદેશની પ્રેમકથાઓ 'સદી'ને લોકપ્રિય બનાવવા પાછળ મહત્વનું પરિબળ રહ્યાં હશે એમ જરુર માની શકાય.

૧૯૧૮ ના અંક : ૨ નવેમ્બરમાં 'મલયાનિલ'ની વાર્તા 'ગોવાલણી' ગુજરાતી નવલિકાના પ્રસ્થાનરુપે પ્રકટ થઈ હતી. મલયાનિલની ઘટના અને પાત્રોને પ્રયોજવાની કુશળ આવડતે હાજીએ એમની 'સ્નેહ પ્હેલા સાન', 'મોગરાનું ફુલ', 'પ્રતિમા કે પ્રિયા' જેવી વાર્તાઓ 'સદી'માં પ્રકટ કરેલી. જો મલયાનિલ લાંબુ આયુષ્ય ભોગવી શક્યા હોત તો કદાચ 'સદી' ના અનેક પૃષ્ઠો પર એમનું નામ જોઈ શકાયુ હોત.

હાજીના પ્રેમાળ આગ્રહને વશ થઈ નરસિંહરાવે 'એક સ્વતંત્ર નાની વાર્તા - સાળુ (કોયલ) 'મુસાફર' ઉપનામે 'સદી'માં લખી હતી. ઠાકોર ધ્વારા લખાયેલી 'ધરતી છેડો ઘરનો જેડો' વાર્તા અને વાડીલાલ શાહ જેવા ચિંતક પાસેથી 'લીલાવતી વિરુધ્ધ સામાન્ય' વાર્તા 'સદી' ના પૃષ્ઠો પર જોઈ શકાય છે.

હાજીએ અનેક વાર્તાઓના અનુવાદો અને સ્વતંત્રરુપે વાર્તાઓ 'સદી'માં પ્રસિધ્ધ કરેલી. ઈતિહાસનો કોઈ પ્રસંગ કે જીવન અનુભવે પ્રાપ્ત એવા પ્રસંગોને બહેલાવવામાં હાજીની શકિત પૂરેપૂરી ખીલે છે. રોથફિલ્ડથી માંડીને શ્રીવાસ્તવના હિંદી અનુવાદો એમણે 'સદી' માટે કર્યા હતા. સાથોસાથ પોતાની સર્જનશકિતને કામે લગાડી 'નિહાલ ગવૈયો','સુંદરબા', 'શૂડા પહોરનો વૈરાગ્ય' જેવી વાર્તાઓ અને 'સલીમ' ઉપનામે કેટલાક રમૂજી સ્કેચ 'સદી'માં પ્રકટ કર્યા હતા.

રણજીતરામ મહેતા વિશે ધીરુભાઈ ઠાકર નોંધે છે કે રણજીતરામે 'સુંદરીસુબોધ' અને 'સદી'માં વિવેચનો લખીને ટૂંકીવાર્તાને વિશિષ્ટ સાહિત્યપ્રકાર તરીકે પ્રતિષ્ઠા આપવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો હતો. પરંતુ 'સદી'માં રણજીતરામના આ પ્રકારના કોઈ વિવેચનો જોવા મળતા નથી. 'સદી'ના પ્રકાશન સમય પછી એક વર્ષે જ સ્વર્ગસ્થ રણજીતરામને અંજલિ આપતું લલિતનું કાવ્ય અને મુનશીનો શ્રધ્ધાંજલિ અર્પતો લેખ પ્રકટ થયેલો. ( અંક : ૪, જુલાઈ ૧૯૧૭ ) રણજીતરામની પ્રેરણાથી હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદીની કેટલીક કાઠીયાવાડના લોકસાહિત્યને રજૂ કરતી કથાઓ 'સદી'માં પ્રસિધ્ધ પામી છે એમાં 'જૈતરી જાલણશી', 'વીજરો મેરજી વાજો', 'હંસ અને માંનસરોવર' જેવી કથાઓ પ્રસિધ્ધ છે.

એકથી વધુવાર નવલિકાના લેખકો તરીકે હરખજી મુળજી વ્યાસ, મિસ્કીન, મુળજી દુ. વેદ, છગનલાલ પંડ્યા, હસમનરાય ધ્રુવ અને સુદર્શનના નામો આગળ તરી આવે છે અહીં પણ નવોદિતોનું વૈવિધ્ય ખાસ્સુ છે. મહિદાસ પ્રેમજી માસ્તર, યોગેશ, કપિલદેવ માલવીય જેવા નવોદિતોને સ્થાન આપીને નવલિકા સ્વરુપને યથામિત તાકવાનો પુરુષાર્થ કરનારાઓનો પુરસ્કાર કરાયો છે.

<u>૦ ધારાવાહી કથાઓ :-</u> ધારાવાહી વાર્તાની શરુઆત 'સદી'ના પ્રથમ અંકથી જ હાજીના હાથે થયેલી 'તાજમહેલના બાગમાં એક રાત' નામની આ લાંબી વાર્તા સર એડવીન આર્નોલ્ડની વાર્તાનો અનુવાદ છે જે 'સદી'ના બે અંકમાં પ્રસિધ્ધ થઈ છે. એ પછી હાજી ધ્વારા ઓટો રોટફિલ્ડની વાર્તાનો અનુવાદ 'દિલારામ' નામે ૧૯૧૬ ના ઓગષ્ટથી પ્રસિધ્ધ થવા માંડી હતી. મોગલ અને રજપૂત સમયની આ રસિક વાર્તા જાન્યુઆરી ૧૯૧૭ માં છ પ્રકરણને અંતે પૂર્ણ થયેલી. 'દિલારામ' વાર્તાની પ્રસિધ્ધ સાથે હરિસાધન મુખોપાધ્યાયની બંગાળી વાર્તાનો અનુવાદ હાજીએ 'સલીમ' ઉપનામે 'મોગલ રંગમહેલના ભેદભરમો' શીર્ષક હેઠળ પ્રકાશિત કરવા માંડી હતી. ઐતિહાસિક કથા પ્રસંગોને ગૂંથતી આ વાર્તા પૂરા એકવર્ષ સુધી 'સદી'માં પ્રકાશિત થઈ હતી. ૨૯ પ્રકરણોની આ વાર્તા દરેક અંકે બે-ત્રણથી વધીને ચાર પ્રકરણોમાં પ્રકાશિત થતી રહેલી. હરિસાધન મુખોપાધ્યાયની બંગાળી નવલકથા પરથી 'શીશમહલ' નામની ધારાવાહી વાર્તા પણ હાજી ધ્વારા રૂપાંતર પામીને 'સદી'ના અંક એપ્રિલ – ૧૯૧૮ થી શરુ થયેલી. જે ચાર અંકોમાં ત્રીસ પ્રકરણો સુધી ફેલાયેલી છે.

આ વાતાઓ પ્રાચીન – ઐતિહાસિક સંદર્ભો, રાજકીય છળકપટ અને પ્રણયના સંવેદનોને ગૂંથતી કતૂકરાગી કથાઓ છે. ઈતિહાસના વસ્તુવિષય પરત્વેનું હાજીનું આકર્ષણ અહીં ધ્યાન પર તરત આવે. હાજીનું જેમ અંગ્રેજી અને મરાઠી જેવી ભાષાઓ પર પ્રભુત્વ હતુ તેમ બંગાળી ભાષા પરત્વે હાજીનું આકર્ષણ એમણે કરેલા બંગાળી નવલકથાના અનુવાદોમાં જોઈ શકાય છે. વિવિધ ભાષાની જાણકારી હાજીની સંપાદકીય કુનેહનો એક ભાગ હતી એ કારણે એડવીન આર્નોલ્ડ જેવા અંગ્રેજી લેખકોથી માંડીને બંગાળીના નવલકથાકારોના સર્જનોને તેમણે 'સદી'ના પાને ચમકાવ્યા. તુલનાત્મક સાહિત્યના અભ્યાસ સંદર્ભે એવી કોઈ વિશેષ કાળજી ન હોવા છતાયે હાજીની આ પ્રજ્ઞા 'સદી'ની મુદ્રાને ઘડવામાં કેટકેટલી ખપમાં લાગી હશે એનો અંદાજ સહેજે આવી શકે છે.

'કોનો વાંક', 'વેરની વસૂલાત' અને 'પાટણની પ્રભુતા' લખ્યા પછી ક.મા. મુનશી સાહિત્યજગતમાં એવા છવાયા હતા કે 'સદી' કાઢવાના ઘણા વર્ષોના સ્વપ્નને સિધ્ધ કરવા મથતા હાજીએ મુનશી સાથેના પ્રથમ મેળાપમાંજ મુનશીની ભવિષ્યની પાંચ નવલકથાઓના હકક ખરીદ કરવાની ઈચ્છા દર્શાવી હતી. પણ મુનશીએ માત્ર 'ગુજરાતનો નાથ' લખવાનું વચન આપ્યુ હતુ.[36] મુનશીએ હાજીને આપેલુ આ વચન ૧૯૧૭ માં પાળી બતાવ્યુ અને 'સદી'માં નવલકથાકાર મુનશીની 'ગુજરાતનો નાથ' પ્રસિધ્ધ થવાની શરૂઆત થઈ મુનશીના કથારસનું પ્રબળ ખેંચાણ, ગુજરાત પ્રદેશના વિષયને તાકતુ વસ્તુ અને રવિશંકર રાવળની પીંછીએ સજીવન થઈ ઊઠતાં કથાના પાત્ર – ચિત્રાંકનોથી 'સદી' શોભવા લાગ્યુ ૧૯૧૯ માં 'ગુજરાતનો નાથ' પૂર્ણ થઈ એ પછી મુનશીની ખ્યાત નવલકથા 'પૃથિવીવલ્લભ' એપ્રિલ–૧૯૧૯ થી શરુ થઈ હતી જે ૧૯૨૦ ના જૂન અંક સુધી પ્રકાશિત થયેલી. આ બંને નવલકથાઓનું 'સદી'માં થયેલુ પ્રકાશન સાહિત્યિક જગતમાં એક નોંધનીય ઘટના હતી. કારણકે આ અગાઉ 'ગુજરાતી' જેવા કેટલાક સામયિકોને બાદ કરતા ધારાવાહી નવલકથાનેભાગ્યે જ આટલી લોકપ્રિયતા પ્રાપ્ત થયેલી. મુનશીના સર્જન કૌશલને ઘડવાની ઉત્તમ તક 'સદી' એ આપી આ કારણે નવલકથાકાર મુનશીની શકયતાઓ પૂર્ણપણે વિકાસશીલ બની. હાજીએ આપેલા પ્રોત્સાહક વાતાવરણની મુનશી પર એવી અમીટ છાપ પડેલી કે હાજીના અવસાનથી બંધ પડેલા 'સદી' પછી એ પ્રકારના જ સામયિકને શરુ કરવાની મુનશીને જરુરિયાત

દેખાઈ હતી. જે 'ગુજરાત' સામયિક સ્વરુપે આપણી સામે છે.

આ સિવાય 'સદી'માં હરિસાધન મુખોપાધ્યાયની વાર્તા 'શાહજાદા ખુશરુ' નો અનુવાદ હરખજી મૂળજી વ્યાસ ધ્વારા ધારાવાહીરુપે પ્રસિધ્ધ થયેલો પ્રેમચંદની વાર્તા 'સેવાસદન' પણ 'સદી'માં ધારાવાહીરુપે લાંબા સમય સુધી ચાલી હતી.

મુનશીની નવલકથાઓથી માંડીને બંગાળી લેખકોની નવલકથાઓ તરફ દ્રષ્ટિ માંડતા સહેજે ધ્યાનમાં આવશે કે આ કથાઓ ઈતિહાસના વસ્તુ વિષયને સ્પર્શતી નવલકથાઓ છે. લોકરુચિને પોષવા માટે અંતરસંઘર્ષની કથાવસ્તુ ભાગ્યે જ પસંદ થયેલી છે. લગભગ તમામ કથાઓને શૌર્ય, પ્રણય, સ્વાભિમાન, વતનપ્રેમ જેવા વિષયોમાં ગૂંથીને વાચકોને રસતરબોળ કરવાનું, કુતુહલભર્યા પ્રશ્નો છેડવાનું વલણ રહ્યું છે. સમાજજીવનના ગંભીર પ્રશ્નોને તાકવાની મથામણો કે ભારતીય સંસ્કૃતિ, આદર્શોને મૂર્તિમંત કરતી વૈચારિક સૃષ્ટિ એમાં જોવા નહી મળે. લોકપ્રિયતાના માપદંડે આ કથાઓએ 'સદી'ની લોકપ્રિયતાનો ઉંચો આંક પાર પાડી બતાવ્યો છે જેની હાજીને હંમેશા આકાંક્ષા હતી.

આ તમામ ધારાવાહી કથાનું 'સદી' ને અનોખું મહત્વ હતુ એ કારણે 'સદી'ના ઉઘડતા પાને, અનુક્રમણિકા પછી તરતજ, નવલકથાના પ્રસંગને તાદ્રશ્ય કરતું ધ્વિરંગી કે એકરંગી ચિત્ર આર્ટપેપર પર મૂકાતુ. નવલકથાઓની વચ્ચે પણ ચિત્રોની બહુવિધતા કથાના પાત્રોને સજીવ કરી આપતી મુનશી કે 'ચૂનમૂર્તિ' ર.વ. દેસાઈની નવલકથાકાર તરીકેની લોકપ્રિયતામાં ચિત્રકારોના પ્રદાનનો અભ્યાસ કરવા જેવો છે.

० સંવાદો : લેન્ડોરના સંવાદોની શૈલીનું સફળ અનુકરણ કરી શકેલા આપણી ઉદ્દેશીના કેટલાક સંવાદોમાંના 'બિલ્વમંગળ', 'ચિંતામણી' જેવા સંવાદો 'સદી'માં પ્રકાશિત થયા હતા. જો કે આ પ્રકારના સંવાદોમાં મર્મને પામવાની કોઈ ગંભીર મથામણ પ્રાપ્ત થતી નથી. પોકળ લાગણીભરી ભાષાને કારણે કેટલીકવાર આવા સંવાદો નિરસ લાગે છે.

० <u>હળવા નિબંધો</u> : રમૂજી સ્કેચ, ઠઠ્ઠાચિત્રો અને હાસ્યવાર્તાઓનું પ્રમાણ 'સદી'નો ઘણો ભાગ રોકે છે. 'ઈનસાન', 'મસ્તફકીર', ઓલિયા જોશી, છોટાલાલ જાગીરદાર, અમૃતલાલ પઢીયાર અને કેટલીકવાર હાજી ખુદ આ પ્રકારની રચનાઓ આપવા પ્રવૃત્ત થયા હતા.

ક્યારેક પ્રસંગો ધ્વારા તો ક્યારેક ઉદાહરણો આપીને હાસ્ય પ્રેરતા આ લખાણોમાં

આપણા પ્રારંભિક દશાના હાસ્યસાહિત્યના કેટલાક ચમકારા જરૂર જોવા મળે છે. 'ઈનસાનના કહાણીએ ઈલ્મે રુહાની', 'કહાણી એ કકડધસ', 'ધાસલેટનું ધમસાણ', 'કહાણીએ તસવીર કાઢનાર' મુખ્ય છે. ઓલિયા જોશી અને મસ્તફકીર હાસ્ય સાહિત્ય ક્ષેત્રે દાખવીને જીવાતા જીવનની સાવ શુષ્ક ભાસતી વિગતોમાંથી હાસ્ય નિષ્પન્ન કરવામાં સફળ બને છે. ઓલિયા જોશીનો વિમાકંપની પરનો 'લ્યે લાલોને ભરે હરદાસ' જ્યોતીન્દ્રનો વીમા પરનાં હાસ્ય નિબંધનું સ્મરણ કરાવી રહે છે. આ ઉપરાંત ઓલિયા જોશીના 'મોટાઈના સંતાપ', 'ગુર્જરરાષ્ટ્રના યોધ્ધાઓ', 'મહિષી આગળ મીમાંસા', 'કેળવણીનું ફદ' જેવા અનેક લેખો પ્રસિધ્ધ થયા હતા. મસ્તફકીર 'સદી' માં સતત હાજર રહેલા સર્જક છે. એમના 'સામે પારે કેમ જવાય ? અથવા મુંબઈનાં મોટર અકસ્માતો' જેવા લેખથી ખુશ થયેલાં હાજીએ મસ્તફકીર પાસેથી નોંધપાત્ર સંખ્યામાં હાસ્યનિબંધો મેળવીને 'સદી'માં પ્રકટ કરેલા. 'બોડકું માથું' જેવા વિષય ઉપર મસ્તફકીર અને ઓલિયા જોશી જેવાં બંને હાસ્યકારોની ભિન્ન રમૂજશૈલીનો લાભ લેવાયો હતો. મસ્તફકીરના કેટલાક ધ્યાન ખેંચે તેવા હાસ્યલેખોમાં 'કલદાર રૂપિયો', 'બિલાડો' સળંગ બે-ત્રણ અંકો સુધી પ્રકાશિત થયા છે. છોટાલાલ જાગીરદાર 'મ્હારાં ફઈબા' જેવા સળંગ હાસ્યલેખમાં હાસ્યરસના કુશળ લેખક તરીકેની સિધ્ધિ પ્રાપ્ત કરે છે. અમૃતલાલ પઢીયારના પ્રકાશિત થયેલા હાસ્યલેખોને એ સમયગાળામાં સારી એવી નામના મળેલી તેમનાં નોંધપાત્ર લેખોમાં 'તમને તે કેવી વહુ જોઈએ છે ?', 'હું ને કાંઈ નહી હું', 'વીસમી સદીનું પતિત શાસ્ત્ર', 'આપણાં બાવાઓનાં હાલ' જેવા લેખો ધ્યાન ખેંચે છે. 'તંત્રી નો ભાઈ મંત્રી' પાસેથી 'માંરી જંગલમાં મુસાફરી' અને આર.પી. ઠક્કરના 'કવિતા કરવાનું કારખાનું' જેવા હાસ્યલેખો 'સદી'ની વિશેષ બાજૂ છે. કેટલીકવાર તો ત્રણ-ચાર હળવા નિબંધો એક જ અંકમાં પ્રકટ કરાયા છે. એ ઉપરથી અનુમાન કરી શકાય કે તંત્રીનું વલણ આવા લેખો આપવાનું વિશેષ રહ્યું છે. સ્પષ્ટતયા સમૂહને આકર્ષવાની હાજી-દ્રષ્ટિ એમાં જણાય છે. શુષ્ક અને ગંભીર વિષયોથી પર થઈને લોક સમુદાય ને સાહિત્યવાચન તરફ દોરી જવા માટે હાજી આ પ્રકારની સામગ્રીનો પ્રથમથી જ આગ્રહ રાખતા જણાય છે. ફુરસદના સમયમાં વ્યકિત ગંભીર વિચારને તાકતા લેખો તરફ ભાગ્યેજ આકર્ષિત થાય એવા વર્ગને કળાના મુલ્ય સુધી લઈ જવા હળવા વાચનની અનિવાર્યતા એક રીતે તો પ્રારંભનો તબક્કો ગણી શકાય. પાંડિત્યભર્યા લખાણોમાં આરાધાયેલુ સાહિત્ય ઉચ્ચ શિક્ષિતો સુધીજ સીમીત રહ્યુ જ્યારે 'સદી' પ્રજાના

સામાન્ય એવા મજૂર વર્ગ સુધી પહોંચતુ થયુ હોય તો આવા વિનોદાત્મક અને રમૂજ પ્રેરતા લખાણોથી એમ કહેવુ નિરાધાર નથી.

૦ નાટક : નાટકનું સાહિત્ય સ્વરુપ 'સદી'માં બેઠાયુ છે ખરું પણ આજ સુધી બનતુ આવ્યુ છે એમ અલ્પમાત્રામાં જ આવા પ્રયોગો જોવા મળે છે. ખુશાલ શાહ પાસેથી 'દુનિયા ઝુકતી હય' અને 'મહાત્માનો હઠયોગ' જેવાં બે લાંબા નાટકો અહીં પ્રાપ્ત થાય છે ખુશાલ શાહના નાટકો એ પછી 'ગુજરાત'માં ઠીકઠીક સંખ્યામાં પ્રાપ્ત થયા હતા એ પરથી કહી શકાય કે નાટ્યક્ષેત્રે ખુશાલ શાહને પ્રોત્સાહન આપવાનું અને નાટ્યસર્જનની દિશાએ પડવાનું કાર્ય 'સદી' ધ્વારા થયું હતું. 'જામન ધ્વારા પ્રાપ્ત થયેલુ નાટક 'શંભુમેળો' કોર્ટમાં બનતી અદાલતી કાર્યવાહીને એક ફારસના રૂપે રજૂ કરે છે. ત્રણ અંકોમાં વહેંચાયેલુ આ નાટક આપણી રૂઢ સ્થિતિ અને બોદા વ્યવહારોને સ્થૂળ હાસ્યમાં મૂકી આપી ચાબખા લગાવે છે. ન્હાનાલાલના 'નૂરજહાન' ના અંક ત્રીજાનો છઠ્ઠો પ્રવેશ પણ 'સદી' માં પ્રસિધ્ધ થયો હતો. નાટકોની આ અલ્પસંખ્યાજ બતાવે છે કે નાટ્યલેખન એ સમયગાળામાં કોઈ નોંધપાત્ર ઉન્મેષ સિધ્ધ કરી શકયુ નથી ન્હાનાલાલ મુખ્યત્વે કવિ તરીકે, મુનશી નવલકથાકારના રુપે હાજર છે પરંતુ એમના પ્રસિધ્ધ એવા નાટકો 'સદી' મેળવી શકયુ નથી. નૃસિંહ વિભાકર જેવા રંગકર્મીની હાજરી 'સદી'માં અવારનવાર દેખા દે છે ખરી પરંતુ એમના ધ્વારા પણ કોઈ નાટ્ય રૂપાંતરો પ્રાપ્ત થયા નથી. જે રીતે નવલિકાક્ષેત્રે એ સમયમાં વિપુલ સંખ્યાએ અનુવાદો થયા એટલી સંખ્યામાં નાટકોના અનુવાદની શકયતાઓ પડેલી હોવા છતા આ સમયગાળામાં ઓછાં નાટ્ય રૂપાંતરો મળે છે. એ પછીના સમયમાં નાટ્યરૂપાંતરો અંગે જાગૃતિ આવતી જણાય છે. વ્યવસાયી રંગભૂમિના અથવા તો ભવાઈના ઉત્તમ અંશોને પ્રયોજવા તરફ માત્ર 'સદી' જ નહીં, પણ તે સમયના અન્ય સામયિકોએ પણ ઉદાસીનતા જ સેવી છે એ ભૂલવું ન જોઈએ.

૦ પ્રવાસ : પ્રવાસવર્ણનના ક્ષેત્રે 'ગુરુજીની સાથે પૃથ્વી પર્યટન' લેખમાળા ડો. જગદીશચંદ્ર બોઝના વિવિધ દેશોના પર્યટનની માહિતી આપે છે. બોઝના શિષ્ય બસીસ્વરસેને લખેલા પ્રવાસપ્રકરણોનો કાન્તિલાલ પંડયાએ અનુવાદ કર્યો છે. જેમાં બોઝના વ્યકિતત્વની વિધવિધ છટાઓ, બોઝના સન્માન સમારંભો, શોધ-સંશોધનો અને સ્થળવિશેષની રસપ્રદ માહિતીઓ આલેખાઈ છે. આ સિવાય 'ધારાપુરી અથવા પૂરીની એક સફર નામે હિંમતલાલ અંજારિયા કૃત મુંબઈ નજીક આવેલા પ્રવાસનું વર્ણન અને માવજી ગોવિંદજી શેઠ ધ્વારા કલકત્તા પ્રવાસનું વર્ણન 'સદીમાં' પ્રાપ્ત થાય છે.

○ <u>'સદી'ની વિલક્ષણ લેખ સામગ્રી :</u> સામયિકનું 'વીસમી સદી' જેવું સૂચક નામ રાખીને નૂતન યુગની આબોહવાને તાદૃશ્ય કરતી સામગ્રી સૌથી વિશેષ તો લેખ બાબતે મળી આવે છે. 'સદી'માં પ્રકટ થયેલા લેખો વિષય વ્યાપની દૃષ્ટિએ અનોખું વૈવિધ્ય ધરાવે છે. અન્ય સામયિકોથી ઉફરા જઈને 'સદી'એ લેખોનું પ્રકાશન વાર્તા, કવિતાની તુલનાએ નવાયુગના અવાજને ઓળખવા ચોક્કસ હેતુપુર:સર કર્યું સર્જનના ક્ષેત્રમાં સર્જકને શબ્દનો સ્વામી ગણતા હાજીએ એમના ઉત્તમને 'સદી'માં સ્થાન આપ્યું પરંતુ લેખ બાબતે હાજીના સૂચનો, એની વિશાળ દૃષ્ટિ અને નવા જગતને અવલોકવાની અભ્યાસી વૃત્તિના પરિણામે 'સદી'માં લખાયેલા લેખો વિશિષ્ટ છે. આ વિલક્ષણ સામગ્રી જુદા જુદા અનેક ક્ષેત્રોને ધૂમી વળે છે. એમાં ચરિત્ર, વિજ્ઞાન, ફિલસુફી, માહિતી, સ્થળ વિશેષ લેખો તેમજ સાહિત્ય, કળા, ચિંતન, ઈતિહાસ, કેળવણી, આરોગ્ય વ્યાયામ, પ્રાસંગિક ઘટનાઓ પરના લેખો જેવી અનેરી વિવિધતા છે. આ લેખોને શુષ્કતા કે નિરસભર્યા ઉપદેશવાક્યો બનાવવાના બદલે વાચકો એ લેખને કુતૂહલ વૃત્તિને વશ થઈ વાંચી શકે એવી રસાળ ભાષામાં મૂકવાનો પ્રયત્ન અહીં જણાઈ આવે છે. સામાન્ય જનસમાજની માહિતીમાં વધારો થાય, વાચકોને નવીન જ્ઞાન સાથે ગમ્મત મળી રહે એવા ઉપાયો યોજવામાં હાજીનો જોટો જડવો મુશ્કેલ છે. ચાંપશી ઉદ્દેશી હાજીના આ પ્રકારના હેતુને વર્ણવતાં લખે છે કે.'વીસમી સદી' પહેલાનાં માસિકો 'વીસમી સદી' કરતા ઊંચી કક્ષાનાં જરુર હતાં પણ આધુનિક જીવનના વિવિધક્ષેત્રોને લગતા રસિક લેખો તેમાં આવતા નહીં એમાં તો મુખ્યત્વે 'શુધ્ધ સાહિત્ય' ને લગતા જ લેખો આવતા જ્યારે 'વીસમી સદી' માં તો 'સામે પાર કેમ જવાય ? એટલે કે કોઈ એક ફુટપાયરી ઉપરથી તેની સામેની ફુટપાયરી પર જવું હોય તો કેવી અને કેટલી સંભાળથી રસ્તો ઓળંગવો એ વિશે પણ સચિત્ર લેખ આવતો હાજી સાથેની વાતચીત પરથી લાગ્યું હતુ કે તેમનું ધ્યેય માણસને આધુનિક રીતે જીવન જીવવામાં ઉપયોગી નીવડે એવી અક્ષર સામગ્રી 'સદી'માં આપવાનું હતું. મને પણ લાગ્યુ કે 'સાહિત્ય' ની વ્યાખ્યા હવે વિશાળ થવી જોઈએ આપણે બજારમાં ટેબલ ખરીદવા જઈએ તો કઈ જાતના લાકડાનું ટેબલ પસંદ કરવું એ વિશે જ્ઞાન આપતો લેખ પણ હવે સાહિત્યમાં લખાવો જોઈએ. 'સદી' પહેલાનાં માસિકો મને એટલા પૂરતી ઉણપવાળા લાગ્યા હતાં.'[37] જમાના અને પલટાતા માનવજીવન સાથે તાલ મેળવવાની આ નીતિના કારણે સાહિત્યના સામયિકને બદલે આજના લોકપ્રિય સામયિકો કે અખબારોની પૂર્તિઓની હરોળમાં 'સદી'ને મૂકી દેવા મન લલચાય પરંતુ અગાઉ કહ્યું છે

જેમ કે સમયના વાચકોની રસવૃત્તિ ખીલવવા, કળાકીય ધોરણો સુધી લઈ જવાની ધીરજના એક ભાગરૂપ આ પ્રકારના લેખો પ્રસિધ્ધ કરવાનું હાજીનું વલણ રહયું હતુ જો કે તેમાં ચાંપલી ઉદ્દેશી નોંધે છે તેવા ખરીદીને લગતા સામાન્ય કક્ષાના લેખો કયારેય જોવા મળ્યાં નથી. વળી, ફૂટપાથ કેમ ઓળંગી શકાય એ તો 'મસ્તફકીર' ના હાથે લખાયેલો હાસ્યલેખ છે. એટલે એક અર્થમાં જ્ઞાનવિસ્તાર સાથે વાચકોને નવાનવા વિષયો તરફ પ્રેરીને જગતનું દર્શન કરાવવાનો પ્રયત્ન અહીં જણાઈ આવે છે. પંડિત યુગીન ચિંતન અને સાહિત્યકેન્દ્રી સામયિકો પછી આવા સાહિત્ય પ્રધાન છતાં વ્યાપકરૂપનાં સામયિકોને આગળ આવવા માંડયાં એની પાછળ પત્રકારત્વની જરૂરિયાતો, કશિલ તેમજ સમયની મુદ્રા પણ દેખાય છે.

વિવિધતા ધરાવતા આ લેખોમાં અનુવાદિત લેખોની સંખ્યા પણ વિપુલમાત્રામાં છે. સરોજિની નાયડુ, કોફમેન, બેકિંગહૈડ, લોથરોપ સ્ટેડાર્ડ, વિલિયમ રેમ્સે જેવા લેખકોના જુદા જુદા વિષયો પરના લેખોનાં અનુવાદ 'સદી'માં પ્રકટ થયા છે. ચરિત્રલેખોનું પ્રમાણ 'સદી'માં ધ્યાન ખેંચે એટલું નાવીન્ય ધરાવે છે. ચરિત્રલેખો માટે પંકાયેલા 'કુમાર' સામયિકની બરોબરી કરી શકે એટલા ચરિત્રલેખો 'સદી'એ પ્રસિધ્ધ કર્યા હતા. એમાં ભારતીય મહાપુરુષોથી લઈને જગત ઈતિહાસની અનેક વિભૂતિઓના ચરિત્રોએ સ્થાન લીધુ છે. ભારતીય મહાપુરુષોમાં જગદીશચંદ્ર બોઝ, ફારસી ભાષાના વિધ્વાન પંડિત કવિ ચંદ્રભાણ બ્રાહ્મણ, મહંમદઅલી ઝિણા, દાદાભાઈ નવરોજી, પ્રીન્સ-રણજી, ફિરોજશાહ મહેતા, પંડિત જગન્નાથ, મહાત્મા કબીર, અરવિંદ ઘોષ, રવીન્દ્રનાથ જેવા મહાનુભાવોના જીવનકાર્યની ઝાંખી મળે છે. વ્યકિત સંદર્ભે કોઈ નાવીન્યસભર ઘટના બનતાજ એ વ્યકિતના ચરિત્રને 'સદી'એ પ્રસિધ્ધ કર્યા હતા. ચીમનલાલ સેતલવડ મુંબઈ યુનિ. ના વાઈસ ચાન્સેલર બનતાં સેતલવડનું નમૂનેદાર રેખાચિત્ર તુરતના અંકમાંજ 'સદી'એ પ્રકટ કરેલું. સયાજીરાવ ગાયકવાડના બાળપણથી માંડીને તેમના રાજયવહીવટની કાર્યદક્ષતાને ચીંધતો ન્હાનાલાલનો દીર્ઘલેખ સયાજીરાવના કાર્યોને અંજલિ આપે છે. ગાંધીજીની વિચારસૃષ્ટિ પર ચર્ચા કરતા અને જીવનકાર્ય પર પ્રકાશ પાડનારા બે લેખો 'સદી'માં પ્રસિધ્ધ થયા છે.

ગુજરાતી સાહિત્યના <u>વ્યકિતવિશેષોમાં</u> રણજીતરામ, મુનશી, મલયાનિલ, અમૃતલાલ પઢીયાર વિશેના લેખો છે જે મુખ્યત્વે સ્વર્ગસ્થને અપાયેલી અંજલી છે. જયારે વિદેશી મહાનુભાવોમાં સેસિલ રહોડ્ઝ, લોર્ડ મોર્લી, ફિલ્ડમાર્શલ ફોશ, લોર્ડ કિચનર, લોઈડ જયોર્જ નામાંકિત પત્રકાર વિલિયમ હર્સ્ટ, એલ.પી. ટેસીટોરીનો પરિચય જુદા જુદા

લેખકોના હાથે થયો છે આ લેખોમાં જીવનવિષાયક માહિતીઓને બદલે એમના જીવનકાર્યને વિશેષા મહત્વ અપાયું છે આ કારણે વિભિન્ન ક્ષેત્રોના સિધ્ધિશીલ પુરુષાોના જીવનસંઘષાો, મથામણો અને સિધ્ધિ વિષાયક બયાનનો એક રોમાંચક મુસદ્દો પ્રાપ્ત થાય છે.

એ સમયમાં <u>વિજ્ઞાનની શોધખોળ સંદર્ભે</u> 'સદી'એ જેટલા લેખો પ્રકાશિત કર્યા છે એટલી સંખ્યામાં ભાગ્યે જ કોઈ સામયિકમાં વિજ્ઞાન વિષાયક લેખોની પ્રસિધ્ધિ થઈ છે અવનવી માહિતીઓ ધ્વારા વાચકની એ સંબંધી દ્રષ્ટિ વિકસે અને વિકાસોન્મુખ વિજ્ઞાન યુગનો પરિચય પામી રહે એવા પ્રયત્નો 'સદી'માં દેખાય છે. વિદેશી સામયિકોમાં શોધખોળ સંબંધી કોઈ ઉત્તમ લેખ છપાયેલો જોઈને હાજી તાબડતોબ એના અનુવાદ માટેની શકયતાઓ વિચારતા. પુષ્કળ તસવીરો, રેખાચિત્રોની તૈયારીઓ થતી અને મૂળમાસિકમાં આવેલા લેખ કરતા પણ ચઢીયાતો લેખ બની રહે એવી શૈલીથી વાચકો સામે રજૂ કરવા તત્પર થતા. કાંન્તિલાલ પંડયા 'સદી'ની આ સિધ્ધિને બિરદાવતા લખે છે : ''મારા અનુભવથી હું બોલું તો 'વસંત'ની પછી હાજીના 'સદી'ને તથા રમણીયરામના તે કાળના 'સમાલોચક'ને મૂકું સને ૧૯૧૬ થી ૧૯૨૦ ના ત્રણચાર વર્ષ લગી આ બંને સામયિકોએ વૈજ્ઞાનિક સાહિત્યને ગુજરાત માં પ્રકટ કરવામાં જે તત્પરતા તથા આદર બતાવ્યા છે તે આજે પણ અસાધારણ છે અને હંમેશા ધન્યવાદને પાત્ર રહેશે.' [૩૫]

વિજ્ઞાન વિષાયક લેખોમાં મુખ્યત્વે વિજ્ઞાનીઓની શોધખોળ સંદર્ભે, વિજ્ઞાનની અવનવી શોધ વિશે, પદાર્થો અને રસાયણો પરના લેખો ધ્યાન ખેંચે છે. 'સીનેમાના દિલ ધડકાવનારા દેખાવો' લેખમાં ટ્રીક સીન વિશેની માહિતી ઉધ્ધવજી ઠકકર ધ્વારા અપાઈ છે તો એક પ્રાણીના અવયવને બીજા પ્રાણીમાં સહેલાઈથી બેસાડી શકાય એ અંગેની શોધ કરનારા ડૉ. કેરલના લેખનો અનુવાદ ચંન્દ્રશંકર અમૃતલાલ ધ્વારા મળે છે. કાન્તિલાલ પંડયાના અનેક વિજ્ઞાનલેખો 'સદી'માં દેખા દે છે જેમાં દીર્ઘાયુષ્ય અપાવનારા વિજ્ઞાનશાસ્ત્રી મૈકનિકોફનો લેખ, છાશ અને દીર્ઘાયુષ્ય, જગદીશચંદ્ર બોઝનું વકતવ્ય 'ચૈતન્યના પોકારો' નામે, રેડિયમ જેવા પદાર્થ વિશે, એડીસનની 'નવી સદીની દુનિયા કેવી થશે ? ભવિષ્યવાણીની ચર્ચા કરતો લેખ

ધ્યાન પાત્ર છે. સર વિલિયમ રેમ્સેએ વિજ્ઞાનની વિઘાતક અસરો પર વ્યકત કરેલા વિચારોનો અનુવાદ લેખ 'વિજ્ઞાનની ચેતવણી' એ સમયમાં પ્રકાશિત થાય છે જયારે આપણું વિજ્ઞાન પ્રારંભિક અવસ્થામાં હતુ. આજે આ લેખ 'એક ચેતવણી' શીર્ષકને યોગ્ય ઠેરવી દે છે છૂપી વાતો જાણવાનું યંત્ર (ડીટેકટાફોન) વિશે, જર્મન આકાશી નૌકા જૈપલિન અને સબમરીન પર જાણકારી આપતા લેખો 'સદી'માં સચિત્ર પ્રકાશિત થયા હોવાને કારણે વિજ્ઞાન વિષયને પણ પ્રજા હોંશથી વાંચતી થઈ.

૦ <u>ઉદ્યોગ સંબંધી લેખોમાં</u> હાજીનું વલણ વિકસતા જતા નવા ઉદ્યોગોનો પરિચય કરાવી એમના ગુણદોષના પાસાઓની ચર્ચા કરવાનું, એ ઉદ્યોગમાં પ્રજા પરિબળોને દોરવાનું તો કયારેક એવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનું રહયું છે. અહીં વિશ્વવ્યાપારની સ્થિતિથી માંડીને તાતા આયર્ન અને સ્ટીલ વર્કસ, ઝંડુ, ધ એકમી મેન્યુ કંપની જેવા ઘર આંગણામાં વિકસતા ઉદ્યોગોને ઉત્સાહ પ્રેરતા લેખો પ્રાપ્ત થયા છે. હરગોવિંદદાસ પારેખનો 'ભારતમાં ન્હાના ઉદ્યોગની ખીલવણી', ઉધ્દવજી ઠકકરનો લેખ 'સીનેમેટોગ્રાફ' અને 'ડ્રાયકલીનીંગ' આપણા ઉદ્યોગ પ્રતિની દિશા ચીંધતા લેખો છે. કયારેક પશ્ચિમના વ્યાપારની તુલના વડે ભારતીય વ્યાપારની શકયતાઓની ચર્ચા કરતા લેખો પણ પ્રકાશિત થયા છે.'પશ્ચિમનો સાહસિક વેપારી ચાહનો રાજા લિપ્ટન' આ પ્રકારનો લેખ છે.

<u>માહિતી પ્રધાન લેખો</u> વિવિધ વિષયોની નવીન માહિતીઓ આપે છે. આગમાંથી કેમ બચવું ? એવો લેખ વિવિધ ઉપાયોને તસવીરો ધ્વારા રજૂ કરે છે તો 'હિંદી પ્રધાનની ઓફિસ કેવી છે'? એ વિશે માહિતી આપતો લેખ 'સદી'માં પ્રસિધ્ધ થયો છે. તુર્કસ્તાનના વિકાસમાં સ્ત્રી વર્ગે ભજવેલી ભૂમિકા ઉપરનો લેખ 'તુર્ક રમણીઓ અને દેશસેવા' રમણીક મહેતા ધ્વારા મળ્યો છે. ડૉ. જમશેદ ન. લદા 'આખી જીંદગીમાં મનુષ્યનું ખાનપાન કેટલું ? એ વિષયક રસપ્રદ માહિતી આપતી ગણતરી માંડે છે. મનુષ્ય આખી જીંદગીમાં ૧૪ ટન વજનની રોટલી કે પાંઉ ખાઈ જાય છે' જેવી માહિતીઓથી આખોયે લેખ ખીચોખીચ છે. અહીં જંગબારના સમુદ્રમાંથી મળેલી અજબ માછલી, જાદુ, ચાર્લી ચેપ્લિન વિશે એમના ભારતીય મિત્ર સચેતસિંઘનો લેખ મળી આવે છે તો ફિલ્મમાં પ્રાણીઓની કરામતો વિશે, બુશ ટર્મીનલ સીસ્ટમ વિશે, પીપલ્સ પેલેસ અને જાપાન, ન્યૂયોર્ક જેવા દેશ કે મહાનગરની માહિતીઓ પ્રાપ્ત થાય છે. અહીં સ્થળ વિશેષનો પરિચય કરાવતા અસંખ્ય લેખો છે. જેમાં

મંદિરોના નગર જામનગર, બગદાદ તાજમહેલ, વારાણસી, માથેરાન, અમૃતસર, આંદામાન જેવા શહેરો સ્થળો વિષાયક વિગતે પરિચય અપાયો છે.

o જીવનવિચાર કે અધ્યાત્મલક્ષી પાસાંની ચર્ચા કરતા લેખોનું પ્રમાણ 'સદી'માં નહીવત છે તે છતા મહાત્મા નથુરામ શર્મા ધ્વારા 'નિષ્કામ કર્મ', શ્રેયસની શોધ - જ્યોતિ ધ્વારા, કોફમેનના લેખનો અનુવાદ 'બાલૈબાનું મિથ્યાત્વ' અને જયસુખલાલ મહેતાના 'ગુપ્તપ્રેમ' જેવા લેખો નજરે ચઢે છે.

o આરોગ્ય અને વ્યાયામ સંબંધી લેખોને અપાયેલું મહત્વ 'સદી'નું વિલક્ષણ પાસુ છે. 'કોકેન અથવા ૧૯મી સદીમાં ઉદ્‌ભવેલું કાળનું એક નવું સ્વરુપ' વ્યાપ્ત કેફી દ્રવ્યો સામે ચેતવણીરુપ લેખ છે. ફળ અને વનસ્પતિનો ઔષાધ તરીકે ઉપયોગ, ક્ષાય જેવા રોગ વિશેનો લેખ અને અંગબળ વિકસાવવા માટે પ્રેરતા, ધનુર્વિદ્યા વિશેના, સ્વરક્ષાણની વિવિધ પધ્ધત્તિઓના લેખો ભાટિયા સેન્ડો મુહરમલ લેખરાજ પાસેથી મળ્યા છે. અહીં શરીર સૌષ્ઠવને દર્શાવતી અનેક તસવીરો પ્રકટ થયેલી જોઈ શકાશે.

o સમકાલીન ઘરનાની ચર્ચા કરતા લેખોમાં દેશ-વિદેશના જુદા જુદા ક્ષેત્રો તરફ 'સદી' મીટ માંડે છે. 'ધંધા વ્યવહાર પર હાલના યુધ્ધની અસર' એ અંગે ચર્ચા થયેલી છે. 'રશિયાની રાજ્યક્રાન્તિ', જર્મન નૌકાસૈન્ય શું કરવા ધારે છે ?', 'વર્તમાન ફ્રાન્સનો તખતો', 'જર્મન રાષ્ટ્રીય કાર્યસિધ્ધિની રીતિઓ ' 'જાપાનમાં કામદારોની સ્થિતિ', 'સીનફિન આયર્લેન્ડના સ્વતંત્રતાના પ્રયાસો' જેવા લેખો વિદેશના બનાવો પર ચર્ચા-વિમર્શ કરે છે.

ઐતિહાસિક વિગતોને ચર્ચતા લેખોમાં '૩૦૦ વર્ષ પહેલા અકબરના જમાનામાં હિંદુસ્થાનની સ્થિતિ' જેવો દીર્ઘલેખ દુર્ગાશંકર શાસ્ત્રી ધ્વારા પ્રાપ્ત થયો છે. રમણીક મહેતા 'આસ્માની સુલતાની' માં રાજ્ય વહીવટની ચડતી પડતીઓનો આલેખ પૂરો પાડે છે. નવલિકા અને નવલકથામાં ઈતિહાસના વસ્તુવિષાયને લેખકોના [આરાધના] વર્ગ સામે ઐતિહાસિક સંદર્ભોની સૂક્ષ્મ છણાવટ કરતા લેખોનું પ્રમાણ નહીવત છે. એ આશ્ચર્ય પ્રેરે છે. ઈતિહાસને તથ્યના સ્વરુપે સ્વીકારવાના બદલે જાણેકે ઈતિહાસને કૌતુકમય કથાના સ્વરુપમાં બહેલાવવાનું વલણજ એમાં ભાગ ભજવતું હશે.

માનસશાસ્ત્રીય વિચારને તાકતો યોગેશનો લેખ 'સ્વસૂચનાનું મહત્વ' ચાર પ્રકરણોમાં વિભાજીત થયેલો છે. આ પ્રકારની ચર્ચા કરતા વધુ લેખો 'સદી'માં જોવા મળ્યા

નથી. યોગેશ જેવા નવોદિત અભ્યાસી પાસેથી માનવમનના પાસાઓને ચર્ચતો લેખ 'સદી'ની દ્રષ્ટિનું અવગાહન જરુર કરાવે છે પરંતુ માનસશાસ્ત્રીય વિચારણાની ભૂમિકા ઘડતા આ પ્રકારના લેખો 'સદી'એ વારંવાર પ્રકાશિત કરવાનું વલણ કેમ રાખ્યુ નહી હોય એવો પ્રશ્નાર્થ મૂકી જાય છે.

વિશ્વંભરનાથ જજ્જા ધ્વારા સ્ત્રીઓની દશા અને એમના ઉધ્ધાર વિષયક લેખ સ્ત્રીઓની પ્રવર્તમાન સ્થિતિ પર દ્રષ્ટિ ઠેરવે છે. કેળવણી વિષયે અમેરિકામાં છોકરાઓની કલબ વિશે ચર્ચા કરતો લેખ, 'મુસલમાની સમયમાં કેળવણીને ઉત્તેજન' અને દક્ષિણામૂર્તિ ભવનની પ્રવૃત્તિનો અહેવાલરૂપ લેખ મળે છે. 'ગુજરાતને સંદેશ' જેવા પત્રમાં પણ મુંબઈ યુનિ.ના વાઈસ ચાન્સેલર ચિમનલાલ સેતલવડ શિક્ષણના પ્રસારની ઝંખના સેવતા જણાય છે. પ્રવર્તમાન કેળવણીની ચર્ચા કરતા લેખોની સંખ્યા બહુ ઓછી છે.

સાહિત્ય અને કળા સંબંધી લેખોની સંખ્યા સંતોષજનક સ્થિતિએ 'સદી'માં પ્રસિધ્ધ થયા છે. 'આજના નાટકો' - મનસુખલાલ માસ્તર, પ્રશ્ચિમવાસીઓનો પૂર્વની ભાષાનો અભ્યાસ - હાજી, 'કરણઘેલો' - નાનચંદ વખારીઆ, રંગભૂમિ ઉપરનો રંગ - ચંદ્રશંકર બુચ, ગુજરાતી અને મારવાડી ભાષાઓનું સગપણ - રમણભાઈ નીલકંઠ, 'મેઘદૂત' પર ન્હાનાલાલનો વિસ્તૃત લેખ 'સદી'ની સાહિત્ય પ્રીતિને વ્યકત કરે છે. રંજિતલાલ પંડયાનો 'ગુજરાતમાં સાહિત્ય અને કલાનો વિકાસ' ૫૩ પૃષ્ઠોનો દીર્ઘ લેખ ગુજરાતી ભાષાના તમામ સિધ્ધહસ્ત લેખકો અને નોંધપાત્ર ઉન્મેષોની નોંધ લે છે. ગુજરાતી ભાષાના સર્જકોની અલભ્ય તસવીરો સાથે ગુજરાતી સાહિત્યની આબોહવાને ચીંધતો આ ધ્યાનાર્હ લેખ છે. છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રદર્શન વિશેનો લેખ પણ 'સદી'ના પૃષ્ઠો પર જોઈ શકાય છે. આ સાથે નૃત્ય, શિલ્પ અને ચિત્રકળા ઉપરના લેખો 'સદી'એ પ્રકટ કર્યા છે. ભારતીય ચિત્રકારોને પ્રકાશમાં લાવવા હાજીએ 'આપણા ચિત્રકારો' નામની લેખમાળા 'સદી'માં શરુ કરેલી લેખમાળા વિશે રત્નસિંહ ઠકકરે નોંધ્યુ છે કે :' એ લેખમાળાથી જ અનેક ઉગતા કલાકારો પોતાને - પોતાની શકિતને ઓળખતા થયા હતા અને પ્રજા તેમની કૃતિને જોવા અને પરખવા જેટલી સમજણી થઈ હતી.'[૩૯] ફોટોગ્રાફીક્ષેત્રે અનન્ય સિધ્ધિ દાખવનારા જહાંગીર તારાપોર, ચિત્રકાર અનંત માલી, શાહપૂર ન. લેદવાર, એમ.વી. ધુરંધર જેવા કળાકારોની કળા વિષયક સિધ્ધિઓને એમના

પ્રસિધ્ધ ચિત્રો - તસવીરો સાથે 'સદી'માં જુદાજુદા લેખકો ધ્વારા બિરદાવ્યા છે. અહીં રોશનઆરા, આના પાવલોવા, વૉન રથ સેન્ટ ડેનીસ ની નૃત્યકળા સંબંધી લેખ, મુંબઈના રોયલ ઓપેરા હાઉસને એક નમૂનેદાર નાટકશાળા ગણાવતો લેખ, પોષ્ટર અને જાહેરખબર ચિત્રો પરનો સમીક્ષા લેખ અને હિંદુ મૂર્તિઓમાં પ્રાપ્ત થતાં અનેકવિધ કૌશલની ચર્ચા કરતો દુર્ગાશંકર શાસ્ત્રીનો લેખ 'સદી'ની માત્ર પૃથક્જનની અનુચ્ચવૃત્તિ ને સંતોષી લોકપ્રિયતા મેળવનારા સામયિકની છાપ ભૂંસી નાખવા પૂરતા છે. જ્યારે જ્યારે તક પ્રાપ્ત થઈ છે ત્યારે 'સદી'એ ઉંચી નેમ રાખીને અન્ય સામયિકોની બરાબરી કરી શકે તેવા અને કયારેક તો એનાથી ચઢીયાતા લેખો આપ્યા છે.

'સદી'માં કેટલીક નોંધપાત્ર લેખમાળાઓ પ્રકાશિત થઈ છે. જેમાં ઠાકોર શિવનંદન સિંહની 'દેશદર્શન' લેખમાળા જનજીવનના સાંસ્કૃતિક, સામાજિક, કેળવણી જેવા અનેક પાસાઓ પર સમસામયિક સ્થિતિની ચર્ચા કરે છે. ભારતના શ્રમીકો, વિવાહસંસ્કાર, સ્ત્રીઓની સ્થિતિ, ભારતદેશના પશુ-પ્રાણીઓની સ્થિતિ, વૃક્ષ અને પશુજગત જેવા વિવિધ ક્ષેત્રોની વિચારણાને તાકનારી છે. ભારતીય જનજીવન વિશે અવનવા ચિત્રો આંકી આપતી આ લેખમાળા 'સદી'નો વિશેષ ગણી શકાય. 'કાગળનો એક ટૂકડો - એલચી ખાતામાંના એકનો એકરાર' જેવી લેખમાળા વિશેષ તો રહસ્ય કથા જ છે. યુરોપનો રાજયવહીવટમાં ચાલતા પ્રપંચોને રજૂ કરતી કથાને લેખનું નામ અપાયું છે. 'પ્રીન્સ બીસ્માર્કની પડતીની કથા કહેતી 'યુરોપના દરબારોના છુપાભેદો' પણ આ ગોત્રને મળતી જ કથા છે. જેમાં જનમનરંજનના હેતુ સિવાય કશું વિશેષ સિધ્ધ થતું નથી.

બસ્સોથી પણ વધુ સંખ્યામાં પ્રસિધ્ધ થયેલા નાનામોટા લેખોના વિષયવૈવિધ્યે 'સદી' ને માહિતી અને જ્ઞાનખચિત બનાવવામાં સિંહફાળો આપ્યો હતો. કવિતા, વાર્તાની તુલનાએ લેખસામગ્રીની કોઈપણ નવીન માહિતીઓને ચિત્રો સાથે રજૂ કરવાના હાજીના અભિગમે લેખને શુષ્ક માહિતીના ભંડાર જેવા બનાવવાના બદલે એ લેખોને જુદાજુદા દ્રષ્ટિકોણથી રસાળ બનાવ્યા છે. વિધવિધ ક્ષેત્રોના વિધ્વાનો અને ખ્યાત સર્જકોના હાથે લખાયેલી લેખ સામગ્રીમાં નવાનવા સર્જકોનુ પ્રદાન અહીં પણ નોંધપાત્ર છે. સર્જકની શકિત કઈ દિશામાં છે એ જાણી જનારા કુશળ સંપાદક હાજીએ અનેક વિધ્વાનો પાસે લેખો લખાવીને 'સદી'ને સમૃધ્ધ કર્યું હતુ. દર માસે પ્રકટ થતા ચારથી પાંચ જેટલા લેખોમાં એ સમૃધ્ધિ સતત આંખ સામે રહે એવી અને એટલી માતબર છે.

o <u>વિવેચન ધોરણોનો અભાવ</u>

સાહિત્યના ક્ષેત્રે એ સમયગાળામાં ખ્યાત વિવેચકો કામ કરતા હોવા છતાં વિવેચન - અવલોકના કે સમીક્ષારૂપ લખાણોનો અભાવ 'સદી'માં દેખાય છે. એવી બહોળી સામગ્રીને પ્રકાશિત કરવાનું હાજીનું વલણ પણ નહોતું ને છતા રંગભૂમિ પર ભજવાયેલા નાટકોની સમીક્ષા કરવાનો 'સદી'નો અભિગમ નોંધનીય ગણી શકાય એમ છે. એ સમયમાં ભજવાયેલા પીજામના નાટક 'અફલાતુન', 'સ્નેહ સરિતા', નવા નાટય પ્રયોગોની ચર્ચા કરતો ગડકરીનો લેખ અને ગુજરાત નાટક મંડળીના 'સુધાચંદ્ર' નાટકના ટૂંકસાર સાથેની સમીક્ષા 'સદી'માં જોવા મળે છે. નાટકની ભજવણીથી માંડીને અભિનયના તમામ પાસાઓની ચર્ચા કરતા આ લેખોની થયેલી ઉગ્રચર્ચાઓ પણ 'સદી'માં નિહાળી શકાય છે. પુસ્તકોની સમીક્ષાઓનું પ્રમાણ 'સદી'માં ઓછું છે. કોઈવાર 'પુસ્તક પરિચય' નામે તો કોઈવાર 'અવનવા પુસ્તકો' નામે પ્રકાશિત ટૂંકી નોંધ આખરે 'ગ્રંથાવલોકન' શીર્ષક હેઠળ પ્રસિધ્ધ થતી રહેલી જણાય છે. આવા અવલોકનોમાં 'હિંદુસ્તાન' ના સ્વરાજ્યાંકને કે. મી. હોનીમનના વ્યાખ્યાન અને લેખો વિષાયક ચર્ચાઓ પણ પ્રાપ્ત થાય છે. નરસિંહરાવ જેવા જાણીતા સાક્ષર પાસેથી 'ગુજરાતનો નાથ' નો ઉપોદ્ઘાત 'સદી'માં પ્રકટ થયેલો. 'અવનવા પુસ્તકો' અંતર્ગત પ્રસિધ્ધ થયેલા 'ભદ્રપુરની ભદ્રશ્યામાં' નવલકથાનું અવલોકન એ સમયની વિવેચન પરિભાષાનો નમૂનો પૂરો પાડે છે. જુઓ એ સમીક્ષાના શબ્દો' વસ્તુસ્ફોટન વિસ્તારી છે છતાં ગૂંચવારો નથી થતો. પૂર્વાપર સંબંધ જળવાયેલો રહે છે. અને વાર્તા પૂર્ણ થાય ત્યારેપણ અંતરંગ સાધી જરાપણ શ્રમ કે કષ્ટની અસર વગર સ્થિર રચના તરીકે નજર આગળ એકય સંકલના તરીકે બની રહે છે. વાર્તામાં પ્રવેશ કર્યા પછી આકર્ષણ વધે છે, ઉત્સુકતા ઉત્કટ બને છે. અને અંત સુધી તે જાગ્રત રહે છે. અનેક પાત્રોના વૃતાંતમાં ગ્રંથકારે બહુ કૌશલ દર્શાવ્યું છે. સૃષ્ટિ રચનાનાં વર્ણન પણ કેટલેક સ્થળે બહુ સુંદર છે. સ્નેહ અને પ્રેમનો મનો વ્યાપારનું ઉંડુ પૃથ્થકકરણ કરી વાર્તારસ અનેક મનોહારી પ્રસંગોથી જમાવ્યો છે. સ્નેહાળ સ્ત્રી હ્દયની સ્નિગ્ધતા અને કોમળતા તેમજ મુગ્ધવિવશ પ્રેમી હ્દયની આતુરતા અને ઉત્તમ ભાવના યુકત વર્તન રસિકતાને સદ્વિચાર.બંને પ્રેરે છે. આથી સાધુતા અને દુષ્ટતાનું તાદ્દશ્ય ચિત્ર ખડુ થાય છે'[૪૦]

સાહિત્ય સંપ્રવ્યયો અને વિવેચનશૈલીને ઘડવામાં સામયિકોનાં પુસ્તકાવલોકનો, સમીક્ષાઓ, વિવરણો અને વાદવિવાદોએ સીમા ચિહનરૂપ ફાળો સમયાંતરે આપ્યો

કર્યો છે. આવી સમીક્ષાઓ કે વાદવિવાદોને નિયમિત પ્રસિધ્ધ કરવાની, વાચકોના પત્રરુપે પ્રતિભાવો પ્રસિધ્ધ કરવાની નીતિ 'સદી'ની રહી નથી તે છતા કેટલાક નવા પુસ્તકોની વિવેચના પુસ્તક પરિચય કક્ષાએ 'સદી'માં વિવેચનનો ઝબકાર મૂકી જાય છે. સળંગ વિવેચનો પ્રકટ કરી વિવેચનની પરંપરાને વિકસાવવાની હાજીની પ્રથમથીજ કોઈ ઉમેદ નહોતી એમનું ધ્યેય હંમેશા પ્રજાલક્ષી રહેવાનું અને વિવેચનની પ્રક્રિયામાં પસાર ન થવાનું એ કારણે પણ સંભવ હોય કે એ સમયના સામયિકો આ પ્રકારનું કામ કરી જ રહ્યા હતા. હાજીને તો નિત્યનૂતન સર્જવું હતું.

○ સામગ્રીમાં અતિરંજક તત્વોની ઉપાસના ?

કવિતા, નવલિકા, નવલકથા અને લેખસામગ્રી કે અન્ય સ્વરૂપોની સામગ્રીઓને સમગ્રપણે અવલોકતા એવું કહી શકાય કે વિધ્વતાના ભારેખમ બોજ ધરાવતી સામગ્રીઓને બદલે લોકરુચિને સ્પર્શતી સામગ્રીઓ તરફ 'સદી'ની દ્દષ્ટિ ઠરેલી આ કારણે કવિતા, વાર્તા અને લેખોમાં ક્યારેક સરળતાપૂજક વલણના અત્યાગ્રહે સાહિત્યકળાના તત્વોને સહન કરવાનું બન્યા કર્યું છે. મુનશીની જ નહી પણ અન્ય લેખકોની અતિરંજકતાને ઉપાસવાનું આ વલણ પ્રજાકીય વર્ગનો ટેકો જરુર ધરાવતું હતું પરંતુ માહિતીપ્રદ, મનોરંજક અને હળવી શૈલીના લેખ-વાર્તાઓને લીધે 'સદી'ને ટીકાપાત્ર થવું પડ્યું તેમાં વજૂદ છે. વાડીલાલ શાહ હાજીને 'મસ્તફકીર'ની કક્ષાએ મૂકી આદર આપે છે. ખરા પણ વિષયવસ્તુમાં જણાઈ આવતી ગંભીરતાની ઉણપ વિશે સખેદ નોંધ લઈ એટલે જ કહી દે છે કે :' વીસમી સદી માટે મ્હને બહુ માન નથી '[૪૧] તે છતા હાજીના ધ્યેયને યાદ રાખીને એટલું ચોકક્સ કહી શકાય કે આ વિપુલ સામગ્રીઓમાં કેટલાંયે ઉંચી પ્રતિના સર્જનો 'સદી'માં પ્રકટ થયા છે. નવલિકાના સ્વરુપને અનેક ચિત્રો સાથે, સર્જકોના પરિચય સાથે પ્રયોજીને લોકપ્રિય કરનારા હાજીએ એ સમયમાં અનેક વાર્તાકારો માટે સર્જનની નવી દિશા સંપડાવી હતી. અનુવાદોના અતિરેક પાછળ પણ હાજીનો 'કંઈક વિશિષ્ટ' પ્રકટ કરવાનો આગ્રહ રહેલો જણાશે. એ સમયગાળાના તમામ સાહિત્યકારોને 'સદી'માં એમણે સ્થાન આપ્યુ. આગ્રહ કરીને લખાવ્યું ત્યારે એ સામયિકને માત્ર મનોરંજક સામયિક તરીકે અવગણી શકાય નહી. હાજીના ધ્યેય શુધ્ધ હતા. એમની સાહિત્યનિષ્ઠા પ્રથમપંકિતના સાહિત્યકારથી જરાપણ ઉતરતી ન હતી. અન્ય સાહિત્યિક સામયિકોની: સામગ્રી પ્રત્યે તેઓ સજાગ હતા. વિશુધ્ધ સાહિત્ય અને કળાના ઉચ્ચ ધોરણોનું મૂલ્ય

સ્થાપવા પ્રજાના વાચનરસને ઊભો કરવાની અનિવાર્યતા હતી. જે ફરજ હાજીએ નિભાવી. મુઠ્ઠિભર ગ્રાહકો લઈને શુધ્ધ સાહિત્યના લખાણો મર્યાદિત બનીને રહે એના બદલે એવા સાહિત્ય અને કલા પ્રત્યે સમસ્ત પ્રજાનું ધ્યાન ખેંચવાનો હાજીનો આ પ્રશસ્ય પ્રયત્ન છે. હાજી એ અર્થમાં ખરા કીમીયાગર છે. 'બુધ્ધિપ્રકાશ''સદી'ની આ પ્રકારની વસ્તુસામગ્રીનાં નવીન અંશોને પ્રથમથીજ વધાવી લે છે. 'બુધ્ધિપ્રકાશ'ને 'સદી'માં નીચેની સામગ્રી અન્ય સામયિકો કરતા વિશિષ્ટ લાગી છે.[૪૨]

૧) સચિત્ર લેખો.

૨) સ્ટેજ પર ભજવાતા નાટકોની સમીક્ષા.

૩) સમર્થ કુશળ ચિત્રકારો અને એમના ચિત્રો.

૪) પ્રસિધ્ધ પુરુષોની એકરાર.

'સદી'ની સચિત્રતાએ માત્ર 'બુધ્ધિપ્રકાશ'ને જ નહી પણ ગુજરાતના તમામ સાહિત્યરસિક વાચકોને એ સામયિક પ્રત્યે નજર માંડવા લલચાવ્યા. એમના આ અનન્ય પાસાને આપણે વિગતે અવલોકીએ.

o <u>'સદી'નું શિખર : સચિત્રતા :</u>

આજ સુધીના સમગ્ર સાહિત્યિક પત્રકારત્વમાં એક અને અનન્ય રહેવા સર્જાયેલા 'સદી' નું સૌથી વધુ ધ્યાન ખેંચતું પાસું તો એ ચિત્રાત્મક (ઈલસ્ટ્રેટેડ) હતુ એ છે. સમગ્ર ગુજરાતના સામયિકો જ્યારે કંગાળ દશાએ પ્રસિધ્ધ થતા હતા ત્યારે હાજીએ ચિત્રમય સામયિકને શરુ કરવાની મથામણ આદરી. લડાઈ અને મોંઘવારીના સમયમાં આવા ચિત્રમય માસિકનું પ્રકાશન કરવું અને જબરું સાહસ હતું. વળી, સાહિત્યિક સામયિકોના વાચકોની સંખ્યા એટલી અલ્પમાત્રામાં હતી કે આ પ્રકારના સામયિકને શરુ કરવાનો કોઈ ભાગ્યેજ વિચાર કરી શકે પરંતુ હાજીનો દૃઢ મત હતો કે ચિત્રોની વિવિધતાથી વાચકોના મનને જીતી શકશે. એમની આ આશા બહુ ટૂંકાગાળામાં સફળ થયેલી જોઈ શકાય છે.

'સદી'ના ૮૦ જેટલાં પૃષ્ઠોમાં ૫૦ થી ૫૫ જેટલા ચિત્રો રહેતાં એના પ્રથમ અંકનું મુખપૃષ્ઠ ધુરંધર ચિત્રકાર પાસે તૈયાર કરાવડાવી પરદેશમાં બ્લોક બનાવવા મોકલેલું એ વાત આજે તો આશ્ચર્ય સાથે સામયિકને સચિત્ર કરવાના વ્રત પ્રત્યે આદર પ્રેરે એવી છે. પ્રથમપૃષ્ઠ ત્રિરંગી કે દ્વિરંગી રહેતું. અંદરના પૃષ્ઠોમાં જાણીતા ચિત્રકારોના

અનેક ચિત્રો આર્ટપેપર પર પ્રસિધ્ધ થતા. કોઈપણ લેખ, વાર્તા વગેરે, નાનકડો સંદેશો પણ ચિત્રોથી શણગારાયેલો 'સદી'માં જોઈ શકાય. મુદ્રણક્ષેત્રે નવો યુગ સ્થાપી આપનારા હાજીમાં ચિત્રકળા પ્રત્યે એટલી સજાગ રુચિ રહી હતી કે કયાં લેખ સાથે કેવુ ચિત્ર તૈયાર કરવુ, ચિત્ર તૈયાર કોણ કરશેની પ્રાથમિક માહિતી મનમાં ઝડપથી આકાર લઈ ઉઠતી. દિવાળીના વિશેષ અંકોમાં તો ૭૦ થી ૮૦ જેટલા ચિત્રો રહેતા. હાજીએ'સદી'ની આ ચિત્રાત્મકતા પાછળના કારણોને સમજાવતા નોંધ્યુ છે કે :' કવિતા, જ્ઞાન, ઈતિહાસ, વાર્તા-કથા, પ્રાસંગિક બોધ, જીવનચરિત્ર, અભિનય, નૃત્ય વિગેરે, આ સહુ ચર્ચાઓને અમે ખુશનુમાં, મનોહર ને રસપ્રદ બનાવી છે. ટીકા-સમાલોચનાના જ્ઞાનપ્રધાન લેખોને અમે રસપ્રધાન ક્ષેત્રમાં વિહરતા કર્યા છે. સુંદર કવિ પ્રકૃતિને અમે અનુપમ ચિત્રપટમાં ઉતારી છે જે સાહિત્યનો આત્મા તરત સમજાય નહી તે અગોચર, અલખ વસ્તુનું લક્ષગોચર એટલે નજરને ઠેરવતું-ઠરાવતું દર્શન આંખ આગળ રજૂ કરી સૌંદર્યની ચટક લગાડી ચિત્રદર્શન ધ્વારા કાવ્યના આત્માને સુગમ, સુલક્ષ્ય, સરલ બનાવવો એ કામ અમુક અંશે 'વીસમી સદી'એ આરંભ્યુ છે'[૪૩] 'સદી'ની ચિત્રાત્મકતાનું પાસું એટલુ વૈવિધ્ય સભર અને વિશાળ હતુ કે 'સદી'માં ચિત્રો દોરનારા કેટલાક ચિત્રકારોનો 'સદી' ધ્વારાજ નિભાવ થતો. ચિત્રકળાની ગુજરાતમાં કદર વધારવાનો, યુવા ચિત્રકારોને તૈયાર કરવાનો આશય હાજીએ 'સદી' ધ્વારા પાર પાડવાના અનેક પ્રયત્નો કર્યા છે. એ સમયગાળાનાં તમામ સામયિકોએ આ સચિત્રતાની ભરપૂર પ્રશંસા કરી છે. એના મૂળમાં એ સમયનું આ પહેલું એવુ સામયિક હતુ કે જેમણે ગુજરાતના વાચક સામે રૂપરંગે વિશિષ્ટ એવા સામયિકનો યુગ શરુ કર્યો હતો. હાજીની કલાપ્રીતિએ અનેક ચિત્રકારોને પ્રોત્સાહન આપ્યું. રવિશંકર રાવળનો પ્રથમ પરિચય કરાવવાનુ માન 'સદી'ને છે તો ગોરક્ષકર, માલી, ધુરંધર, પુરુષોત્તમ, ત્રિભુવન પટેલ જેવા અનેક ચિત્રકારો, બી. બી. જુવેકર અને દત્તાત્રેય જેવા આશાસ્પદ ચિત્રકારોની કળાકીય પ્રતિભાને 'સદી'માં એમણે ચમકાવી છે. આ સઘળા ચિત્રકારોનો 'સદી'ના સ્વરૂપને ઘડવામાં બહુમૂલ્ય ફાળો હતો. ચિત્રકારોના મહત્વને સમજતા હાજી પ્રસંગોપાત એ ચિત્રકારોનું ગૌરવ કરવાનું ચૂકતા નથી. પુરુષોત્તમ, રવિશંકર રાવળ અને ગોરક્ષકરનું મુંબઈની આર્ટ સોસાયટી ધ્વારા

સન્માન થયુ અને રવિશંકર રાવળને 'બિલ્વમંગળ' ચિત્ર માટે સુવર્ણચંદ્રક અપાયો તેનો અભિનંદન આપતો લેખ હાજીએ 'સદી'માં પ્રસિધ્ધ કર્યો હતો. હાજીએ ત્યારે ઉમળકાથી લખ્યું છે :- અમારા અંતઃકરણના આશીર્વાદ છે કે રાવળની શકિત દિન-પ્રતિદિન સવિશેષ પ્રગતિ પામે ને ભારતના અખૂટ સાહિત્યની ખૂબીવાળા ચિત્રો એમના હાથે પ્રકટ થાય અમારા ચિત્રકારોનું જાહેર સન્માન અમને અભિમાનનું કારણ આપે છે'[૪૪] આ તમામ ચિત્રકારોની શકિતનો ઉપયોગ કરીને 'સદી' સતત નાવીન્યસભર્યા ચિત્રોની હારમાળા પ્રકાશિત કરતું રહયું હતું. રાવળે 'સદી'માં દોરેલા કેટલાક ઠઠ્ઠા ચિત્રો 'અફલાતુન' ઉપનામે પ્રકટ થયા હતા. 'ગુજરાતની પચરંગી પ્રજાનો સ્કેચ', 'ગુજરાતનો નાથ' અને 'પૃથિવીવલ્લભ' ના ચિત્રોથી રવિશંકર રાવળ ગુજરાતમાં જાણીતા થયા હતા.

ફોટોગ્રાફીના અનેક અલભ્ય નમૂનાઓ 'સદી'માંથી પ્રાપ્ત થાય છે. મુંબઈની ગુજરાતી નાટક મંડળીના નૃસિંહ વિભાકર કૃત 'સુધાચંદ્ર' નાટકની માત્ર સમીક્ષા પ્રકટ કરવાના બદલે વિવિધ અભિનય છટાની ૮ તસવીરો 'સદી'એ પ્રસિધ્ધ કરેલી. હિન્દી નેશનલ કોંગ્રેસની બેઠકના ૯૮ ફોટોગ્રાફ રજુ થયા છે તો 'સદી'ના અંક :૬, ૧૯૧૬ માં ૧૦૮ પૃષ્ઠના અંકમાંજ ૭૨ જેટલા ચિત્રો-ફોટોગ્રાફસ સમાવાયા છે એ ઉપરથી જણાશેકે અન્ય સામયિકો કરતા 'સદી'ની મુદ્રા આગવી અને અનોખી છે.

તારાપુર ન ભેદવાર, એમ. એ. કીર્તીકર, દેવ્હારે, એ. એચ. મુલર જેવા પ્રસિધ્ધ તસવીરકારોની ફોટોગ્રાફી કળાના નમૂનાઓ અહીં જોઈ શકાશે. આ તસવીરોની વિશેષતાતો એમના પ્રકાશ આયોજનમાં છે. બ્લેક એન્ડ વ્હાઈટમાં લીધેલી આ તસવીરો આજના કળાકારો માટે પણ પડકાર ઉભો કરે એવું કળાવિધાન ધરાવે છે. જરથોસ્તિ ધર્મનો સાર સુવિચાર, સુવાણી, સુકાર્યને યુવતીની તસવીરમાં જીવંત કરતા તારાપોરની કળા પર કોઈપણ વાચકને આદરની લાગણી થાય. આવા ખાસ હેતુને વરેલા ફોટોગ્રાફસ અને ચિત્રો વિશે, એની પ્રકાશ યોજના અને ચિત્રના ભાવોને ઉઘાડી આપતા આસ્વાદલક્ષી લેખો મૂકાતા જોઈને કહી શકાય કે પ્રજાવર્ગનો મનોરંજનના સપાટી પરના હેતુમાત્રને સંતોષવા જ નહીં પણ એવી કળાકીય બાજૂઓ તરફ પ્રેરવા હાજી સતત ઉદ્યમશીલ રહયા હતા. 'ગોવાલણી' વાર્તા પ્રસિધ્ધ થઈ ત્યારે પણ તારાપોરે વાર્તા વિષયને અનુરૂપ લીધેલા પુરા પાનાની ચાર તસવીરો એ

વાતાને નવું જ રુપ આપે છે. વિજયરાય વૈદ્ય એટલે જ નોંધે છે કે :' સ્વ. હાજીએ 'વીસમી સદી' ચાલુ કરીને ગુજરાતની ચિત્રકલાને પ્રકટ સ્વરુપ આપ્યું ત્યાં સુધી ખરુ કહીએ તો ગુજરાતની ચિત્રકળાની ભાવનામાં કે જીવ જેવું તત્વ નહોતું અને એ કલાના સાક્ષાત દ્રષ્ટાંત તરીકે બતાવી શકાય એવું તો કશું જ નહોતું'[૪૫] ચિત્રકલાની ભાવનામાં જીવ લાવવા માટે હાજીએ જે પરિશ્રમ કર્યો તેમાં પ્રજાને સાહિત્ય પ્રત્યે અભિમુખ કરવાની જ્વલંત ખેવના જ કામ કરી રહેલી જણાય છે.

'સદી'નું મુખપૃષ્ઠ ત્રણ રંગોમાં છપાતું 'સદી'નું પ્રથમ અંકનું મુખપૃષ્ઠ પરદેશમાં અને છેલ્લું મુખપૃષ્ઠ કલકત્તામાં છપાયું હતું. અનિવાર્ય સંજોગોમાં આ મુખપૃષ્ઠો ક્યારેક મુંબઈના લક્ષ્મીઆર્ટ કે હિંદુસ્તાન પ્રેસમાં છપાતા ત્રિરંગી ચિત્રોના બ્લોકનું કામ કલકત્તામાં વધુ સારુ થતુ હોવાને લીધે પાછળના કેટલાક વર્ષોમાં હાજીએ કલકત્તામાં વસતા ચાંપશી ઉદેશીની આ કામ બાબતે મદદ લીધેલી. ચાંપશી ઉદેશી એ પ્રસંગનું સ્મરણ કરતા લખ્યુ છે કે :' મેં એ કામને ખુશીથી ઉપાડી લીધુ અને એ કામમાં ખૂબ રસ પડયો મૂળ ત્રિરંગી ચિત્ર હાજી મોકલે તે બ્લોક મેકરને પહોંચાડી એ ચિત્રની નકલો છપાઈને રેલવે પાર્સલથી રવાના થાય ત્યાં સુધીનું બધુ જ કામ હું રસ અને આનંદપૂર્વક કરતો. આ કામ લગભગ દોઢવર્ષ સુધી ચાલ્યુ'[૪૬] ઉત્તમ ચિત્રોને પ્રયોજવાની મથામણના ભાગરુપે અનેક પાશ્ચાત્ય સામયિકો અને સંગ્રહોમાંથી કલા નિપુણ હાજીએ 'સદી' માટે ચિત્રો તૈયાર કરાવ્યા હતા. એ ચિત્રો મૂળ ચિત્રોનું અનુકરણ જરુર હતુ પરંતુ એમાં ગુજરાતી સંસ્કારનું ઉમેરણ થયેલુ જોઈ શકાય છે. 'જૂના જમાનાના લડવૈયાઓ' અને 'ગુજરાતના ઐતિહાસિક દ્રશ્યો', યુધ્ધ પછીના દ્રશ્યો' જેવી ચિત્રો-તસવીરમાળાઓ 'સદી'નું વિશિષ્ટ અંગ છે. 'જૂના જમાનાના લડવૈયાઓ' અને 'ગુજરાતના ઐતિહાસિક દ્રશ્યો' માં પૂરા પાનામાં વીર યોધ્ધાનું કે ઈતિહાસના અમરપાત્રને ચિત્રિત કરાતુ અને નીચે એની ટૂંકી નોંધ અપાતી. 'યુધ્ધ પછીના દ્રશ્યોમાં સૈનિકોની કલેઆમાર્થી માંડીને યુધ્ધને કારણે દારુણ દશાને પામેલા નગરોનો ચિત્રાત્મક અહેવાલ 'સદી' માંથી પ્રાપ્ત થાય છે. કવિ કલાપીના 'કેકારવ'માંના વ્યકત થયેલા ઉદ્ગારોને કે ન્હાનાલાલ ધ્વારા પ્રાપ્ત થતા 'મેઘદૂત'ના ભાષાંતર સાથે આપેલા બેનમૂન ચિત્રોને જોઈને એમ લાગ્યા વિના રહેતુ નથી કે માત્ર સાહિત્ય જ નહીં પણ ગુજરાતની ચિત્રકળાના વિકાસ ઈતિહાસને તપાસનારા અભ્યાસીઓએ

'સદી' સુધી જવું અનિવાર્ય બની રહે એ પ્રકારની ચિત્રકળાનું સંગમસ્થાન 'સદી' બન્યું છે. બચુભાઈ રાવત ગુજરાતમાં આરંભાયેલા ચિત્રકળાના ઈતિહાસમાં 'સદી'ના પ્રદાનની નોંધ લેતા કહે છે કે :' અને હવે પોળ પડોશમાં, બજાર હાટે કે ખેતીવાડીમાં રોજ નજરે તરતા ગુજરાતની તળપદી જનતાના વિવિધ લાક્ષણિક ચહેરા – (ટાઈપ્સ), તેમના પહેરવેશ અને પરિચિત રહેણી કરણીનું વાતાવરણ પોતાપણાની ભાવનાથી વાચકના અંતરને ખેંચવા લાગ્યું. હવે જ ગુજરાતણની લહેરાતી સાડીની હલક અને ગુજરાતના ગૃહજીવનના મીઠાં દૃશ્યો દિલચસ્પી જગાવવા લાગ્યા આમ્રઘટાના બુટ્ટાવાળા ગુજરાતના સપાટ ખેતરોના વિસ્તાર દૃશ્યો ફલેટ લેન્ડસ્કોપ અને કાઠિયાવાડની ઉરથલક જેવી ઉંચી નીચી ટેકરિયાળી ભૂમિ વચ્ચે રમતા નદી વહેણો હવે જ માભોમનું યથાર્થ દર્શન આપતા ચિતતંત્રના તાર ઝણઝણાવવા લાગ્યા. દેશ જ વ્યકિત અને વાતાવરણના હાર્દમાં પેસીને કરેલા અભ્યાસ અને ઉપાસનાનું એ ફળ હતુ અને દોઢેક વર્ષમાં મુનશીની વિખ્યાત નવલ 'ગુજરાતનો નાથ'ના ચિત્રો જોઈને ગુજરાત પોતીકી કળાનું ગૌરવ લેતુ થઈ ગયું.'[૪૭]

ચિત્રમયતાની વિશિષ્ટતાને કારણે 'સદી' ખુબજ ખ્યાત અને લોકપ્રિય બન્યું. સામયિક – ક્ષેત્રે ન ધાર્યા હોય એટલા વાચકોનો સહકાર એમને પ્રાપ્ત થયો હતો. તમામ વિષયો સાથે છપાતાં ચિત્રોને કારણે એમની બેહદ લોકપ્રિયતા હતી પરંતુ આ ચિત્રમયતાને કારણે જ અંકો અનિયમિત બનવાની અને સવિશેષ તો હાજીને ભોગવવા પડેલા અપાર આર્થિક નુકસાનની વાત અવગણી શકાય એમ નથી આવા સચિત્ર સામયિકને ચલાવવા માટે જોઈતાં નાણાંની વ્યવસ્થા કરવી અને સામયિકને નિયમિત પ્રસિધ્ધ કરવું એ વ્યાપારી ગુજરાતને માટે એક ઘટના જ ગણી શકાય.વળી, એ સમયમાં ચાલતા વિશ્વયુધ્ધને કારણે મુદ્રણ સામગ્રીઓના બેહદ ભાવવધારાએ હાજીની રહીસહી આશા ભાંગી નાખી હતી તે છતા જીવનનાં અંત સુધી હાજીએ સચિત્ર 'સદી' પ્રકાશિત કર્યું. વિકટ પરિસ્થિતિમાં આ સચિત્રતાને કંઈક અંશે નિવારીને સાદગીભર્યા અંકો કાઢવાનું તેમણે સ્વીકાર્યું નહોતું આ કારણે હાજીને સહન કરવાનો વખત આવી પડયો પરંતુ હાજીએ તો કળાનો લેખ લીધો હતો. નહીં તો આ પ્રકારની આપદ્ સ્થિતિમાંથી તે કેટલેક અંશે બચી શકયા હોત.

સચિત્રતા પ્રત્યેના આ ખંત અને તંતના કારણે કેટલીકવાર એવુ પણ બનવા પામ્યુ છે કે

સાવ નિમ્નકક્ષાના લેખ-વાર્તાઓ માં દેખાતી સુંદર ચિત્રોની શકયતાઓને લીધે એ 'સદી'માં સ્થાન પામ્યા છે. એટલે સાહિત્યના તત્વને અવગણીને ચિત્રકળાને અપાયેલું વધુ પડતું મહત્વ ઉભયપક્ષે હાનિકર્તા બની રહે છે. ચિત્રમય શણગારના અતિરેકમાં સાહિત્યને સહેવાનું અને કયારેક તો સામાન્ય કક્ષાની સામગ્રીને ટોચ પર પહોંચાડી આપવાના ઉદાહરણો 'સદી'માં મળી આવશે. નાનકડા જીવનવિચારમાં કે સૂત્રાત્મક પંકિતઓ પણ ચિત્રો વિના ભાગ્યેજ પ્રકટ થઈ છે. આવા અતિરેક સામે હાજીનું ધ્યાન જવુ જોઈતું હતુ. નૃસિંહ વિભાકર 'સદી'ની ચિત્રાત્મક બાબતે એથી નોંધે છે કે.' જેમ 'વીસમી સદી'નો ગુજરાત ઉપર અથાક ઉપકાર છે તેમ 'વીસમી સદી' અજાણતા જ ગુજરાતનું ગુન્હેગાર પણ બન્યું છે. 'વીસમી સદી' એ ગુર્જર સાહિત્યની સુંદર કૃતિઓને જેમ ચિત્રોથી ઓર સુંદર કરી બતાવી તેમ એજ ચિત્રોના ઠઠીરાથી કેટલાક કચરાની પણ ખોટી કિંમત અંકાવી. ગુર્જર સાહિત્યના ખોટા આંક ઘણા સમય થયા અંકાય છે પણ એ ખોટી આંકણીમાં 'વીસમી સદી' એ તો અવધિ કરી ! નિમાલ્ય જોડકણાઓ મોહક ચિત્રોના ચોકઠામાં કાવ્યકુંજો તરીકે શોભવા માંડયા ! ટાહથલી વાર્તાઓ રંગની પીંછી વડે ચમત્કૃતિઓ તરીકે પૂજવા લાગી. ધ્યાને પાત્ર એવા સાદા માનવીઓ દેવદેવીઓ જેવા ચિતરામણમાં ફુટી નીકળ્યા ! બાહ્ય ખોળિયાની ખુબસુરતીમાં આંતરતેજ ભુલાઈ ગયા ! ચિત્રસાહિત્યના ડાકડિમાકમાં રસ સાહિત્ય ચિત્રવત્ થઈ ગુયુ.! લેખકોના ફોટોગ્રાફ જોવમાં વાચકો લેખને વિસરી ગયા ! [48] જો કે ચિત્રાત્મકતાના આ આક્ષેપો સામે 'સદી'એ ગુજરાતી સાહિત્યના જે નોંધપાત્ર ઉન્મેષો દાખવ્યા છે એ ભૂલવુ ન જોઈએ કવિતા ક્ષેત્રે ન્હાનાલાલ, કાન્ત, કલાપી, નરસિંહરાવ, ઠાકોર અને નવોદિતોની રચનાઓ, મલયાનિલ અને અન્ય સર્જકોની વાર્તાઓ, મુનશીની નવલકથાઓ અને રમણભાઈ નીલકંઠથી માંડીને દુર્ગાશંકર શાસ્ત્રીના લેખોમાં સાહિત્યને ઉપાસવાના જે મનોમંથનો 'સદી'એ પ્રકટ કર્યા છે એ સમયગાળાની એ નોંધપાત્ર સિધ્ધિ છે.

० <u>'સદી'ની વ્યાપક ચાહના :</u>

'સદી'ની લોકપ્રિયતા આજસુધીના તમામ ગુજરાતી સાહિત્યિક સામયિકો માટે ઈર્ષ્યાનું કારણ બને એવી અનન્ય છે. 'સદી' ૧૯૧૬ માં પ્રકાશિત થયું ત્યારે પ્રથમ અંકના ૮૦ પૃષ્ઠો અને ૫૫ ચિત્રોથી ભરચક એવા આ અંકને જોઈને કેટલાક ગ્રાહકોએ માત્ર લલચાવવા ખાતર આ પ્રકારનો અંક પ્રકાશિત કર્યો છે એમ માનીને વિશ્વાસ કર્યો ન હતો. તે છતા આઠ આનાની કિંમતે કેટલીયે છૂટક નકલો તુરતમાં વેચાઈ ગઈ.

પરિણામે અંકના સ્ટોકમાં તુટ પડી અને 'સદી'ની માગણી સતત વધતી ગઈ. ચોરે ચૌટે પ્રસરી રહે એવા સ્વરૂપમાં 'સદી'ને પ્રકાશિત કરવાના હાજીના વલણોને કારણે સામાન્ય વર્ગની પ્રજાએ 'સદી'ને અજબ સહકાર આપ્યો હતો. ૧૯૧૩ માં પ્રકટ થયેલું 'સાહિત્ય' સામયિક એની લોકપ્રિયતાની ઉચ્ચ કોટીએ હતુ ત્યારે એમની ૪૦૦૦ જેટલી ગ્રાહક સંખ્યા હતી. ૧૯૨૨ માં પ્રસિધ્ધ થયેલા મુનશીનાં 'ગુજરાત'ની ગ્રાહકસંખ્યા માંડ ૬૦૦ જેટલી હતી જ્યારે 'સદી'ની ગ્રાહકસંખ્યા એ સમયગાળામાં સૌથી ઊંચુ લવાજમ હોવા છતા અંક :૪, ૧૯૧૮ માં નોંધ્યા મુજબ ૪૫૦૦ ઉપર પહોંચી હતી. જેમાં હાજીની યોજનાશક્તિ અને સામયિકના સ્વરૂપને ઘડવાની શૈલીનો મોટો ફાળો છે. 'સદી'ની લોકપ્રિયતાનું મુખ્ય પાસુ ચિત્રમયતા હતું. ચિત્રોના આકર્ષક રૂપરંગોથી મોહિત થઈને સામાન્ય જનપણ 'સદી'ને ઉથલાવી જોવા લલચાતો. 'મસ્તફકીર' આ મોહિનીનું વર્ણન એની રસાળભાષામાં આ રીતે આપે છે :'વીસમી સદી' જે દિવસે બહાર પડી હોય યાને છાપખાના માંથી છપાઈને પૂંઠા બંધાઈ કોટમાંથી ઘરે આવી હોય એજ દિવસે અચાનક સવારના પહોરમાં તમે ત્યાં જઈ ચઢો તો જે દેખાવ તમારી નજરે ચઢે તે તમે કદી ભૂલી ન શકો. 'સદી'ના ઢગને ઢગ ચારે બાજૂ પડયા હોય ઘરમાં ઉત્સાહ, આનંદ, કોલાહલ, ધામધૂમ ચારે તરફ દેખાય કેમ જાણે કુટુંબમાં નવીન બાળકનો જન્મ થયો હોય ! ઘરના એકએક માણસના હાથમાં 'સદી' માલુમ પડવાની બબરચી યાહસીન એક આંખે જરાકાંણો, સહેજ લંગડો અને મગજનો જરા ચક્રમ, પોતાનું કામ બાજુએ રાખી કોણી સુધી બે-ત્રણ વખત સાબુથી હાથ ધોઈ નવા માસિકના ચિત્રો નીરખવા બહાર આવવાનો જ ભલે પછી શેઠ ને બાઈ બુમ મારે પણ 'સદી' જોયા વિના તે કેમ ચાલે ?'[૪૯] 'સદી'ના મુખપૃષ્ઠથી અંતભાગ સુધી પથરાયેલી આ રસલીલા પાછળ વાચકો ઘેલા થયા હતા. લેખ, વાર્તાઓ અને કવિતાઓને એવા વિવિધ શૈલી સ્વરૂપે ગોઠવીને પ્રસિધ્ધ કરવાની હાજીની સંપાદનસૂઝે 'સદી'ને ઘરઘરમાં જાણીતું કર્યું. હાજીના ઘરનું રસોઈકામ કરનારા યાહસીન જેવા સામાન્ય જનસમાજને વાંચતા કરવાનું અને સાહિત્ય સૂંઘ ઘડવાનું કામ 'સદી'ની આ લોકપ્રિયતાએ કર્યું. પંડિત બદરીનાથ ભટ્ 'સદી'ની લોકપ્રિયતા વિશે નોંધે છે કે :' આનું પરિણામ એટલે સુધી આવ્યુ છે કે એક જગ્યાએ તો પંદરવીસ રૂપિયાનો પગાર મેળવનારા ચાર-પાંચ જણાઓએ પોતાનું નાનું સરખું

મંડળ બનાવીને પણ 'સદી' મંગાવવું શરુ કર્યું છે. મુંબઈથી કલ્યાણ, બાંદરા અને બીજા આસપાસના સ્ટેશનો સુધીની લોકલ ટ્રેનોમાં કેટલાકે 'વીસમી સદી' વડે પોતાનો રોજગાર શરુ કર્યો તે એવી રીતે કે એ લોકો રોજનું એક આનો ભાડુ લઈને 'વીસમી સદી' લોકોને ભાડે વાંચવા આપે. એ બધા ઉપરથી સમજાશે કે મનોરંજનના પાસાઓ અંદર પુષ્કળ હોય તો તેમના પર ખર્ચ કરતા ગરીબોનો જીવ પણ ચચકાતો નથી.'[૫૦] 'સદી'ની ગ્રાહક સંખ્યા પ્રથમ અંકથી ઉત્તરોત્તર વધતી રહી એમાં હાજીના વિશાળ મિત્રવર્ગનો ફાળો પણ ચોકક્સ રહ્યો હશે. 'સદી'ની ૩૬૦ જેટલી નકલો તો મિત્રોને જ મફત મોકલાતી હતી.[૫૧] 'સદી'એ એક વર્ષમાં જ વાંચનારાઓ પર એવી અજબ ભૂરકી નાખેલી કે 'સદી' પ્રકટ થયા પછીના છ માસમાં મુંબઈના કલેકટરે તેની પ્રતો લંડનના મ્યૂઝિયમ માટે અને ઈંડીયા ઓફિસના પુસ્તકાલયો માટે મોકલવાનું કહેવડાવ્યું હતું. 'સદી'એ પ્રકટ થતાની સાથે રેલવે સ્ટેશને વિવિધ સામયિકો અને પુસ્તકોનું વેચાણ કરતી વ્હીલર કંપનીને 'સદી'ની થોડી પ્રતો વેચાણ માટે રાખવા પૂછવામાં આવેલું ત્યારે વ્હીલર કંપનીએ દેશીભાષાના પુસ્તકો કે સામયિકોને વેચવા માટે નારાજગી વ્યકત કરેલી પરંતુ આઠ માસ પછી એ કંપનીએપોતેજ કાગળ લખ્યો કે :' અમે આપના પત્રની છૂટક નકલો અમારી દુકાનો-સ્ટોલ્સ પર વેચવા માટે રાખવા ઈચ્છીએ છીએ' તે દિવસથી 'સદી'ના અંકો એ કંપનીની દુકાનો પર સારી સંખ્યામાં રહેવા લાગ્યા.'[૫૨] 'સદી'ની આ લોકપ્રિયતાને કારણે, 'સદી'ના રુપરંગ અને વિષયવૈવિધ્યને કારણે 'બુધ્ધિપ્રકાશે' એમને વિદેશના સામયિકો 'સ્ટ્રાન્ડ', 'નેશનલ લંડન' વગેરેની હરોળનું ગણ્યુ હતું.[૫૩] તો ચાંપશી ઉદેશી 'સદી'ની લોકપ્રિય બાજુઓને આ રીતે મૂલવે છે :' એ માસિકની સચિત્રતાએ, વિષય વૈવિધ્યે અને મનોહારી રુપરંગે મને મુગ્ધ કરી દીધો. 'નેશ', 'સ્ટ્રેન્ડ' અને 'પીયરસન' એ ત્રણેના મિશ્રણસમું 'વીસમી સદી' લાગતું.'[૫૪] 'સદી'ને મળેલો વ્યાપક પ્રતિસાદ હાજીના પ્રયત્નોમાં ઉત્સાહપ્રેરક હતો. સાક્ષરથી માંડીને સામાન્ય જનસમાજ સુધી પહોંચતા 'સદી'ની લોકપ્રિયતાથી નવાનવા પ્રયોગો ગમે તે ભોગે કરવાની હાજીમાં હિંમત આવી હતી. સામે પડેલી વિકટ પરિસ્થિતિ વાચકોના જબ્બર ઉછાળાના કારણે હાજીને સરળ ભાસી હશે કારણકે 'સદી'ના પરદેશના અનેક વાચકો તો તાર મારફતે ગ્રાહક થયેલા અને અંક મળવામાં વિલંબ થતા તે માટે ટેલીગ્રામ પણ કર્યા હતા. 'સદી' પ્રત્યે વાચકનો અહોભાવ જોઈને

હાજી કહેવા પ્રેરાય છે કે :' કોણ કહેશે કે ગુજરાતને ગુજરાતીઓ રસહીન કે કલાહીન છે ? સૌંદર્ય પ્રભુની લીલા છે. ગુજરાતના જીવનમાં આનંદ, રસ, વિલાસ, સંતોષ-સુખ અમુક અંશે આપવો, વ્યાપારના વ્યવહારમાંથી બે ઘડી સાહિત્ય અને કલાનો મીઠો સ્વાદ ચખાડવો, જીવનમાં મીઠાશ આણવી, ધર્મ-કર્તવ્યને શોખનો વિષય બનાવવો, બરફ જેવા થીજી ગયેલા જ્ઞાનબોધને વહેતીધપતી ગંગાની ધારા જેવો મીઠો બનાવતો, બ્રહ્મજ્ઞાનીઓને બ્રહ્મરસ ભોગી બનાવવા, જડવાદીઓને પ્રેમભક્તિમાં પ્રરવા, થાકેલા હૃદયને આરામ આપવો, 'સાહિત્ય' અને 'કલા' નો આવા ગંગા જમના સમો સંગમ યોજવો એ અમારી મોટી અભિલાષા છે![૫૫] જો કે આ અભિલાષાને પ્રકટ સ્વરૂપ આપવા તથા માસિકનો આદર્શ સાચવવા ત્રીજા જ વર્ષે એમ લખવું પડે છે કે: 'અમને ન કલ્પાય એવી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે.'[૫૬] સચિત્ર સામયિકને સફળતાથી ચલાવવા માટે જોઈતા ગ્રાહકો 'સદી' જરૂર મેળવી શક્યું હતું પરંતુ યુધ્ધની પરિસ્થિતિ વિકરાળ બનતા તમામ સામગ્રીઓની અછત ઉભી થઈ. પરિણામે મોંઘવારીએ આંક વટાવ્યો. આ સમયમાં પણ 'સદી'ના અંકો યથાતથ સ્વરૂપે પ્રકાશિત થતા રહ્યા. જેના ફળસ્વરૂપ ૧૯૨૦માં 'સદી'નો ખોટનો આંક ૩૫૦૦ સુધી પહોંચ્યો હતો.[૫૭] હાજીની એ દેવાયુકત પરિસ્થિતિનું બયાન ચૌપશી ઉદેશીના શબ્દોમાં જ જુઓ : 'મેં જ્યારે પ્રથમ મુલાકાતે 'સદી'ના એમના સાહસની પ્રશંસા કરવા માંડી ત્યારે તેઓએ કહ્યું :'ભાઈ ! આ 'સદી' એ મારા બે બચ્ચાઓને કેળવણી આપવા જેટલું પણ મારી પાસે રહેવા દીધું નથી ! સાહિત્ય સેવા માટે હું પોતે ફકીર થવા તૈયાર છું પણ મારા બાળકોની આ દશા મને સાલે છે![૫૮] 'સદી'ની સ્થિતિ લડાઈને કારણે જ વધુ દયનીય બની હતી. એ ખોટનો ઉકેલ શોધવા હાજીએ 'સદી'ના આજીવન ગ્રાહકોની યોજના તૈયાર કરી હતી. હાજીએ મૃત્યુના દસ દિવસ અગાઉજ લખેલા તેમના મિત્ર પરના પત્રમાં આ યોજના વિશેની માહિતી રજુ કરી છે. હાજી તેમાં જણાવે છે કે : ' હાલમાં એક નવીન પ્રવૃત્તિ આદરી છે. રૂા. ૨૦૦ ભેટ કરનારને લાઈફ મેમ્બર ગણવા. એમ કરી જે સહાયતા થાય, ચાલુ વર્ષના ગ્રાહકોને નિભાવવાનો સાથસાથે પ્રયત્ન કરવો. પણ તે માટે જે રીતેના પ્રયત્નો કરવા જોઈએ એ મારાથી થતા નથી. થાય તેમ નથી. એટલે જ્યાં સુધી મિત્ર વર્ગ એ માટે યત્ન ન કરે ત્યાં સુધી એમાં વિશેષ સફળતા

ન આવે. જુન-જુલાઈ-ઓગષ્ટ-(૧૯૨૦) અંકો એક હિંદુ ડોકટર મિત્રે લગભગ ૧૫ આજીવન ગ્રાહકોનકરી આપ્યાં તેના પરિણામે નીકળ્યાં!.[૫૯] હાજી અહીં આ પ્રકારના પ્રયત્નો કરવાનું મિત્રને સૂચન કરે છે એમાં 'સદી' માટેની ચિંતા અને એને ટકાવવાનો પુરુષાર્થ જોઈ શકાય છે. હાજીના અસંખ્ય સમર્થ મિત્રો હતા. એમને સૂચન કરાયા હશે અને સૂચનનો અમલ કરવા મિત્રો પ્રવૃત્ત પણ થયા હશે પરંતુ હાજીના અકાળ અવસાને લોકપ્રિય 'સદી'ના લોકખ્યાત સંપાદકના ક્રાંતિકીય ક્ષેત્રે ઝઝુમવાના દિવસો પર પૂર્ણવિરામ મૂકી દે છે એમ રસમાં ડૂબેલા વાચકોને અવનવા વાચનની પ્રેરણા આપનાર 'સદી' પર પણ પૂર્ણવિરામ મુકી દેછે. ચાંપશી ઉદેશી નોંધે છે તેમ : 'હાજીના અવસાન સાથે 'વીસમી સદી' બંધ પડ્યું. મને લાગ્યું કે જાણે મારો રસ અને આનંદ વરાળ થઈને હવામાં ઉડી ગયાં'[૬૦] પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ 'સદી'ના ગૌરવને જાળવનારા હાજીએ 'સદી'ને જે લોકપ્રિયતા અપાવી એ લોકપ્રિયતા ભવિષ્યના તમામ સાહિત્યિક સામયિકો પણ મેળવવા ભાગ્યશાળી બન્યાં નથી. એ અર્થમાં હાજીની સંપાદન નીતિરીતિની વિલક્ષણતા પત્રકારત્વ ક્ષેત્રે હંમેશા યાદ રહેશે.

o '<u>સદીની અન્ય લાક્ષણિકતાઓ</u> :

પ્રસંગોપાત વિશેષાંકો પ્રસિધ્ધ કરવાની 'સદી'ની પરંપરા વિશિષ્ટ હતી. પારસીની નવા વર્ષ પટેટીના પર્વ પ્રસંગે અને દિવાળીના વિશેષાંકો ખરા અર્થમાં,ઉમળકાભેર વિશેષ અંક પ્રકટ કરવાના પુરુષાર્થને છતો કરે છે. આ અંકોની પૃષ્ઠસંખ્યા અને ચિત્રોની બહુલતા ધ્યાનાકર્ષક કહેતી. ૧૯૧૬ ના 'સદી' દિવાળી અંકમાં ૧૧૮ પૃષ્ઠો અને ૭૭ ચિત્રોને જોઈને 'સાહિત્ય' સામયિકે પ્રતિભાવ આપતા નોંધ્યું હતું કે : 'આ કંઈ ગુજરાતની જેવી તેવી સેવા નથી. વળી દિવાળી હિંદુ તહેવાર છે ને ગુજરાતમાં હિંદુઓને હિંદુઓનો હિંદુ માસિક છે છતાં આવો બેનમૂન ખાસ અંક કાઢવાની પહેલ કરવાનું માન આ ઈસ્લામી સાક્ષાર ખાટી ગયા છે'[૬૧] 'સદી'નો ૧૯૨૦ નો દિવાળી અંક પણ ૧૧૪ પૃષ્ઠનો ૭૮ ચિત્રો સાથે પ્રકટ થયેલો આ અંકની ચિત્ર સમૃધ્ધિ 'સાહિત્ય'ને એક એક ચિત્ર ઉડીને આંખે બાઝે એવું તાદૃશ્યને શોભીતુ - સજીવ છે.'[૬૨] એમ કહેવા લલચાવે છે. આવા ખાસ પ્રસંગોએ બહાર પડતા અંકોની

પ્રથમથી જ જાહેરાતો કરવામાં આવતી. લવાજમના દરમાં વધારાની કશી રકમ લીધા વિના આવા સમૃધ્ધ અંકોને પ્રકાશિત કરવાનું 'સદી'એ પ્રારંભથી અંત સુધી શરુ રાખેલું. જુલાઈ-૧૯૨૪ 'સાહિત્ય'ના અંક:૭ માં સુરાજે નોંધ્યુ છે કે સયાજીરાવની જયંતિ નિમિત્તે તેનો ખાસ અંક પ્રકાશિત થયેલો. પરંતુ આવો કોઈ વિશેષાંક 'સદી'એ પ્રકાશિત કર્યો નથી. ગુજરાતી સાહિત્ય પરિષદ-ઈતિહાસ ભાગ :૪ ના પૃષ્ઠ ૧૫૪ પર 'સદી' ધ્વારા 'ખબરદાર અંક' પ્રકાશિત થયાનું નોંધાયુ છે. ખરેખર તો 'ખબરદાર' અંક 'સાહિત્ય' સામયિકે (અંક : ૧૧ નવેમ્બર : ૧૯૩૧) પ્રસિધ્ધ કર્યો હતો. વ્યકિતવિશેષ અંકો પ્રસિધ્ધ કરવાની રીતિ 'સદી'માં જોઈ શકાતી નથી.

જુદાજુદા ક્ષેત્રોની ખ્યાત વ્યકિતઓને અમુક પ્રશ્નો પૂછીએ દરેક મહાનુભાવ પાસેથી તેના પ્રત્યુત્તરો મેળવી એમના જ હસ્તાક્ષરોમાં 'દિલનો એકરાર' નામના વિભાગમાં પ્રકટ કરવાની વિલક્ષણ રીતિ હાજીએ પ્રયોજી હતી. એક પૃષ્ઠમાં પ્રકટ થયેલી પ્રશ્નાવલીઓના ટૂંકા જવાબો એ સમયના વાચકવર્ગને આકર્ષવાનો વ્યાપારી આશય એમાં અછતો રહેતો નથી. આવા જવાબો ટૂંકાક્ષારી (ઓબ્જેકટીવ) રહેવાના કારણે મહાનુભાવોના સમગ્ર વિચારનો કોઈ પુદ્ગલ બાંધી શકાય એમ નહોતો. વળી, એક સવાલ સાથે અન્ય સવાલનો કોઈ સંદર્ભ ન રહેતા આ પ્રશ્નાવલી ઉભડક લાગવા સંભવ છે. વળી, કેટલીક વ્યકિતઓ પાસેથી આવા જવાબો પ્રાપ્ત કરવાના બદલે તેઓ લાંબો લેખ પણ મેળવી શકયા હોત. તે છતા આ પ્રશ્નો કેવા સ્વરૂપને, સંદર્ભને મૂકી આપે છે તે ગુલામહુસેન ખેરાજને પૂછાયેલા પ્રશ્નો અને સ્વહસ્તાક્ષરે એમણે આપેલા ઉત્તરોમાં જોઈ શકાશે.

૧) પુરુષમાં વખાણવા લાયક સદ્ગુણ કયો ? - મનોબળ.

૨) સ્ત્રીમાં વખાણવા લાયક સદ્ગુણ કયો ? - વફાદારી.

૩) જીંદગીની ખરેખરી સફળતા તમે શેમાં માનો છો ? -

- દુ:ખીઓને ન્યાય આપવો.

૪) તમારો મુદ્રાલેખ શો છે ? - હિંમતથી પોતાની ફરજ બજાવવી.

આ નવીન યોજનામાં તેઓ ગાંધીજી પાસેથી પણ જવાબો મેળવવાનું ચૂકયા નથી. જવાબો માત્ર ગુજરાતી મહાનુભાવો પાસેથી જ નહીં પરંતુ યુરોપના વિધ્વાન રસિકોને પણ હાજીએ પ્રશ્નો પૂછીને તેના જવાબો 'સદી'માં પ્રકટ કર્યા હતા. 'યુરોપીયન કલેકટર રોથફીલ્ડે આપેલા જવાબો જયારે પ્રસિધ્ધ થયા ત્યારે પ્રજા છક થઈ ગઈ. કલેકટરનું ગુજરાતી ભાષાનું જ્ઞાન અને અક્ષારોનો મરોડ વિધ્વાન ગુજરાતીઓને પણ નમાવે એવા હતા.'[63] આ સિવાય મીસ ગર્ટ્ડ એચ. ગિબન્સ જેવા વિદેશી મહાનુભાવના અને ગુજરાત તથા અન્ય પ્રાંતના પ્રસિધ્ધ પુરુષો જેવા કે પ્રભાશંકર પટ્ણી, મહંમદઅલી ઝિણા, દિનશાહ એદલજી વાચ્છા, રણછોડરામ ઉદયરામ, સરલાદેવી મુખ્ય છે.

'સદી'ના પ્રથમ પાને જીવનવિચાર મુકાયાના કેટલાક અંકોમાંથી ઉદાહરણ શોધી શકાય એમાં મુખ્યત્વે ભારતમાં ગાંધીજીના આગમન પછી ઉત્કટ બનેલા સ્વદેશપ્રેમની અભિવ્યકિત થયેલી છે. મહાપુરુષોની અવસાન નોંધ એમના જીવન કાર્યોને વર્ણવીને સમુચિત જગ્યામાં પ્રકટ થયેલી જોઈ શકાય છે. 'સદી'ના ગ્રાહકોને કોઈવાર મેનેજરની તો કોઈવાર વ્યવસ્થાપકના નામે સૂચનાઓ પ્રાપ્ત થયેલી છે. વિશેષ અંકો વિશે, અંક મોડા પડવા કે ન મળવા વિશેની આ સૂચનાઓ ગ્રાહકોના વિશ્વાસને ટકાવવા મદદરૂપ થઈ હશે એમાં શંકા નથી. 'સદી'માં કાર્ય કરતા તમામ માણસોના સંપબળે સાહિત્ય સામયિકની દિશા કંડારી આપવાના પ્રયત્નો કર્યા છે.

○ <u>'સદી'નું પ્રદાન :</u>

આગળની ચર્ચાઓમાં 'સદી'ના નવપ્રસ્થાનો અને પ્રદાનોની વાતો કોઈને કોઈ રુપે આપણી સમક્ષા આવ્યા કરી છે, તે છતાં ટૂંકમાં 'સદી'ના સમગ્ર કલેવરમાંથી નીપજતા મર્મ સુધી જઈએ તો જણાશે કે હાજીએ સામયિકના જે આદર્શો ઘડયા એ આદર્શને ચરિતાર્થ કરવાના તમામ પ્રયત્નો 'સદી'માં જોવા મળતા રહ્યા છે. મનોરંજક સામગ્રી સાથે જે પણ કંઈ વિશેષ પ્રકટયું એ 'સદી'નું સત્વ છે. આવું સત્વ કાવ્ય, વાર્તા કે નવલકથા ક્ષેત્રે ઓછું છે એ કારણે એમને મનોરંજનના સામયિક તરીકે ખપાવવાની વૃત્તિ સહેજે જાગે પરંતુ એક વાત તો સ્પષ્ટ છે કે સ્થાતા જતા ઉત્તમને પ્રકટ કરવાની, નવોન્મેષોને ચીંધી આપવાની ક્ષાકીય એવના જે રીતે

'સદી'માં પ્રકટ થયેલી છે એ પેવના એમને સાહિત્યિક પત્રકારત્વના ક્ષેત્રમાં સહજ રીતે જ સ્થાન અપાવી છે છે. વળી, 'સદી'નો પ્રકાશનગાળો એટલો ટૂંકો છે કે એમના ઉદ્દેશો જોતા ભવિષ્યના થોડા વર્ષોમાંજ એ શુધ્ધ સાહિત્યની ઉત્તમ રચનાઓ પ્રકાશિત કરી શક્યું હોત. 'સદી'નું આ માત્ર પ્રસ્થાન બિંદુ હતુ. એમને માત્ર મનોરંજનનો જ આશય સિધ્ધ કરવો હોત તો મુનશી પાસે પાંચપાચ નવલકથાઓના હકક ખરીદવા, મલયાનીલ, મસ્તફકીર, ન્હાનાલાલને વારંવાર લખવા કે રવિશંકર રાવળની ચિત્રકળાને એમણે જરાપણ ઉત્તેજન આપ્યું ન હોત હલકી વૃત્તિને પંપાળે અને પ્રજાવર્ગની હિનરુચિ સંતોષવા ગલગલિયા કરે એવી ચિત્ર, લેખનસામગ્રી તેઓએ આપી હોત. એ પ્રકારની સામગ્રી 'સદી'માં જોવા મળતી નથી જે 'સદી' ના વલણનું દર્શન કરાવી રહે છે.

અન્ય સામયિકોની તુલનાએ વિષય વૈવિધ્યમાં 'સદી' નવા આદર્શો સ્થાપી બતાવે છે. સાક્ષરવર્ગ સુધી સીમિત રહેલા સાહિત્યને પ્રજાના વિશાળ વર્ગ સુધી વિસ્તાર સાધવાના વલણને કારણે 'સદી'એ જે સામગ્રી પ્રકાશિત કરી હતી તેમાં જનસમાજને સાહિત્ય અને કળાભિમુખ કરવાનો યત્ન હતો. પંડિતાઈભરી સંસ્કૃતમય શૈલીને બદલે રોચક શૈલી અપનાવી લોકોને સાહિત્ય અને અન્યકળાઓ તરફ વાળવાનો પુરુષાર્થ 'સદી'ની મનોરંજક સામયિક તરીકેની ટીકાને ભૂંસી નાખે છે. એ સમયમાં કેટલાક ઉંચી પ્રતિના પારસી સામયિકો પ્રકાશિત થતા હતા. પરંતુ તેમા ભાષા ને જોડણી ઉપર દુર્લક્ષ રખાતું જ્યારે 'સદી'માં ભાષાશુદ્ધિ અને સરળતા જોવા મળે છે. નવોદિતોને સત્કારવાના હાજીના વલણે એ નવોદિતોના ઉન્મેષોને એ પ્રકારનું પ્રોત્સાહક વાતાવરણ પૂરુ પાડ્યું કે વાર્તાક્ષેત્રે મલયાનિલ, નવલકથાક્ષેત્રે મુનશી, હાસ્યક્ષેત્રે ઓલિયા જોશી, મસ્તફકીર અને ચિત્રકળામાં અનેક ચિત્રકારો પાસે થી, એમના ઉત્તમ સર્જનો 'સદી' પ્રાપ્ત કરી શકાયું. અનેક જાણીતા અને અજાણ્યાં એવા સર્જકોના સામગ્રી રસથાળથી 'સદી'ને હંમેશા જીવંત રાખવાનો હાજીનો પુરુષાર્થ એ રીતે સફળ થયો હતો. ધીરુભાઈ ઠાકરે યોગ્ય જ નોંધ્યુ છે કે :'ગુજરાત' કે 'વીસમી સદી' જેટલી માતબર રસદાયક સામગ્રી આજે એકપણ માસિક પીરસી શકતું નથી.'[૬૪]

તંત્રી કે સંપાદકને મુદ્રણકળામાં જીવંત રસ હોય તો એનો બહુપરિમાણી લાભ એમના સામયિકના રુપરંગમાં પડયા વિના રહેતો નથી. સાદગીમાં પણ મુદ્રણની અનેક છટાઓને ઉમેરીને 'સદી' અન્ય સામયિકોથી અલગ તરી આવે છે. એ આ કારણથી સચિત્ર સામયિકના પ્રસ્થાન સાથે હાજીએ મુદ્રણક્ષેત્રે જાણે કે એક નવો જ યુગ શરુ કર્યો. એ સચિત્રતા વર્ષોથી સેવેલી ઝંખનાના પરિપાકરુપે અવતરી હોઈને એની ગણના પાશ્ચાત્ય સામયિકો સાથે થવા લાગી. પ્રજાને ચિત્રકળા પ્રત્યે જાગૃત કરવા, ચિત્રકળાના વિશિષ્ટ નમૂનાઓ રજૂ કરવા હાજીના પ્રયત્નોએ ગુજરાતી સામયિકોની દિશાને ફેરવી નાંખી. 'સદી'ના સચિત્ર પાસાં વિશે ભરપૂર ટીકા કરનારા નૃસિંહ વિભાકર 'સદી'ની આ વિશિષ્ટતાને અવગણી શકયા નથી. 'સદી'ની સચિત્રતાને બિરદાવી હાજીને સમુચિત અંજલિ આપતા તેઓએ લખ્યું છે કે :'ગુજરાતના રત્નો તેમજ કોયલાઓને ઉંડા અંધકારમાંથી ખેંચીને પ્રકાશમાં મુકવાનું અપૂર્વ માન 'સદી'ના માલિકને જ છે. 'વીસમી સદી' ન હોત તો પણ્ાયે સાહિત્ય સૂર્યો આથમી ગયા હોત અને ગુજરાતની ચિત્રકળાનું શું ? સાહિત્ય પરિષદે જેટલા વર્ષોમાં ચિત્રકળા માટે નથી કર્યું તેટલા મહિનાઓમાં 'વીસમી સદી' એ કરી બતાવ્યું.'[૬૫]

હાજી પછી 'સદી'ને એના સૌથી મોટા પુત્ર ગુલામહુસેને જુદા જુદા રુપે ચલાવ્યું હતું. 'સદી'ના એ અંકો જનમનરંજન પ્રત્યેના વધુ પડતા પક્ષપાતને કારણે એની કોઈ ખાસ વિશેષતા અંકાતી નથી. તો પણ, ગુલામહુસેનના હાથ નીચે સંપાદિત થયેલા દિવાળી અંકોની સચિત્રતાએ ઘણું ધ્યાન ખેંચેલુ. આ સચિત્રતાએ ગુજરાતમાં સચિત્ર સામયિકોની દિશા આંકી આપી હતી. 'સદી'ની પ્રેરણા લઈને ઉધ્ધવજી ઠકકરે 'ગરવી ગુજરાત' જેવું સચિત્ર સામયિક શરુ કર્યું હતુ. મુનશીએ 'ગુજરાત' અને ચાંપશી ઉદેશીએ 'નવચેતન' શરુ કર્યાના કારણોમાં 'સદી'ની પ્રેરણાનો સ્વીકાર કર્યો છે. તો રવિશંકર રાવળે શરુ કરેલા 'કુમાર' સામયિકની મુદ્રામાં 'સદી'ની કેટકેટલી છાયાઓ જોઈ શકાય છે ! આ તમામ સર્જકો હાજીના પ્રત્યક્ષ સંપર્કમાં મૂકાયા હતા. સંપાદકની નિષ્ઠા, સૂઝબુઝનો પરિચય પણ તેઓ પામ્યા હતા. હાજી જે હેતુને પૂર્ણ ન કરી શકયા એ હેતુઓ અને આદર્શો લઈને આ સામયિકો પ્રવૃત થયા હતા. હાજીના પ્રથમ મેળાપની ક્ષણને યાદ કરી ચાંપશી ઉદ્દેશીએ નોંધ્યુ છે કે :'

હાજીની સંપાદન કલા મને સ્પર્શી ગઈ હતી. મનમાં ને મનમાં હું હાજીનો ભક્ત બની ગયો.'[૬૬] હાજી પ્રત્યેની આ ભક્તિએ જ સામયિક શરુ કરવાનું બીજ આ સર્જકોમાં રોપાય છે. આમ, હાજી ધ્વારા ઘડાયેલા આ સંપાદકો 'સદી'ના આદર્શો સિધ્ધ કરવાની મથામણો શરુ કરે છે. નવા તંત્રીઓને ઘડવાનું અને એક રીતે પત્રકારત્વના વ્યાપને વિસ્તારવાનું કાર્ય હાજીના હાથે થાય છે.

વિધવિધ રસ સામગ્રી અને એમાં દેખાતા હાજીના પ્રયોગશીલ માનસને કારણે, રુપરંગે નવીજ છટાઓને પ્રકટ કરતી ચિત્રમયતાને લીધે તેમજ હાજીની સંપાદકીય નિષ્ઠાને કારણે પંડિતયુગ અને ગાંધીયુગના સંગમસ્થાને ઉભેલું આ સામયિક હંમેશા 'ઘટના' બનીને ચિરંજીવ રહેવા સર્જાયું છે. માત્ર પાંચવર્ષ સુધી (૧૯૧૬ થી ૧૯૨૧) ચાલેલા 'સદી'એ સર્જનક્ષેત્રે જે નવપ્રસ્થાનો કર્યા, લેખકોને ઘડવાની જે ભૂમિકા ઊભી કરી આપી, માહિતીલેખોમાં જીવનના રોજબરોજના ક્ષેત્રોની ગૂંથણી કરી એ આજના સમયે પણ અપૂર્વ લાગવાની સંભાવના નકારી શકાય એમ નથી.

૫૫

— x —


સંદર્ભ

૧ 'ગુજરાત'-૧૯૨૬, અંક : ૪ સુંદરરામ ત્રિપાઠીનો લેખ 'આપણા કેટલાક મહાજનો ૨ હાજી સ્મારક ગ્રંથ-સંપા. રવિશંકર રાવળ, પૃ.૭૦ ૩ 'સાહિત્ય' અંક : ૭, જુલાઈ, ૧૯૨૦, ૪ પંડિત બદરીનાથ ભટ્ - હાજી સ્મારક ગ્રંથ (સંપા. રવિશંકર રાવળ), પૃ.૧૦૪ ૫ હાજી સ્મારક ગ્રંથ - પૃ.૪૬ ૬ એજ - પૃ.૬૬ તથા નીલમ અને પોખરાજ - વિ. ક. વૈદ્ય, પૃ.૧૧૧ ૭ હાજી સ્મારક ગ્રંથ - પૃ.૨ ૮ એજ પૃ.૨૯ ૯ એજ પૃ.૬ ૧૦ નીલમ અને પોખરાજ (૧૯૬૨)- વિ. ક. વૈદ્ય, પૃ.૧૧૩ તથા હાજી સ્મારક ગ્રંથ - પૃ.૬૯ ૧૧ હાજી સ્મારક ગ્રંથ, પૃ.૯ ૧૨ એજ - પૃ.૭૧ ૧૩ એજ - પૃ.૧૩ ૧૪ એજ, લે.ચાંપશી ઉદેશી પૃ.૫૯ ૧૫ એજ લે. મસ્તફકીર, પૃ.૨૩ ૧૬ એજ જુઓ, પૃ.૨૯ ૧૭ એજ, પૃ.૧૭૮ ૧૮ એજ, પૃ. ૧૮૦ ૧૯ એજ પૃ. ૫૬ ૨૦ જુઓ અંક :૧ 'સદી' - ૧૯૧૬ ૨૧ એજ ૨૨ એજ ૨૩ જુઓ 'સાહિત્ય', અંક:૪, એપ્રિલ-૧૯૧૬ ૨૪ એજ. ૨૫ 'સદી', માર્ચ - અંક :૬, ૧૯૧૮ ૨૬ 'સદી' - જુલાઈ અંક :૪, ૧૯૧૮ ૨૭ 'સદી', અંક :૪, જુલાઈ, ૧૯૧૮ ૨૮ જુઓ 'સાહિત્ય' અંક:૭,

જુલાઈ, ૧૯૨૪ ૨૯ 'સદી', અંકઃ૧, એપ્રિલ'૧૯૧૭ ૩૦ હાજી સ્મારક ગ્રંથ, પૃ.૫૧ ૩૧ 'સદી', અંકઃ૫, ફેબ્રુઆરી, ૧૯૧૭ ૩૨ જુઓ 'સાહિત્ય', અંકઃ૧, જાન્યુઆરી ૧૯૨૫ ૩૩ 'સાહિત્ય', અંકઃ૪, એપ્રિલ-૧૯૧૬ ૩૪ હાજી સ્મારક ગ્રંથ, પૃ.૧૭૮ ૩૫ 'સદી', અંકઃ૩, જૂન, ૧૯૧૭ ૩૬ સીધા ચઢાણ (૧૯૪૩) - ક મા. મુનશી, પૃ. ૨૮૧ ૩૭ સ્મૃતિ સંવેદન (૧૯૫૪) - ચાંપશી ઉદેશી, પૃ.૧૬૦ ૩૮ 'પ્રસ્થાન', અંકઃ૧, ૧૯૩૦ લે. કાન્તિલાલ પંડ્યા. ૩૯ હાજી સ્મારક ગ્રંથ - પૃ. ૮૭ ૪૦ 'સદી', અંકઃ૩, ડિસેમ્બર, ૧૯૧૮ ૪૧ હાજી સ્મારક ગ્રંથ, પૃ.૭૪ ૪૨ 'બુધ્ધિપ્રકાશ', અંકઃ૫, મે, ૧૯૧૬ ૪૩ 'સદી' અંકઃ૧, એપ્રિલ, ૧૯૧૭ ૪૪ 'સદી', અંકઃ૧, એપ્રિલ, ૧૯૧૭ ૪૫ જુઓઃ કૌમુદી', પોષ, ૧૯૨૬ ની મનન નોંધ ૪૬ સ્મૃતિ સંવેદન - ચાંપશી ઉદેશી, પૃ.૨૬ ૪૭ ગુજરાતની ગ્રંથસ્થ ચિત્રકળા - બચુભાઈ રાવત, પૃ.૭ ૪૮ હાજી સ્મારક ગ્રંથ - પૃ.૩ ૪૯ એજ, લે. મસ્તફકીર, પૃ.૭ ૫૦ એજ, પૃ.૧૦૪ ૫૧ જુઓઃ 'શારદા' (હિંદી) મે - ૧૯૨૧ ૫૨ હાજી સ્મારક ગ્રંથ, લે. બદરીનાથ ભટ્ટ, પૃ.૫૦૧ ૫૩ 'બુધ્ધિપ્રકાશ', અંકઃ૫, મે, ૧૯૧૬ ૫૪ સ્મૃતિસંવેદન - ચાંપશી ઉદેશી, પૃ.૧૫૯ ૫૫ 'સદી', અંકઃ૧, એપ્રિલ, ૧૯૧૭ ૫૬ 'સદી', અંકઃ૧, એપ્રિલ, ૧૯૧૮ ૫૭ હાજીસ્મારક ગ્રંથ, લે. બદરીનાથ ભટ્ટ, પૃ.૧૦૨ ૫૮ હાજી સ્મારક ગ્રંથ, પૃ.૫૯ ૫૯ એજ, પૃ.૧૮૨ ૬૦ સ્મૃતિ સંવેદન - ચાંપશી ઉદેશી, પૃ.૨૬ ૬૧ 'સાહિત્ય', અંકઃ૧૨, ડિસેમ્બર, ૧૯૧૬ ૬૨ 'સાહિત્ય', અંકઃ૧, જાન્યુઆરી, ૧૯૨૧ ૬૩ 'સાહિત્ય', અંકઃ૭, જુલાઈ, ૧૯૨૪ ૬૪ અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા (સંવ. આ. ૧૯૮૨) - ધીરુભાઈ ઠાકર, પૃ.૬૦૦ ૬૫ હાજી સ્મારક ગ્રંથ, પૃ.૧.

— x —